पहेलां ४० मा श्लोकमां गोपाळ कह्या छे. ॥ ५१ ॥ तेना यदुनाथजी-नामना विख्यात पुत्र थया. श्रीयदुनाथजीना पांच पुत्रो थया. गोपालजी, श्रीबाळकृष्णजी बाळक ज हता, श्रीलक्ष्मणजी, श्रीचिम्मल्लालजी चोथा थया ॥ ५३ ॥ श्रीवल्लभजी ए पांचमा हता. तेमां श्रीलक्ष्मणजीना प्रथम पुत्र श्रीद्वारकानाथजी थया ॥ ५४ ॥ २ गोवर्धनजी, ३ व्रजनाथजी, ४ गोकुलनाथजी, गोपीनाथजी पांचमा थया ॥ ५५ ॥ छठ्ठा रघुनाथजी थया. प्रथम पुत्र द्वारकानाथजीना बाळकृष्णजी थया ॥ ५६ ॥ बीजा पुत्र नथ्थुजी थया. एम वल्लभजीना त्रीजा पुत्रनी संतति कही. ॥ ५७ ॥ तेना छठ्ठा पुत्र व्रजनाथ थया, तेना श्रीगोकुलचंद्र थया. एटलो तेनो वंश कह्यो. ॥ ५८ ॥

श्रीवल्लभजीना सातमा पुत्र गोकुलनाथ पहेलां ४१ मां श्लोकमां कह्या छे, तेनी संततिने कहे छे ॥ ५८ ॥ ते गोकुलनाथजीने प्रथम पुत्र शास्त्रविशारद मथुरानाथजी थया ॥ ५९ ॥ श्रीविट्ठलरायजी २, अने श्रीजीवनजी ३, एम त्रण पुत्रो थया. ॥ ६१ ॥ तेमां श्रीमथुरानाथजीना पांच पुत्रो थया. श्रीगिरिधर, श्रीमुरलीधर ॥ ६२ ॥ व्रजनाथ, श्रीगोकुलनाथ अने गोवर्धन ए नामे पुत्रो थया.

तेमां श्रीगोवर्धनजीना विट्ठलेशजी नामे पुत्र थया. ॥ ६३ ॥ ते विट्ठलनाथजीना ख्यातिवाळा बे पुत्रो थया. मोटा श्रीबाळकृष्ण अने न्हाना गिरिधारीजी ए नामे थया. ॥ ६४ ॥ एम श्रीदामोदरजीना [1]वंशनो विस्तार कह्यो. घणुं करीने आ वंशना बाळकोनी संख्या १०५ थाय छे.

एम श्रीवल्लभाचार्यजीना वंशरूपी कल्पवृक्षमां श्रीविट्ठलनाथजीना पुत्र श्रीगिरिधरजीना पुत्र श्रीदामोदरजीना वंशना विस्तारनुं वर्णन पूरुं थयुं.

हवे श्रीविट्ठलनाथजीना प्रथम पुत्र श्रीगिरिधरजीना २ पुत्र श्रीगोपीनाथजी (दीक्षितजी) ना वंशनो विस्तार नीचे प्रमाणे कहेवाय छे.

चार वेद जेवा चार पुत्रो श्रीगोपीनाथजीना थया. प्रथम श्रीवल्लभजी, तेनुं बीजुं नाम प्रभुजी हतुं. ॥ १ ॥ २ श्रीमथुरानाथजी, ३ श्रीगोविंदजी, अने चोथा श्रीरामकृष्णजी थया. ते बधा कीर्तिवाळा थया. ॥ २ ॥ तेमां श्रीवल्लभजीना रणछोडजी अने मोहनजी नामना बे पुत्रो थया. ॥ ३ ॥ श्रीरणछोडजीना प्रख्यात त्रण पुत्रो १ श्रीगिरिधरजी, २ रघुनाथजी ॥ ४ ॥ श्रीजीवनजी ३ थया. श्रीगिरिधरजीना विख्यात त्रण पुत्रो थया. ॥ ५ ॥ १ श्रीगोपीनाथजी, २ श्रीगोपाळजी, ३ श्रीउत्साजी नामे थया. ॥ ६ ॥ श्रीगोपीनाथजीना प्रभुजी अने मथुरामल्ल नामना बे पुत्रो थया. प्रभुजीना बे पुत्रो थया. तेमनां नाम गिरिधर अने गोविंद हतां. ॥ ७ ॥ श्रीगोविंदना गोपीनाथजी थया. मथुरामल्लना त्रण पुत्रो थया. द्वारकानाथ, गोकुलनाथ, अनिरुद्धजी थया. तेमां गोकुलनाथजीना बे पुत्र थया. विठ्ठलराय अने माधवराय क्रमे करीने तेना नाम हतां. ॥ १० ॥

पहेलां छट्ठा श्लोकमां गोपाळ कह्या छे. तेना गोवर्धन अने घनश्याम नामना बे पुत्रो थया. ते गोवर्धनना वच्छाजी नामना पुत्र थया. घनश्यामजीना पुत्रोनां नाम आगळ कहेवाशे. ॥ ११ ॥ १२ ॥

पहेलां ४ था श्लोकमां रघुनाथजी कह्या छे. ॥ १३ ॥ तेना त्रण पुत्रो थया. तेमां मोटा सर्व शास्त्रने जाणनारा श्रीव्रजनाथजी थया, बीजा व्रजभूषणजी ॥ १४ ॥ अने त्रीजा व्रजराजजी थया. ॥ १५ ॥ श्रीव्रजनाथजीना पुत्र एक थया. ते बाळक हता, तेनुं नाम गोकुलचंद्रजी हतुं. व्रजभूषणजीथी व्रजनाथजी थया. व्रजराजजीना रघुनाथजी नामना प्रसिद्ध पुत्र थया. रघुनाथजीना गोपीनाथजी ॥ १६ ॥ अने व्रजभूषणजी नामना बे पुत्रो थया. त्रीजा श्रीलालजी थया ॥ १७ ॥

पहेलां पांचमा श्लोकमां जीवनजी कह्या छे. तेने मधुसूदन अने विट्ठलनाथ नामना बे पुत्रो थया. ॥ १८ ॥ श्रीविट्ठलनाथजीना पण श्रीदामोदर अने श्रीवल्लभजी

नोट—१ आ दामोदरजीना वंशना श्लोकोमां ग्रन्थकारे जे अंकनिर्देश कर्यो छे ते क्यांक मळतो नथी, तेथी ते ते नामो वांचनारे आगळ पाछलना श्लोकमां जोई लेवां.

नामना बे पुत्रो थया. ॥ १९ ॥ श्रीदामोदरना मोहनजी थया, बीजा व्रजनाथजी थया ॥ २० ॥ ए प्रमाणे श्रीगोपीनाथजीना मोटा पुत्र प्रभुजीनो वंश कह्यो. हवे बीजा पुत्रना वंशनो विस्तार कहेवामां आवे छे. ॥ २१ ॥

श्रीगोपीनाथजीना बीजा पुत्र श्रीमथुरानाथजी थया. तेना त्रण पुत्रो थया. श्रीगिरिधरजी, श्रीगोपाळजी, श्रीपुरुषोत्तमजी एमना नाम हतां. तेमां पुरुषोत्तमजीना बाळकृष्णजी थया. ॥ २२ ॥ आथी बीजा पुत्रनो वंश कहेवामां आव्यो.

हवे श्रीगोपीनाथजीना त्रीजा पुत्रनो वंश कहेवामां आवे छे. ॥२३॥ श्रीगोविंदना त्रण पुत्रो पराक्रमवाळा थया. मुरलीधर समृद्ध थया ॥ २४ ॥ २ बंशीधर अने ३ बाबुरायजी. बाबुरायनुं बीजुं नाम श्रीगोपाळ हतुं. ॥ २५ ॥ तेमां मुरलीधरना चार पुत्रो थया ॥ २६ ॥ १ गोपीनाथ, २ दामोदर, ३ मथुरानाथ अने ४ द्वारकानाथ. ए चारने बे बे पुत्रो बधाने थया. ॥ २७ ॥ गोपीनाथजीना बे पुत्रो, श्रीगोकुलोत्सव अने श्रीलक्ष्मीनृसिंहजी थया ॥ २८ ॥ श्रीगोकुलोत्सवना बे पुत्रो, श्रीगोविंद अने श्रीगोपेन्द्र. श्रीगोविंदने मुरलीधर नामना एक पुत्र थया. ॥ ३० ॥ श्रीमुरलीधरजी श्रीगोकुलमां वास करीने रह्या. ए मुरलीधरजीना त्रण पुत्रो थया. ॥ ३१ ॥ गोकुलोत्सव, गोकुलालंकार अने गोविंद एमनां नाम हतां. ॥ ३२ ॥ श्रीलक्ष्मीनृसिंहजीना नथ्थुजी नामना पुत्र हता. २६ मा श्लोकमां जे दामोदर कह्या छे, तेना बे पुत्रो १ विठ्ठलरायजी, २ जा पुत्र मुरलीधरजी नामना थया. ॥ ३३ ॥ श्रीमुरलीधरना दामोदरजी थया. ॥ ३४ ॥ दामोदरजीने त्रण पुत्रो १ विठ्ठलराय, २ मुरलीधर ॥ ३५ ॥ अने उत्सवजी ए नामथी थया. हवे २७ मा श्लोकमां प्रथम मथुरानाथ कह्या छे ॥ ३६ ॥ तेना व्रजभूषण अने व्रजराज नामना बे पुत्रो थया. ॥ ३७ ॥ फरीने २७ मा श्लोकमां द्वारकानाथ कह्या छे तेने रणछोडजी थया. ॥ ३८ ॥ श्रीचिम्मनजी नामना बीजा पुत्र थया. श्रीचिम्मनजीना छ पुत्रो ॥ ३९ ॥ श्रीद्वारकानाथ, श्रीजगन्नाथ, श्रीगोपालोत्सव, श्रीव्रजवल्लभ, ॥ ४० ॥ श्रीगोकुलनाथ, श्रीव्रजनाथ ए नामे थया. श्रीजगन्नाथना बे पुत्रो रणछोडजी अने गोपीनाथजी नामे थया. तेमां रणछोडजीना द्वारकानाथजी प्रथमपुत्र बीजा वत्साजी थया ॥ ४१ ॥ ४२ ॥ हवे २५ मा श्लोकमां बाबुराय कह्या छे ॥ ४३ ॥ तेनुं स्फुट नाम गोपाल छे. बाबुरायना गोवर्धनेशजी अने हन्नूजी ए बे पुत्रो थया. ए हन्नूजीनुं बीजुं नाम गोकुलाधीश छे. ॥ ४४ ॥ श्रीगोवर्धनेशना त्रण पुत्रो थया. श्रीवल्लभ, अनिरुद्ध अने श्रीबंशीधर नामथी प्रसिद्ध थया. ॥ ४५ ॥ श्रीवल्लभना त्रण पुत्रो श्रीगोवर्धनेशजी, श्रीनथ्थूजी, तेनुं बीजुं नाम गिरिधरजी हतुं ॥ ४६ ॥ माधवरायजी ए नामना त्रीजा पुत्र थया ॥ ४७ ॥ अनिरुद्धना गोकुलचंद्रजी, रणछोडजी, कल्याणरायजी नामना त्रण पुत्रो हता. ॥ ४८ ॥ श्रीबंशीधरजीना पुत्र श्रीबाळकृष्णजी थया. श्रीबाळकृष्णना गोवर्धनेशजी. ॥ ४९ ॥ २ गोकुलेशजी,

३ विट्ठलेशजी एम त्रण पुत्रो थया. श्रीगोवर्धनेशजीने त्रण पुत्र थया ॥ ५० ॥ बंशीधर, मधुसूदन, मथुरानाथ. ४४ मा श्लोकमां जे हन्नूजी कह्या छे ॥ ५१ ॥ तेना चार पुत्रो रामकृष्णजी, लक्ष्मणजी, रणछोडजी अने त्रिकमजी ए नामे थया. ॥ ५२ ॥ श्रीरामकृष्णना राजीवलोचन नामे एक पुत्र थया. ॥ ५३ ॥ राजीवलोचनना जगन्नाथ, यशोदानंदन अने व्रजरत्नजी नामना त्रण पुत्रो थया. ॥ ५४ ॥ एम गोपीनाथजीना गोविंदजीनो वंश कह्यो. ॥ ५५ ॥

रामकृष्ण नामना ४ था पुत्रनो वंश कहेवाय छे. पहेलां बीजा श्लोकमां रामकृष्णजी कह्या छे ॥५६॥ तेने चार पुत्रो, तेमां मोटा राजीवलोचन, जगन्नाथ २, रंगनाथ ३, थया. ॥ ५७ ॥ चोथा घनश्याम थया. राजीवलोचनना द्वारिकेश नामना एक पुत्र थया. जगन्नाथजीना चार पुत्रो १ श्रीगिरिधरजी, २ श्रीकृष्णचन्द्र, ३ व्रजाभरण अने ४ माधवरायजी नामे थया. ॥ ५९ ॥ गिरिधरजीना जगन्नाथ अने रंगनाथ नामना बे पुत्रो थया. श्रीव्रजाभरणना चार पुत्रो थया. ॥ ६० ॥ व्रजपाळ, गोपाळ, व्रजेश्वर अने व्रजालंकार ए नामवाळा थया. ॥ ६१ ॥ व्रजपाळना श्रीविट्ठलनाथजी थया. श्रीगोपाळना रामकृष्णजी थया ॥६२॥ बीजा माधवरायजी थया. ॥ ६३ ॥ व्रजेश्वरना लालजी नामना पुत्र थया. व्रजालंकारना नथ्थूजी, बीजा रंगनाथ थया. ॥ ६४ ॥ त्रीजा श्रीलालजी थया. ५९ मा श्लोकमां प्रथम माधवरायजी कह्या छे ॥ ६५ ॥ तेमना पुत्र श्रीकल्याणरायजी थया. ५७ मा श्लोकमां जे रंगनाथजी कह्या छे ॥ ६६ ॥ तेने त्रण पुत्र यदुनाथ, व्रजरत्न अने श्रीकृष्ण थया. ॥६७॥ श्रीयदुनाथजीना व्रजाधीशजी, प्रद्युम्नजी ॥६८॥ अने श्रीचिम्मनजी ए त्रण पुत्रो थया. श्रीचिम्मनजीनुं बीजुं नाम श्रीव्रजपति हतुं. ॥ ६९ ॥ श्रीव्रजाधीशना व्रजनाथजी थया. श्रीचिम्मनजीना बे पुत्रो श्रीगोकुलेश अने श्रीविट्ठलेश थया. श्रीविट्ठलेशना व्रजाधीशजी थया. ॥ ७० ॥ चिम्मनजी, तेनुं बीजुं नाम व्रजपति छे. ॥ ७१ ॥ अने जीवनजी ए त्रण पुत्रो थया. ६६ मा श्लोकमां जे कृष्ण नामथी कहेवाया छे ॥७२॥ तेने जीवनजी, गोपेश्वरजी अने अच्युतरायजी ए नामना त्रण पुत्रो थया. बाळकोनी संख्या १४० श्रीगोपीनाथजीना वंशनी घणुं करीने थाय छे.

एम श्रीवल्लभवंशकल्पवृक्षमां श्रीविट्ठलनाथजीना प्रथम पुत्र श्रीगिरिधरजीना तृतीय पुत्र श्रीगोपीनाथजीदीक्षितजीना वंशनो विस्तार कहेवामां आव्यो.

अथ श्रीविट्ठलनाथदीक्षितना द्वितीयपुत्र श्रीगोविंदरायजीना वंशनो विस्तार कहेवाय छे. ॥ १ ॥

श्रीगोविंदरायजीने प्रसिद्ध पुत्रो चार हता. कल्याणरायजी, श्रीगोकुलोत्सवजी, ॥ २ ॥ कृष्णरायजी अने लक्ष्मीनृसिंहजी ए तेमनां नाम हतां. श्रीकल्याणरायजीना बे पुत्रो श्रीहरिरायजी अने श्रीगोपेश्वरजी तेनां नाम हता. ॥३॥ तेमां श्रीहरिरायजी

रसना गुप्ततत्त्वने जाणनार हता. बन्ने प्रसिद्धि पामेला हता. ॥ ४ ॥ श्रीहरिरायजीने त्रण पुत्रो हता. गोविंदराय, विट्ठलेशराय ॥ ५ ॥ अने गोराजी तेमनां नाम हता. श्रीगोपेश्वरना यशोदानंदन नामना पुत्र थया. ॥ ६ ॥ हवे गोविंदरायजीना तृतीय पुत्रनो वंश कहेवाय छे. कृष्णरायना गोवर्धन, गोकुलालंकार अने माधवरायजी नामना त्रण पुत्रो हता. ॥ ७, ८ ॥ तेमां गोकुलालंकारना व्रजेश्वर अने हरिजी नामना बे पुत्रो थया. ॥ ९ ॥ व्रजेश्वरजीना गोकुलालंकार थया. माधवरायजीना कृष्णरायजी थया. ॥ १० ॥ एम गोविंदरायजीना त्रीजा पुत्रनी संतति कही. हवे चोथा लक्ष्मीनृसिंहजीना वंशने कहे छे. ॥ ११ ॥ श्रीलक्ष्मीनृसिंहजीने लालमणि अने अच्युतरायजी नामना बे पुत्रो थया. ॥ १२ ॥ श्रीलालमणिजीना व्रजानंद थया. आटलो गोविंदरायना वंशनो विस्तार कह्यो. एमां कुल २१ बालको कह्या.

इति श्रीवल्लभाचार्यवंशकल्पवृक्षमां श्रीविट्ठलनाथजीदीक्षितना द्वितीयतनुज गोविंदरायजीना वंशनो विस्तार संपूर्ण.

हवे श्रीविट्ठलनाथजीना तृतीय पुत्र श्रीबालकृष्णजीना वंशनो विस्तार कहेवाय छे.

श्रीविट्ठलनाथजीना त्रीजा पुत्र बालकृष्णजी साक्षात् वेदमूर्ति थया. ॥ १ ॥ वेदना जेम व्याकरणादि षडंग छे तेम श्रीबालकृष्णना छ अंगरूप छ पुत्रो थया. श्रीद्वारिकेशजी, श्रीव्रजनाथजी, व्रजभूषणजी ॥ २ ॥ पीतांबरजी, व्रजालंकारजी ॥ ३ ॥ अने पुरुषोत्तमजी ए तेमना क्रमवार नाम हतां, तेमां प्रथम श्रीद्वारिकेशजीना अनिरुद्धजी अने गिरिधरजी बे पुत्रो हता. ॥४॥ श्रीगिरिधरलालना पुत्र द्वारकानाथजी थया. ॥ ५ ॥ एम बालकृष्णजीना मोटा पुत्रनो वंश कह्यो. तेमना बीजा लालजी व्रजनाथजी थया. ॥६॥ तेना पुत्र श्रीकृष्णचंद्रजी शास्त्रजाणनारमां उत्तमोत्तम थया, श्रीबालकृष्णजीना त्रीजा पुत्र व्रजभूषणजी थया. ॥ ७ ॥ तेना श्रीगोपालजी थया. श्रीगोपालजीना श्रीवल्लभजी थया. ॥ ८ ॥ श्रीवल्लभजीना गुणरत्नना सागर जेवा व्रजभूषण मोटा अने नाना भाई गोपालजी ए बे पुत्रो थया. ॥ ९ ॥ व्रजभूषणना गिरिधरजी अने द्वारकानाथजी नामना बे पुत्रो थया. ॥ १० ॥ श्रीगिरिधरलालना गुणरूपी रत्नोना समुद्ररूप व्रजभूषण मोटा पुत्र थया. ॥ ११ ॥ बीजा बालकृष्णजी अने त्रीजा श्रीवल्लभजी थया. ॥ १२ ॥ श्रीव्रजभूषणजीने व्रजनाथ अने मुरलीधर नामना बे पुत्रो थया. ॥ १३ ॥ श्रीव्रजनाथजीना विट्ठलनाथ, कल्याणरायजी ॥ १४ ॥ अने गोकुलनाथजी नामक त्रण पुत्रो थया. श्रीविट्ठलनाथजीना व्रजभूषणजी थया. ॥ १५ ॥ बीजा गोवर्धन थया. श्रीगोकुलनाथजीना पुरुषोत्तमजी थया. श्रीवल्लभजीना श्रीगोपालजी थया. ॥ १६ ॥ श्रीगोपालना पुनः वल्लभजी थया, बीजा व्रजवल्लभजी थया ॥१७॥ ए रीते बालकृष्णजीनां त्रीजा पुत्रनी संतति कही. चोथा पीतांबरजीनो वंशविस्तार हवे कहेवाय छे. श्रीश्यामलजी, यदुपतिजी ए नामे श्रीपीतांबरजीना बे

पुत्रो थया. ॥ १९ ॥ श्यामलना व्रजराय अने व्रजपाल नामक २ पुत्र थया. ॥२०॥ श्रीयदुपतिना पुनः पीतांबरजी थया. श्रीपीतांबरजीना पुत्र श्रीपुरुषोत्तमजी थया. ॥२१॥ जेमणे भाष्यादि ग्रंथो उपर टीकाओ करी, वेद तथा शास्त्रना मोटा अभ्यासी थया. एम श्रीबालकृष्णजीना चतुर्थ लालजीना वंशनुं वर्णन कर्युं. ॥ २२ ॥ हवे ते श्रीबालकृष्णजीना पंचम पुत्र श्रीव्रजालंकारजीना वंशनो विस्तार कहेवाय छे. श्रीव्रजालंकारजीना श्रीविट्ठलेश अने श्रीगोकुलेश नामना बे पुत्रो थया. ॥ २३ ॥ श्रीविट्ठलेशना चार पुत्रो थया. ॥ २४ ॥ वल्लभ, मुरलीधर, रणछोड अने व्रजालंकार एवा क्रमथी तेमना नाम हतां. ॥ २५ ॥ वल्लभजीना श्रीबालकृष्णजी, व्यंकटेश, अने त्रिमल्ल नामना त्रणा पुत्रो थया. ॥ २६ ॥ श्रीबालकृष्णजीना द्वारिकेश्वर नामे पुत्र थया. मुरलीधरना पुरुषोत्तम अने पीतांबर नामे बे पुत्रो थया. ॥ २७ ॥ पुरुषोत्तमना बे पुत्रो थया. दामोदरजी मोटा ॥ २८ ॥ गोवर्धनजी नामा पुत्र थया. श्रीरणछोडजीना अनिरुद्ध अने वल्लभजी नामना बे पुत्रो थया. ॥ २९ ॥ श्रीअनिरुद्धना गोकुलचन्द्र नामे पुत्र थया. गोकुलचंद्रना श्रीगोकुलनाथजी थया. ॥ ३० ॥ २४ मा श्लोकमां आगल व्रजालंकार कह्या छे तेना १ व्रजजीवनजी ॥३१॥ २ व्रजवल्लभजी, व्रजानंदजी अने व्रजसुंदरजी एम चार पुत्रो थया. ॥ ३२ ॥ श्रीव्रजवल्लभजीना गोकुलाधीशजी नामे पुत्र थया. एम श्रीबालकृष्णजीना पंचम पुत्रनो वंश कह्यो. ॥ ३३ ॥ हवे छट्टा पुरुषोत्तमजीनो वंश कहेवाय छे. श्रीपुरुषोत्तमजीना श्रीबालकृष्णजी थया. ॥ ३४ ॥ ए प्रकारे श्रीविट्ठलनाथ दीक्षितनां त्रीजा लालजी बालकृष्णजीना वंशनो विस्तार कह्यो. ॥ ३५ ॥ तेमां कुल बालक ५८ नी संख्या घणुं करीने कहेवामां आवी.

एम श्रीवल्लभाचार्यना वंशरूपी कल्पवृक्षमां श्रीविट्ठलनाथदीक्षितना त्रीजा पुत्र श्रीबाळकृष्णजीना वंशनो विस्तार पूरो थयो.

हवे श्रीविट्ठलनाथजीना चतुर्थ पुत्र श्रीगोकुलनाथजीनो वंशविस्तार कहेवाय छे.

श्रीविट्ठनाथजीना चतुर्थ पुत्र श्रीगोकुलनाथजीना वंशने कहुं छुं ॥ १ ॥ श्रीगोकुलनाथजीने गोपाललाल, विट्ठलराय अने व्रजरत्नजी नामना त्रण पुत्रो हता. ॥ २ ॥ तेमां श्रीविट्ठलरायना गोवर्धनेशजी थया. ॥ ३ ॥ ए गोवर्धनेशजीने व्रजपति, व्रजाधीश ॥ ४ ॥ गोपिकाधीश अने वल्लभ नामना चार पुत्रो थया. एटलो श्रीगोकुलनाथजीनो वंश कहेवायो. ॥ ५ ॥ एमां नव बालक थयां एम अटकळे कही शकाय, माटे मूळ श्लोकमां प्रायेण शब्द बधा वंशनी संख्यामां वंशवर्णनकारे वापर्यो छे, एनुं तात्पर्य एज के आ तो लख्या उपरथी कहेवुं छे. पण भाषा लखनार भूल्यो होय तो तेनो उतारो करनारमां पण ते भूल आवे, एथी निश्चयात्मक नथी कह्युं.

एम श्रीमहाप्रभुजीना वंशवर्णनरूप कल्पवृक्षमां श्रीविट्ठलनाथजीना चतुर्थ पुत्र श्रीगोकुलनाथजीना वंशनुं वर्णन समाप्त थयुं.

अथ श्रीविट्ठलनाथजीना पंचम पुत्र श्रीरघुनाथजीना वंशना विस्तारनो आरंभ करवामां आवे छे.

तेमां श्रीरघुनाथजीमहाराजने पांच पुत्रो थया. ॥१॥ देवकीनन्दनजी, गोपाळजी, जयदेवजी, यशोदानंदनजी ॥ २ ॥ अने द्वारकानाथजी पांचमा पुत्र हता. तेमां मोटा देवकीनंदनने ३ पुत्रो रघुनाथजी, लक्ष्मणजी अने वल्लभजी थया ॥ ४ ॥ रघुनाथना देवकीनंदन थया, ए एक प्रथम थई गया छे, एटले पुनः फरीने थया एम कह्युं छे. श्रीलक्ष्मणजी महाराजना चिम्मनलालजी थया. ॥ ५ ॥ ए चिम्मनलालजीनुं बीजुं नाम श्रीकृष्णजी हतुं. वल्लभजीने श्रीगोकुलनाथजी ॥ ६ ॥ विट्ठलेशजी अने जयदेव नामक त्रण पुत्रो हता. ॥ श्रीगोकुलनाथना श्रीगोपाळ नामे पुत्र थया ॥ ७ ॥ श्रीविट्ठलेशजीना श्रीगिरिधर अने श्रीवल्लभ नामे बे पुत्रो थया. ॥ ८ ॥ श्रीसुबोधिनी उपर लेख एमनो करेलो छे. श्रीगिरिधरजीना द्वारकानाथ अने विट्ठलनाथ ए बे पुत्रो थया. ॥ ९ ॥ श्रीद्वारकानाथना छ पुत्रो थया. ॥ १० ॥ रघुनाथजी, गिरिधरजी, गोविंदजी, बालकृष्णजी ॥ ११ ॥ गोकुलनाथजी अने यदुनाथजी ए क्रमथी एमनां नामो हता. श्रीगिरिधरना देवकीनंदन थया. ॥१२॥ देवकीनंदनजीने द्वारकानाथजी, चिम्मनजी ॥ १३ ॥ (बीजुं नाम घनश्यामजी हतुं,) अने विट्ठलेशजी नामना त्रण पुत्रो थया. ॥ १४ ॥ पहेलां सातमा श्लोकमां जयदेवजी कह्या छे, तेना गोकुलचंद्र अने गोकुलनाथ नामना बे पुत्रो थया. ॥ १५ ॥ श्रीगोकुलचंदना बालकृष्णनामे थया. ॥ १६ ॥ एम श्रीरघुनाथजीना मोटा पुत्रनो वंश पूरो थयो. गोपाल नामना द्वितीय पुत्रनो वंश हवे कहेवाय छे. ॥ १७ ॥ ए गोपालना पुत्र गोपेन्द्र थया. पुनः गोपेन्द्रना गोपाल थया. बीजा जयदेव थया. ॥ १८ ॥ एम श्रीरघुनाथजीना द्वितीय पुत्रनो वंश संपूर्ण थयो. त्रीजा अने चोथा पुत्रने संतान हतुं एम सांभळवामां नथी. पांचमा द्वारकानाथजीना पुत्र श्रीगोकुलचंद्र थया. ॥२०॥ ए बहु प्रसिद्ध पुरुष गणाता. श्रीगोकुलचंद्रना रघुनाथजी थया. ॥ २१ ॥ एम श्रीविट्ठलनाथजीना पंचम पुत्र श्रीरघुनाथजीना वंशनुं वर्णन कर्युं. हवे छठ्ठा श्रीयदुनाथजीनो वंश कहिशुं. ॥२२॥ रघुनाथजीना वंशमां घणुं करीने ३७ पुरुषो उत्पन्न थया छे.

एम श्रीमहाप्रभुजीना वंशरूपकल्पवृक्षमां श्रीगुसांईजी श्रीविट्ठलनाथजीना पंचमपुत्र श्रीरघुनाथजीना वंशनो विस्तार पूर्ण थयो.

हवे श्रीविट्ठलनाथजीना छठ्ठा पुत्र श्रीयदुनाथजीना वंशनुं वर्णन विस्तारथी करीए छीए.

श्रीयदुनाथजी—महाराजजीने रामचंद्र, मधुसूदन, जगन्नाथ, बालमुकुन्द अने गोपीनाथ ए नामना पांच पुत्रो थया. ॥१॥२॥ तेमां मधुसूदनजीना प्रद्युम्न, मुरलीधर, विट्ठलेश, अने श्रीमणिनामना चार पुत्रो थया. ॥ ३ ॥ श्रीप्रद्युम्नना द्वारकानाथ

अने विट्ठलनाथ नामना बे पुत्र थया. ॥ ४ ॥ श्रीविट्ठलनाथना प्रद्युम्न अने मधुसूदन नामना बे पुत्रो थया. ॥५॥ श्रीप्रद्युम्नना यदुनाथ, विट्ठलनाथ, मुरलीधर अने दामोदर नामना चार पुत्रो थया. ॥ ६ ॥ यदुनाथजीना श्रीगोकुलनाथजी थया. ॥८॥ वळी श्रीगोकुलनाथना प्रद्युम्नजी थया. विट्ठलनाथजीना पुरुषोत्तम, कल्याणरायजी, गोपीनाथजी, गोपालजी अने गिरिधरजी ए नामना पांच पुत्रो थया. ॥९॥ पुरुषोत्तमजी महाराजने काशीमां कल्याणराय अने जीवणलाल नामना बे पुत्रो थया. ॥ ११ ॥ तथा त्रीजा मथुरानाथजी थया ॥१२॥ तेनुं बीजुं नाम गोकुलोत्सव हतुं. गोपालना पुत्र श्रीलालजी हता. ॥ १३ ॥ सातमा श्लोकमां श्रीमुरलीधर कह्या छे. बालकृष्णजी, विट्ठलनाथजी, गोवर्धनजी, मधुसूदनजी अने गोविंदजी नामना पांच पुत्रो ते मुरलीधरजीना थया. ॥ १४ ॥ प्रथम आठमा श्लोकमां दामोदर कह्या छे. तेना यदुनाथजी नामे एक पुत्र थया. छट्ठा श्लोकमां प्रथम मधुसूदन कह्या छे तेना द्वारकानाथजी नामना एक पुत्र थया छे. ॥ १८ ॥ प्रथम ३ जा श्लोकमां मुरलीधरजी कह्या छे. तेने वल्लभ नामे एक पुत्र थया. प्रथम चोथा श्लोकमां विट्ठलेशजी कहेवाया छे. तेना एक गोकुलमणिनामे पुत्र थया. ॥२०॥ प्रथम चोथा श्लोकमां श्रीमणिजी कहेवामां आव्या छे. तेना पुत्रो माधवराय, गोपाल, पुरुषोत्तम अने कल्याणरायजी ए चार थया. श्रीपुरुषोत्तमजीना यदुनाथ नामना एक पुत्र थया. ॥ २२ ॥ श्रीकल्याणरायजीना गिरिधरजी, व्रजपाळजी, मोहनजी एम त्रण पुत्रो थया. ॥ २३ ॥ तेमां श्रीगिरिधरजीना जीवनजी, जगन्नाथजी, व्रजनाथजी ए त्रण पुत्रो थया. ॥ २४ ॥ एम श्रीयदुनाथजीना बीजा पुत्रनो वंश कहेवायो. पांचमा गोपीनाथजीनो गोपाळमणि नामनो पुत्र थयो. ॥ २६ ॥ ते एक पण बहु विख्यात थया. एम श्रीगुसांईजीना छट्ठा लालजी यदुनाथजीनो वंश कह्यो. श्रीयदुनाथजीना वंशना बालको ५० थाय छे. ॥ २७ ॥

एम श्रीवल्लभाचार्यना वंशरूपकल्पवृक्षमां श्रीविट्ठलनाथजीना छट्ठा पुत्र श्रीयदुनाथजीना वंशनो विस्तार संपूर्ण थयो.

हवे श्रीविट्ठलनाथजीना सप्तम पुत्र श्रीघनश्यामजीना वंशनो विस्तार कहेवामां आवे छे.

हवे श्रीगुसांईजीना सप्तम पुत्र श्रीघनश्यामजीना वंशनुं हुं वर्णन करुं छुं. ॥ १ ॥ घनश्यामजीनां व्रजपालजी अने चाचागोपीशजी एम बे पुत्र थया. ॥ २ ॥ श्रीचाचागोपीशजीना चार पुत्रो प्रख्यात थया. उपेंद्र, श्रीगोपाल, श्रीकान्त अने श्रीरमण, एमना क्रमथी नामो हतां ॥ ३ ॥ श्रीरमणथी श्रीव्रजोत्सव नामनो सर्वज्ञ पुत्र थया. ते दानी होवाथी ख्याति पामेला हता. बीजा पण तेना गुणो जगतमां प्रसिद्ध हता. ॥ ४ ॥ श्रीव्रजोत्सवना पुत्र श्रीव्रजरमण नामे थया. एम आ वंशमां नवरत्न प्रकट थयां. ॥ ५ ॥

एम श्रीवल्लभाचार्यना वंशरूपकल्पद्रुममां श्रीविट्ठलनाथजीना सप्तम पुत्र श्रीघनश्यामजीना वंशनो विस्तार पूर्ण थयो.

आ कल्पवृक्ष ३, ४, ८ अने चंद्र एटले एक; अंकनी वामगति गणाय ते प्रमाणे लखतां १८४३ मा वर्षमां जेठ मासनी शुदि २ ने सोमवारे आ वंशकल्पद्रुम लखाई गयुं, पूरुं थयुं.

श्रीविट्ठलनाथजी–श्रीगुसांईनाथजीना पुत्रो.

१	श्रीगिरिधरजीनां वंशना रत्नो	२४७
२	श्रीगोविन्दजीना वंशना रत्नो	२१
३	श्रीबालकृष्णजीना वंशना रत्नो	५८
४	श्रीगोकुलनाथजीना वंशना रत्नो	९
५	श्रीरघुनाथजीना वंशना रत्नो	३७
६	श्रीयदुनाथजीना वंशना रत्नो	५०
७	श्रीघनश्यामजीना वंशना रत्नो	९
		४३१

श्रीमदाचार्यचरणना वंशना केटला बालको थया तेनी संख्यानो निश्चय थयो नथी. तो पण आ वंशावलीमां ४३१ नी संख्या लखी छे. जे श्री आचार्यकुलमां रत्नो प्रकट्या छे, ते बधाने प्रणामपूर्वक हूं प्रार्थना करुं छुं के आप करुणाना सागर छो, तो आपना चरणमां मने रति रही आवे एवी मारी दीनभावथी प्रार्थना छे. तेने कृपाबलथी सफल करो एवी मारी विनति छे.

गुणरत्ननां अमृतना सागर एवा श्रीव्रजभूषणजी महाराजे मारो अंगीकार कर्यो छे. तेथी हुं नामथी तो निर्भयराम छुं, छतां अन्वर्थ नामवालो तेमना अंगीकारथी थयो. ते में (निर्भयरामभट्टे) आ कल्पवृक्ष तैयार कर्यो छे.

संवत १८४३ ना जेठ शुदि २ आ कल्पवृक्ष कर्यो छे. जेणे बीज वाव्युं, तेमांथी कल्पवृक्ष थयुं. अने तेने पुनः फल आव्युं त्यांसुधी जेणे तेने पोषण आप्युं छे, ए मारा नाथ तेने छोडशे नहि.

मार्गशीर्ष शु. २ गुरुवारे देवेश्वरना पुत्र इच्छारामे पोताने भणवा माटे अने परोपकार करवामाटे आ ग्रंथ लख्यो छे.

कल्याणमस्तु.

श्रीमद्वल्लभाचार्यजीनां वंशनी वंशावली. गुजराती मास तिथि.

चालु नंबर.	वंशावलीनो नंबर.	वरस संवत.	पेढी.	बाळकोनां नाम.		अेमने केटलां बाळक प्रकट्यां.	तेमनां वंशावली प्रमाणे नंबर.

चैत्र मास—वदि ११ मां बाळक २२.

श्रीमहाप्रभुजीनो उत्सव. केसरी वस्त्र. कुलेह. मोरपिच्छनी जोड. राजभोगमां तिलक. शृंगार सामग्री सब श्रीगुसांईजीना उत्सव प्रमाणे.

१	१	१५३५	१	श्रीमद् वल्लभाचार्यजी		२	नं. २-३ ना बे लालजी प्रकट्या.
२	६४७	१६५२	५	श्री विट्ठलरायजी	नं. ६४१ के त्रीजे.	०	
३	८०३	१६६०	५	,, प्रद्युम्नजी	नं. ७९८ के प्रथम.	२	नं. ८०८, ८०९
४	७२१	१७७०	८	,, लालजी	नं. ७२४ के लालजी.	०	
५	७७६	१७८५	९	,, बाळकृष्णजी	नं. ७७१ के चोथे.	१	नं. ७८४.
६	५११	१८०१	९	,, दामोदरजी	नं. ५१० के लालजी.	०	
७	२०५	१८९४	१४	,, लालजी	नं. १९९ के दुजे.	०	
८	२०७	१८९७	१४	,, लालजी	नं. १९९ के चोथे.	०	
९	८४४	१८९९	१२	+,, गोवर्धनेशजी	नं. ८३८ के पांचमे.	०	
१०	८४५	१९०१	१२	+,, गोविंदजी	नं. ८३८ के छठे.	०	
११	२१०	१९०१	१४	श्रीलालजी	नं. १९९ के सातमे.	०	
१२	२११	१९०३	१४	श्रीलालजी	नं. १९९ के आठमे.	०	
१३	३१६	१९०४	१३	श्रीलाडलेशजी	नं. ३१२ के दुजे.	०	शेरगढवाले.
१४	८२४	१९०४	१२	श्रीलालजी	नं. ८२१ के दुजे.	०	
१५	३१७	१९०८	१३	श्रीलालजी	नं. ३१२ के त्रीजे.	०	

१६	३१८	११२०	१३	श्रीलालजी	नं. ३१२ के चोथे.	०
१७	३१९	११२३	१३	श्रीलालजी	नं. ३१२ के पांचमे.	०
१८	३२७	११९९	१३	श्रीलालजी	नं. ३१४ के प्रथम.	०
१९	३२८	११२१	१३	श्रीलालजी	नं. ३१४ के दुजे.	०
२०	८५५	१९५६ ?	१४	+श्रीलालजी	नं. ८५१ के त्रीजे.	०
२१	१५३	१९८२	१६	श्रीलालजी	नं. १५१ के दुजे.	०
२२	८६३	१९८६	१५	श्रीलालजी	नं. ८६२ के प्रथम.	०

चैत्र वदि १२ मां बाळक ४.

शृंगार सब पहेले दीनको. गरमी बहोत होय तो पिछोडा धरावनो.

१	७९४	१६७५	५	श्रीद्वारउत्सवजी	नं. ७५७ के लालजी.	०
२	२८२	१७८४	९	श्रीबालकृष्णजी	नं. २८० के दुजे.	०
३	४७४	१८८७	१२	श्रीलालजी	नं. ४६८ के पांचमे.	०
४	*१२२	११९५	१६	श्रीगोवर्धनेशजी ते श्रीमधुसूदनजीनं १०० बाळाना लालजी. सुरतना.		०

+ तिथि नहि मळवाथी वदि ११ मां लीधा छे. * नीचे लाईनवाळा बाळको हाल बिराजमान छे.

चालु नंबर.	वंशावलीनो नंबर.	वरस संवत.	पेढी.	बाळकोनां नाम.	अेमने केटलां बाळक प्रकट्यां.	तेमनां वंशावली प्रमाणे नंबर.
चैत्र वदि १३ मां बाळक १.						
वस्त्र, कसुँभी, पिछोडा, पाघ, गोळ.						
१	२८४	१७९०	९	श्रीचिमनजी नं. २८० के चोथा.	०	
चैत्र वदि १४ मां बाळक १.						
धोती उपरना, पाघगोळ, ठाडे वस्त्र हरे.						
१	३६४	१८५९	१०	श्रीजीवनजी नं. ३६३ के लालजी.	०	

□ आ नं. ३५१ वाळा श्री गोर्धनेशजीनी गोद गया छे; अने एमणे नं. ४८९ वाळा श्रीगोकुळनाथजी (मुंबई वाळाने) ने गोद लीधा छे. □

चैत्र वदि ३०)) मां बाळक १.						
वस्त्र गुलेनार, श्रृंगार मुकुट काछनी.						
१	४२३	१७९१	८	श्रीविट्ठलेशजी नं. ३७४ के दुजे.	२	नं. ४२४-४२५.
चैत्र वदि १ मां ३ बाळक थया.						
श्रीमहाप्रभुजीकी वधाई बैठे. वस्त्र केसरी धोती उपरना, कुल्हे जोड चमकनो.						
१	३६९	१६७५	५	श्रीरामकृष्णजी नं. ३६५ के चोथे.	४	नं. ४३४, ४३५, ४३६, ४३७.
२	१४७	१९३१	१५	श्रीलालजी नं. १४० के प्रथम.	०	
३	*८८३	१९५६	१४	श्रीद्वारिकेशजी नं. ८८१ के दुजे.	०	

* नीचे लाईनवाळा बाळको हाल बिराजमान छे.

श्रीकृष्णाय नमः ।

❀ श्रीमद्वल्लभाचार्यजीना वंशनी वंशावली. गुजराती मास तिथि.

× आ निशानीवाळा महाराज हाल बिराजमान छे.

चालु नंबर.	बालकोनां नाम.	पेढी.	गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीना नंबर.
१	श्रीमद्वल्लभाचार्यजी, श्रीलक्ष्मणभट्टजी सोमयाजीने त्यां प्रकट्या	१	चैत्र वदि ११, १५३५	२	१	०	नं. २–३
२	श्रीगोपीनाथजी, श्रीवल्लभाचार्यजीना प्रथम लालजी	२	भाद्र. व. १२, १५६७	१	१	०	नं. ४
३	श्रीविठ्ठलनाथजी (श्रीगुसांइजी), श्रीवल्लभाचार्यजीना बीजा लालजी	२	मार्ग. व. ९, १५७२	७	२	४	नं. ५,६४०,६६४, ७४५,७५४,७९७,९१२
४	श्रीपुरुषोत्तमजी, श्रीगोपीनाथजी नं. २ ना लालजी	३	भाद्र. व. ८, १५८७	०	१	०	
५	श्रीगिरिधरजी, श्रीगुसांइजी नं. ३ ना प्रथम लालजी	३	कार्तिक शु. १२, १५९७	३	१	०	नं. ६–७–३६५
६	श्रीमुरलीधरजी, श्रीगिरिधरजी (५) ना प्रथम ला.	४	आश्विन शु. १०, १६३०	०	१	०	
७	श्रीदामोदरजी, श्रीगिरिधरजी (५) ना बीजा ला.	४	श्रावण शु. १५, १६३२	२	१	०	नं. ८–९
८	श्रीबालकृष्णजी, श्रीदामोदरजी (७) ना प्रथम ला.	५	भाद्रपद व ५, १६५४	०	१	०	
९	श्रीविठ्ठलेशरायजी, श्रीदामोदरजी (७) ना बीजा ला.	५	श्रावण शु. १४, १६५७	४	१	०	नं. १० थी १३
१०	श्रीगिरिधारीजी, श्रीविठ्ठलेशरायजी (९) ना प्रथम ला.	६	वैशाख शु. ७, १६८९	१	१	०	नं. १४
११	श्रीगोविंदजी ,, ,, ना बीजा ला.	६	मार्ग. व. १२, १६९७	२	१	०	नं १६६–१६७
१२	श्रीबालकृष्णजी ,, ,, ना त्रीजा ला.	६	श्रावण शु. ४, १७००	२	१	०	नं. १७५–१७६
१३	श्रीकाकावल्लभजी ,, ,, ना चोथा ला.	६	श्रावण व. १४, १७०३	७	१	०	१७९ थी १८५

* जे वंशावली पा. ३० पर शरु करी हती तेमां मात्र नंबर मुकेलां हतां, तेथी ते बंध राखी शरुआतथी अनुक्रमे नामवार वंशावली शरु करी छे.

चालु नंबर.	बालकोनां नाम.	पेढी.	गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
१४	श्रीदामोदरजी (बडे दाउजी) श्रीगिरिधारीजी (१०) ना ला	७	पोष व. ८, १७११	३	१	०	१५ थी १७
१५	श्रीविट्ठलरायजी, श्रीदामोदरजी (१४) ना प्रथम ला.	८	भाद्र. शु. ६, १७४३	४	१	०	१८ थी २१
१६	श्रीगिरिधरजी ,, (१४) ना बीजा ला.	८	चैत्र शु. ३, १७४५	५	१	०	३८ थी ४२
	(अ श्रीहरिरायजी नं. ६४५, पेढी ३ नी गोद गया छे)						
१७	श्रीमुरलीधरजी, श्रीदामोदरलालजी (१४) ना त्रीजा ला.	८	श्रावण शु. ७, १७४८	०	१	०	
१८	श्रीगोवर्धनेशजी, श्रीविट्ठलनाथजी (१५) ना प्रथम ला.	९	आषाढ व. १३, १७६३	०	१	०	
१९	श्रीगोविंदरायजी ,, ,, ना बीजा ला.	९	मार्ग. व. ११, १७६९	३	१	०	२२ थी २४
२०	श्रीमुरलीधरजी ,, ,, ना त्रीजा ला.	९	श्रावण शु. ११, १७७४	२	१	०	३३–३४
२१	श्रीबालकृष्णजी ,, ,, ना चोथा ला.	९	आषाढ व. ७, १७७७	२	१	०	३६-३७जोडकाथी
२२	श्रीदामोदरजी, श्रीगोविंदरायजी (१९) ना प्रथम ला.	१०	मार्ग. व. ६, १८२३	०	१	०	
२३	श्रीगिरिधारीजी ,, ,, ना बीजा ला.	१०	ज्येष्ठ व. ३०, १८२५।२६	६	१	०	२५ थी ३०
२४	श्रीगोकुलनाथजी ,, ,, ना त्रीजा ला.	१०	कार्तिक व. ६, १८२८	०	०	०	
२५	श्रीलालजी, श्रीगिरिधारीजी (२३) ना प्रथम ला.	११	चैत्र शु. ५, १८४१	०	०	०	
२६	श्रीविट्ठलेशरायजी ,, ,, ना बीजा ला.	११	मार्ग. शु. २, १८४४	०	०	०	
२७	श्रीचिम्मनजी ,, ,, ना त्रीजा ला.	११	माघ व. २, १८५१	०	०	०	
२८	श्रीदामोदरजी, उपनाम दाउजी छप्पनभोगवाळा (२३) ना चोथा ला. आमनां गोद नं. ६१ वाळा श्रीगोविंदजी पेढी १४ ना आव्या छे.	११	आश्विन शु ४. १८५३	२	१	०	३१–३२
२९	श्रीगोपीनाथजी ,, (२३) नां पांचमा ला.	११	माघ व. १३, १८५५	०	०	०	
३०	श्रीनथ्थुजी ,, ,, छठ्ठा ला.	११	श्रावण व. ७, १८५९	०	१	०	

३१ श्रीगोवर्धनेशजी, श्रीदामोदरजी (२८) ना प्रथम ला.	१२ फाल्गुन व. २, १८७१	०	०	०		
३२ श्रीलालजी ,, ,, बीजा ला.	१२ फाल्गुन व.१३, १८८१	०	०	०		
३३ श्रीगोपेश्वरजी, श्रीमुरलीधरजी (२०) ना प्रथम ला.	१० आषाढ शु. ४, १८०३	०	०	०		
३४ श्रीगोकुलनाथजी, ,, ,, बीजा ला.	१० पौष शु. १५, १८११	१	१	०	३५	
३५ श्रीगोवर्धनेशजी, श्रीगोकुलनाथजी (३४) ना ला.	११ पौष शु. ३, १८४८	०	०	०		
३६ श्रीलालजी, श्रीबालकृष्णजी (२१)ना प्रथम ला. } जोडलाथी	१० चैत्र शु. ९, १८१९	०	०	०	} जोडलाथी	
३७ श्रीजीवनजी ,, ,, बीजा }	१० ,, ,, ,, ,,	०	०	०		

हवे श्रीदामोदरजी उपनाम श्रीबडेदाउजी नं. १४. पेढी ७ ना बीजा लालजी श्रीगिरिधरजी नं. १६ पेढी ८ वाळा ते शिक्षापत्रवाळा—श्रीहरिरायजी पेढी ३ नं. ६४५ वाळाने गोद गया, (ते श्रीगिरिधरजी नं. १६ पेढी ८ नो वंश—पुत्र ५. नं. ३८ थी ४२)

३८ श्रीरघुनाथजी, श्रीगिरिधरजी (१६) ना प्रथम ला.	९ आषाढ व. ९, १७६२	४	१	०	४३ थी ४६
३९ श्रीचीमनजी ,, ,, बीजा ला.	९ चैत्र शु. ११, १७६६	५	१	०	१०१ थी १०५
४० श्रीकल्याणरायजी ,, ,, त्रीजा ला.	९ ज्येष्ठ शु. १२, १७७१	३	१	०	११६ थी ११८
४१ श्रीघनश्यामजी ,, ,, चोथा ला.	९ श्रावण व. ३, १७७४	५	१	०	१२० थी १२४
४२ श्रीगोपीनाथजी ,, ,, पांचमा ला.	९ मार्ग. व. ११, १७७७	०	०	०	
४३ श्रीगोविंदजी, श्रीरघुनाथजी (३८) ना प्रथम ला.	१० ज्येष्ठ शु. ५, १७८५	३	१	०	४७ थी ४९
४४ श्रीवल्लभजी ,, ,, बीजा ला.	१० श्रावण व १३, १७८७	०	०	०	
४५ श्रीनथ्थुजी ,, ,, त्रीजा ला.	१० मार्ग व. ११, १७९२	०	०	०	
४६ श्रीजगन्नाथजी ,, ,, चोथा ला.	१० माघ व. ११, १७९४	०	०	०	
४७ श्रीगिरिधरजी, श्रीगोविंदजी (४३) ना प्रथम ला.	११ भाद्र. शु.१३, १८०६	०	०	०	
४८ श्रीविठ्ठलेशरायजी ,, ,, बीजा ला.	११ आश्विन व.१०, १८१०	३	१	०	५० थी ५२
४९ श्रीगोकुलोत्सवजी ,, ,, त्रीजा ला.	११ श्रावण शु. ३, १८१५	६	१	०	५३ थी ५८

चालु नंबर.	बालकोना नाम.	पेढी. गुजराती मास. सं वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
५०	श्रीनथ्थुजी, श्रीविठ्ठलेशरायजी (४८) ना	प्रथम ला. १२ ज्येष्ठ व. ७, १८६२	०	०	०	
५१	श्रीदामोदरजी ,, ,, ना	त्रीजा ला. १२ श्रावण व. ७, १८६५	०	०	०	
५२	श्रीलक्ष्मणजी ,, ,, ना	त्रीजा ला. १२ ज्येष्ठ शु. ९, १८६८	०	०	०	
५३	श्रीगोपेश्वरजी, श्रीगोकुलोत्सवजी (४९) ना	प्रथम ला. १२ ज्येष्ठ शु. ८, १८३५	२	१	०	५९–६०
५४	श्रीलक्ष्मीनृसिंहजी ,, ,,	बीजा ला. १२ कार्तिक व. २, १८३७	३	१	०	८३ थी ८५
५५	श्रीव्रजरत्नजी ,, ,,	त्रीजा ला. १२ कार्तिक शु. २, १८४१	९	१	०	८८ थी ९६
५६	श्रीव्रजाभरणजी ,, ,,	चोथा ला. १२ आशाढ व. ११. १८५२	०	०	०	
५७	श्रीव्रजमोहनजी ,, ,,	पांचमा ला. १२ आश्विन व. १४, १८५५	०	०	०	
५८	श्रीपुरुषोत्तमजी ,, ,,	छठ्ठा ला. १२ चैत्र शु. ९, १८५८	०	०	०	
५९	श्रीलालजी, श्रीगोपेश्वरजी (५३) ना	प्रथम ला. १३ मार्ग. व. ३०, १८५१	०	०	०	
६०	श्रीकृष्णरायजी ,, ,,	बीजा ला. १३ श्रावण शु. ८, १८५७	५	१	०	६१ थी ६५
६१	श्रीगोविंदजी, श्रीकृष्णरायजी (६०) ना	प्रथम ला. १४ कार्तिक शु. १४, १८७६	१	१	०	६६
	आ श्रीदाउजी नं. २८ ना पेढी ११ छप्पनभोगवालानी गोद गया छे.					
६२	श्रीगोकुलोत्सवजी, श्रीकृष्णरायजी (६०) ना	बीजा ला. १४ श्रावण व. ५, १८७८	०	०	०	
६३	श्रीविठ्ठलनाथजी ,, ,, ना	त्रीजा ला. १४ मार्ग. शु. ११, १८७९।८०	२	१	०	७४–७५
६४	श्रीकाकागिरधरजी ,, ,, ना	चोथा ला. १४ फाल्गुन व. १२, १८८७	१	१	०	८२
६५	श्रीदामोदरजी उपनाम छोटाजी ,, ना	पांचमा ला. १४ वैशाख शु. ४, १८९१	४	०	०	
६६	श्रीगिरधारीजी, श्रीगोविंदजी (६१) ना	ला. १५ ज्येष्ठ शु. १३, १८९९	२	३	२	६७–६८

एमने श्रीनाथजीना टिकैटनी गादी छोडवी पडी, ने मुंबईमां नवी पेढी काढी.

६७ श्रीगोवर्धनलालजी, टीकेट श्रीगिरिधारीजी (६६) ना प्रथम ला. १६ श्रावण व. १, १९१९	३	१	३	६९ थी ७१
६८ श्रीवल्लभजी ,, (६६) ना बीजा ला. १६ मार्ग. शु. ११, १९५९	०	०	०	
६९ श्रीविठ्ठलनाथजी, श्रीगोवर्धनलालजी (६७) ना प्रथम ला. १७ आषाढ व. १०, १९४६	x	०	०	
७० श्रीलालजी ,, ,, बीजा ला. १७ श्रावण व. ३०, १९४८	x	०	०	
७१ श्रीदामोदरलालजी ,, ,, त्रीजा ला. १७ पौष शु. ६, १९५३	२	१	२	७२–७३
७२ श्रीविठ्ठलनाथजी, श्रीदामोदरलालजी (७१) ना प्रथम ला. १८ कार्तिक शु. १०, १९७५	०	०	०	
x७३ **श्रीगोविंदरायजी,** टीकेट ,, ,, बीजा ला. १८ कार्तिक व. ७, १९८४	०	०	०	
७४ श्रीरघुनाथजी, उपनाम श्रीपन्नालालजी (६३) ना प्रथम ला. १५ कार्तिक शु. ८, १८९७	२	१	०	७६–७७

१–३७ अने ६६–७३ कुले ४५ श्रीगोविंदरायजीटीकेटना संबंधनां छे.

७५ श्रीगोविंदलालजी, उपनाम श्रीलश्करीया लालजी, इंदोरना (६३) ना त्रीजा ला. १५ श्रावण शु. १४, १९०७	२	१	०	७८–७९
७६ श्रीविठ्ठलनाथजी, श्रीरघुनाथजी (७४) ना प्रथम ला. १६ वैशाख व. ४, १९२४	x	०	०	
७७ श्रीनृसिंहजी ,, ,, ना बीजा ला. १६ वैशाख शु. १४, १९२८	x	०	०	
x७८ **श्रीदेवकीनंदनजी,** श्रीगोविंदलालजी (७५) ना प्रथम ला. १६ वैशाख व. १, १९३८	१	१	०	८०–इन्दोरवाळा सिधमां पधार्या करे छे
७९ श्रीगोपेश्वरजी ,, ,, ना बीजा ला. १६ पौष शु. ५, १९४६	x	२	१	

आ नं. ८२ वाळा श्रीकल्याणरायजीनी पे. १५ नानी गोद एमना वहुजीए लीधा. नाथद्वारा.

x८० **श्रीकृष्णरायजी,** उपनाम श्रीबचुबावा देवकीनंदनजी (७८) ना लालजी १७ आषाढ व. १३, १९५७	१	१	१	८१
x८१ **श्रीगिरिधरजी** उपनाम श्रीहरिरायजी, श्रीकृष्णरायजी (८०) ना ला. १८ मार्ग. शु. १३, १९८१	x	०	०	

आमने नं. ७९ वाळा श्रीगोपेश्वरजीनां वहुजीए गोद लीधा छे, श्रीविठ्ठलनाथजीने त्यां नाथद्वारा

चालु नंबर.	बालकोनां नाम.	पेढी, गुजराती मास, सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
८२	श्रीकल्याणरायजी, श्रीकाकागिरधरजी	(६४) ना प्रथम ला. १५ आशाढ व. १४ १९१६	x	१	०	
	आमना वहुजी श्रीकृष्णप्रियाजीए, नं. ७९ वाळा श्रीगोपेश्वरलालजी पेढी १६ वाळाने गोद लीधा.					
८३	श्रीलक्ष्मणजी, श्रीलक्ष्मीनृसिंहजी	(५४) ना प्रथम ला. १३ मार्ग. शु. ९, १८५८	x	०	०	
८४	श्रीकल्याणरायजी ,,	,, ना बीजा ला. १३ पौष शु. १३, १८६१	२	१	०	८६–८७
८५	श्रीछगनजी ,,	,, ना त्रीजा ला. १३ भाद्रपद व. ४, १८६५	x	०	०	
८६	श्रीनृसिंहजी, श्रीकल्याणरायजी	(८४) ना प्रथम ला १४ माघ शु. १५, १८९५	x	०	०	
८७	श्रीपुरुषोत्तमजी ,,	,, बीजा ला. १४ ज्येष्ठ शु. ११, १९०१	x	०	०	
८८	श्रीपुरुषोत्तमजी, श्रीव्रजरत्नजी	(५५) ना प्रथम ला. १३ माघ शु. १३, १८७२	x	०	०	
८९	श्रीगोवर्धनेशजी ,,	,, ना बीजा ला. १३ माघ व. १०, १८७५	x	०	०	
९०	श्रीयदुनाथजी ,,	,, ना त्रीजा १३ आशाढ व. ८, १८८३	१	२	२	९७
	सं. १९१६ मुंबईमां-मथुरापंथीना केसमां कोर्टमां पधारी जीत्या. स्वधर्मवर्धक अने संशयछेदक मासिक काढनार.					
९१	श्रीदामोदरजी उपनाम श्रीदाणीरायजी ,,	चोथा ला. १३ आशाढ व. ८, १८८६	x	०	०	
९२	श्रीरसिकरायजी ,,	ना पांचमा ला. १३ भाद्रपद व. १०, १८८८				
९३	श्रीछगनजी, श्रीव्रजरत्नजी	(५५) ना छठ्ठा ला. १३ भाद्रपद व. ८, १८९१।९२	०	०	०	
९४	श्रीवेंकटेशजी उपनाम श्रीमगनजी	,, ना सातमा ला. १३ आश्विन व. ९, १८९६।९७	१	२	१	९८
९५	श्रीलक्ष्मणजी ,, ,,	,, ना आठमा ला. १३ भाद्रपद व. १०, १८९८	०	०	०	
९६	श्रीलालजी ,, ,,	,, ना नवमा ला. १३ आश्विन शु. ४, १९०२	०	०	०	
९७	श्रीघनश्यामजी, श्रीयदुनाथजी	(९०) ना ला. १४ भाद्रपद व. ७, १९१२	०	१	२	

x९८ श्रीव्रजरत्नलालजी, श्रीमगनजी (९४) ना	ला. १४ भाद्रपद शु. ७, १९५२	२	१	३	९९-१००
x९९ श्रीगोविंदरायजी, श्रीव्रजरत्नलालजी (९८) ना प्रथम	ला. १५ फाल्गुन शु. ११, १९७०	२	१	३	१२४-१२५.
x१०० श्रीमधुसूदनलालजी ,, ,, बीजा	ला. १५ फाल्गुन शु. १४, १९७२	१	१	०	१२६

श्रीपुरुषोत्तमजी नं. ८७ वाळाथी लइने नं. १०० सुधी-बालक १४, अने १२४-५-६, कुल्ले १७ बालको श्रीसुरतना जाणवा.

हवे श्रीचीमनजी पेढी ९. नं. ३९ ना पुत्र पांच.

१०१ श्रीगोकुलनाथजी, श्रीचीमनजी (३९) ना प्रथम	ला. १० आश्विन व. ३, १७८५	०			
१०२ श्रीविठ्ठलनाथजी आरसीवाला. ,, ,, बीजा	ला. १० मार्ग. शु. १४, १७८७	१	१	०	१०६
१०३ श्रीव्रजनाथजी ,, ,, ,, त्रीजा	ला. १० कार्तिक व. ७, १७९१	३	१	०	१०७ थी १०९
१०४ श्रीहरिरायजी ,, ,, ,, चोथा	ला. १० भाद्र. व. ५, १७९५	१	१	०	११०
१०५ श्रीवच्छाजी ,, ,, ,, पांचमा	ला. १० आशाढ व. ७, १७९९	०	०	०	
१०६ श्रीगिरिधरजी, श्रीविठ्ठलनाथजी (१०२) ना	लालजी ११ मार्ग शु. १३, १८१४	०	०	०	
१०७ श्रीद्वारकानाथजी, श्रीव्रजनाथजी (१०३) ना प्रथम	ला. ११ श्रावण व. ८, १८१३	१	१	०	१११
१०८ श्रीबालकृष्णजी ,, ,, ,, बीजा	ला. ११ आश्विन शु. १३, १८२५	३	१	०	११२ थी ११४
१०९ श्रीलक्ष्मणजी ,, ,, ,, त्रीजा	ला. ११ ज्येष्ठ व. २, १८२८	०	०	०	
११० श्रीनथ्थुजी, श्रीहरिरायजी (१०४),,	लालजी ११ भाद्र. शु. १५, १८२०	०	०	०	
१११ श्रीगोवर्धनेशजी, श्रीद्वारकानाथजी (१०७),,	लालजी १२ माघ शु. ८, १८३८	०	०	०	
११२ श्रीगोकुलनाथजी, श्रीबालकृष्णजी (१०८) ना प्रथम	ला. १२ मार्ग. शु. ३, १८४७	०	०	०	
११३ श्रीव्रजाभरणजी ,, ,, ,, बीजा	ला. १२ मार्ग. व. १, १८५१	०			
११४ श्रीव्रजपालजी ,, ,, ,, त्रीजा	ला. १२ आश्विन शु. १४, १८५४	१	१	०	११५
११५ श्रीव्रजनाथजी, श्रीव्रजपालजी (११४) ना	लालजी १३ कार्तिक शु. ६, १९१५	०	०	०	
११६ श्रीदामोदरजी, श्रीकल्याणरायजी (४०) ना प्रथम	ला. १० आशाढ शु. ६, १८२४	१	१	०	११९

बालु नंबर.	बालकोनां नाम.	पेढी.	गुजराती मास. सं वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
११७	श्रीमोहनजी, श्रीकल्याणरायजी	(४०) ना बीजा ला. १०	माघ व. ९, १८२७	०	०	०	
११८	श्रीलल्लुजी ,,	(४०) ना त्रीजा ला. १०	चैत्र शु. १४, १८३०	०	०	०	
११९	श्रीयदुनाथजी, श्रीदामोदरजी	(११६) ना ला. ११	फाल्गुन शु. ९, १८५३	०	०	०	
१२०	श्रीमथुरानाथजी, श्रीघनश्यामजी	(४१) ना प्रथम ला. १०	आश्विन शु. ८, १८०४	०	०	०	
१२१	श्रीमुरलीधरजी ,,	(४१) ना बीजा ला. १०	चैत्र व. १०, १८०९	०	०	०	
१२२	श्रीयदुनाथजी ,,	(४१) ना त्रीजा ला. १०	कार्तिक शु. ३, १८१६	५	१	०	१२५ थी १२९
१२३	श्रीपुरुषोत्तमजी ,,	(४१) ना चोथा ला. १०	चैत्र शु. ३, १८२४	४	१	०	१५९ थी १६२
१२४	श्रीगोपालजी ,,	(४१) ना पांचमा ला. १०	वैशाख शु. ७, १८२७	२	१	०	१६३-१६४
१२५	श्रीघनश्यामजी, श्रीयदुनाथजी	(१२२) ना प्रथम ला. ११	मार्ग. शु. १५, १८४१	४	१	०	१३० थी १३३
१२६	श्रीकल्याणरायजी ,,	,, ,, बीजा ला. ११	भाद्रपद शु. ४, १८४७	०	०	०	
१२७	श्रीवल्लभजी ,,	,, ,, त्रीजा ला. ११	कार्तिक शु. २, १८४९	०	०	०	
१२८	श्रीलालजी ,,	,, ,, चोथा ला. ११	माघ शु. ३, १८५३	०	०	०	
१२९	श्रीदाणीरायजी ,,	,, ,, पांचमा ला. ११	माघ शु. १, १८५५	०	१	१	

मुंबईमां श्रीलालबावानुं मंदीर बांध्युं ते. ए श्रीचीमनलालजी नं. १३२ ना काकाजी थाय छे. विमान उंचे चडावनार डोकरी पासेथी राजा हुवे, माधो हुवे एने त्यां, पछी श्रीनाथजीमां हालना मुखीयाजीना वंशमां, त्यांथी श्रीनवनीतलालजी आ मंदिरमां बिराजे छे.

१३०	श्रीवल्लभजी, श्रीघनश्यामजी	(१२५) ना प्रथम ला. १२	माघ शु. १४. १८६१	४	२	०	१३४ थी १३७

आमने जयपुरवाळा श्रीदेवकीनंदनजी नं. ७७९ वाळाना श्रीजमनावहुजी श्रीचंद्रमाजीवाळा कहेवाय छे तेमणे गोद लीधा छे.

१३१ श्रीलक्ष्मणजी, श्रीघनश्यामजी (१२५) ना बीजा ला. १२ श्रावण शु. १०, १८६६ १ ० ०

आ बालकने श्रीगोकुलमां श्रीगोकुलनाथजी ठाकोरजीनी गादीए श्रीदेवकीनंदनजी नं. ७७९ ना त्रीजा श्रीलक्ष्मीवहुजीए गोदलीधा. अने आ श्रीलक्ष्मणजी नं. १३१ वाळाना श्रीवहुजीए श्रीगोकुलनाथजी ठाकोरजीनी गादीने माटे श्रीमथुराजीवाळा नं. ८७७ श्रीरमणलालजीना लालजी नं. ८७९ ना श्रीकनैयालालजीने गोदलीधा छे. अने एमना वहुजीए नं. १४९ श्रीवल्लभलालजीने श्रीगोकुलनाथजीनी गादी सं. १९६८ मां सोंपी.

१३२ श्रीगोकुलनाथजी, श्रीघनश्यामजी (१२५) ना त्रीजा ला. १२ चैत्र व. ४, १८८१ ० ० ०

१३३ श्रीचिमनजी ,, ,, ,, चोथा ला. १२ श्रावण व. ५, १८९६ १ २ २ १५८

एमने एमना काका श्रीदाणीरायजी १२९ वाळानुं मुंबईनुं श्रीलालबावाना नामथी ओळखातुं मंदीर मळ्युं.

१३४ श्रीयदुनाथजी उपनाम श्रीमट्टुजी,

ते श्रीवल्लभजी (१३०) ना प्रथम ला. १३ मार्ग. व. १३, १८७८ १ १ १ १३८

१३५ श्रीगिरिधरजी ,, ,, ,, ना बीजा ला. १३ श्रावण शु. १३, १८८८ ० ० ०

१३६ श्रीगोविंदजी (कामवननां) ,, ना त्रीजा ला. १३ आशाढ शु. ७, १८९३ ८ १ ५ १३९थी१४६

१३७ गोकुलनाथजी ,, ,, ,, ना चोथा ला. १३ मार्ग. शु. ७, १९०२ ० ३ ०

श्रीगोकुलवाळा नं. ५७८ ना श्रीव्रजरत्नजी पे. १० (तेमना सेव्यस्वरूप श्रीमदनमोहनजी वांसवाडावाळा) तेमना श्रीभामिनीवहुजीनी गोद, तेमना श्रीव्रजप्रिया बेटीजीए, लीधा.

१३८ श्रीनथ्थुजी (कामवन), श्रीयदुनाथजी (१३४) ना ला. १४ श्रावण व. ३०, १९०० ० ० ०

१३९ श्रीपीतांबरजी, श्रीगोविंदजी (१३६) ना प्रथम ला. १४ फाल्गुन शु. ७, १९११ ० ० ०

१४० श्रीदेवकीनंदनजी कामवन ,, ,, बीजा ला. १४ चैत्र शु. ३, १९१५ ३ २ ० १४७थी१४९

१४१ श्रीयशोदानंदनजी ,, ,, त्रीजा ला. १४ आशाढ शु. ४, १९१६ ० ० ०

१४२ श्रीगोपाललालजी ,, ,, चोथा ला. १४ आशाढ शु. २ १९१७ १ ३ ३ १५१

श्रीकामवनमां श्रीमदनमोहनजी ना टिकैट

बालु नंबर.	बालकोनां नाम.		पेढी. गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
१४३	श्रीजयदेवजी	,,	(१३६) ना पांचमा ला. १४ कार्तिक व. १४, १९१९	३	१	१	१५४थी१५६
	(विरमगाम)		अेमणे श्री अष्टभुजाजीने कोटाथी वीरमगाममां पधराव्या.				
१४४	श्रीलाडीलेशजी	,,	,, ना छठ्ठा ला. १४ कार्तिक शु. १५, १९२२	०	०	०	
१४५	श्रीद्वारकानाथजी	,,	,, ना सातमा ला. १४ आश्विन व. ३०, १९२४	०	०	०	
१४६	श्रीलालजी, श्रीगोविंदजी		(१३६) ना आठमा ला. १४ आश्विन शु. १, १९३५	०	०	०	
१४७	श्रीलालजी, श्रीदेवकीनंदनजी		(१४०) ना प्रथम ला. १५ चैत्र व. १, १९३१	०	०	०	
१४८	,, ,,		,, ना बीजा ला. १५ वैशाख व. ५, १९३४	०	०	०	
×१४९	**श्रीवल्लभलालजी**	,,	,, ना त्रीजा ला. १५ आषाढ शु. ३, १९४८	३	२	०	१५०,२३०,२३१
	(एमने नं. ८७९ वाला श्रीकनयालालजी पे. १३ नां श्रीबहुजीए सं. १९६८ मां श्रीगोकुलनाथजीनी गादी सोंपी तेथी ए, श्रीचंद्रमाजी अने श्रीगोकुलनाथजी, नां बे गादीनां टीकेट थयां.)						
१५०	श्रीगोविंदजी, श्रीवल्लभलालजी		(१४९) ना प्रथम ला. १६ कार्तिक शु. १३, १९८७	०	०	०	
×१५१	**श्रीरमणलालजी**, श्रीगोपाललालजी		(१४२) ना लालजी १५ कार्तिक व. ८, १९५०	३	४	१	१५२-१५३-२२७
×१५२	**श्रीछोटालालजी**, श्रीरमणलालजी		(१५१) ना प्रथम ला. १६ श्रावण व. १३, १९७९	०	०	०	
×१५३	,, **लालजी**	,,	,, बीजा ला. १६ १९८२	०	०	०	
१५४	श्रीललितविहारीजी, श्रीजयदेवजी		(१४३) ना प्रथम ला. १५ कार्तिक शु. १४, १९४१	०	०	०	
१५५	,, लालजी	,,	,, बीजा ला १५ मार्ग व. १०, १९४३	०	०	०	
१५६	,, लालजी	,,	,, त्रीजा ला. १५ आश्विन व. ८, १९५८	०	०	०	
१५७	श्रीनथ्थुजी श्रीलक्ष्मणजी		(१३१) ना लालजी १३ भाद्रपद शु. १५, १८८४	०	०	०	

श्रीगोकुलनाथजीना टीकेट. श्रीगोकुल.

१५८ श्रीघनश्यामजी गोकुलना श्रीचीमनजी(१३३) ना लालजी १३ आश्विन व. ३, १९२८-२९ १ ० ०

मुंबईमां श्रीलालबावाना मंदिरवाळा. एमनां गोदमां श्रीरणछोडलालजी. नं. २२१ पेढी १४ ना पोरबंदरवाळा–

श्रीनवनीतलालजी राजो दुवे–माधो दुवेनां सेव्य स्वरूप बिराजे छे ते. [सं. १९६५ मां गोद बिराज्या छे.

१५९ श्रीरघुनाथजी, वडोदरा, श्रीपुरुषोत्तमजी(१२३)ना प्रथम ला. ११ पोष व. ५, १८५१ ० ० ०

१६० श्रीनथुजी ,, , ,, ना बीजा ला. ११ फाल्गुन व. ९, १८६१ ० ० ०

१६१ श्रीदामोदरजी ,, ,, ,, ना त्रीजा ला. ११ फाल्गुन शु. ४, १८६३ ० ० ०

१६२ श्रीमथुरानाथजी ,, ,, ,, ना चोथा ला. ११ श्रावण शु. ४, १८७१ ० ० ०

१६३ श्रीमथुरानाथजी, नडीआद, श्रीगोपाललालजी(१२४)ना प्रथम ला. ११ आषाढ शु. १०, १८६२ ५ १ ० १६५ थी १६९

१६४ श्रीलक्ष्मणजी ,, ,, (१२४) ना बीजा ला. ११ भाद्रपद शु १०, १८६४

१६५ श्रीलालजी श्रीमथुरानाथजी (१६३) ना प्रथम ला. १२ कार्तिक शु. ११, १८८१ ० ० ०

१६६ श्रीगिरिधरजी ,, ,, ना बीजा ला १२ मार्ग. व. २, १८८४

१६७ श्रीव्रजरत्नजी ,, ,, ना त्रीजा ला. १२ आषाढ व. १०, १८९१

१६८ श्रीमधुमोहनजी ,, ,, ना चोथा ला. १२ माघ व. ८, १८९४ ० ० ०

१६९ श्रीदामोदरजी ,, ,, ना पांचमां ला. १२ कार्तिक व. ११ १८९९ ० ० ०

नं. ६४५ ना श्रीहरिरायजी शिक्षापत्रवाळानी गोदमां श्रीगिरधरजी नं. १६, पे. ५ ना जे बडेदाउजी नं. १४ वाळाना बीजापुत्र बिराज्या, तेना प्रथम लालजी श्रीरघुनाथजी पे. ९ वाळा नं–३८ नाथी ते नं. (१६९) श्रीदामोदरजी पे. १२ सुधीनां १३२ बालक थयां. ते श्रीविठ्ठलनाथजी ठाकोरजी श्रीजीद्वारमां बिराजे छे, तेना घरना कहेवाय छे.

---

* हवे श्रीगोविंदरायजी (जोगीया , पेढी ६ ना, नं. ११ वाळा, जे (श्रीविठ्ठलनाथजी) पेढी १० नं. ९ वाळा, टीपारावाळा कहेवाय छे तेना बीजा पुत्र छे. तेमनो वंश लवीए छीए. एमना वंशमां (५) बालक नं. १७० थी १७४ सुधीना थया छे.

१७० श्रीकल्याणरायजी, श्रीगोविंदरायजी नं. (११) ना प्रथम ला. ७ कार्तिक शु १४, १७१८ ० ० ०

चालु नंबर.	बालकोनां नाम.	पेढी.	गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
१७१	श्रीमोहनजी, श्रीगोविंदरायजी नं. (११) ना बीजा ला.	७	भाद्रपद शु. ३, १७२२	३	०	०	१७२ थी १७४
१७२	श्रीमथुरानाथजी, श्रीमोहनजी (१७१) ना प्रथम ला.	८	आषाढ व. ११, १७७५	०	०	०	
१७३	श्रीदामोदरजी ,, ,, बीजा ला.	८	पौष शु. ६, १७७९	०	०	०	
१७४	श्रीगोविंदरायजी ,, , त्रीजा ला.	८	भाद्रपद शु. १२, १७८१	०	०	०	

* आ वंशमां (१७० थी १७४) सुधीना पांच बालक छे.

हवेथी श्रीबालकृष्णजी पेढी ६ ना नं. १२ वाळा ते श्रीटीपारावालाना त्रीजा लालजीनो वंश कहेवाय छे. आ वंशमां १७५ थी १७८ सुधीना (४) बालक थया छे.

१७५	श्रीद्वारकानाथजी, श्रीबालकृष्णजी नं. (१२) ना प्रथम ला.	७	भाद्रपद शु. ५, १७२२	२	०	०	१७७–७८
१७६	श्रीगोपीनाथजी ,, ,, (१२) ना बीजा ला.	७	आश्विन व. १३ १७२५	०	०	०	
१७७	श्रीजगन्नाथजी श्रीद्वारकानाथजी (१७५) ना प्रथम ला.	८	कार्तिक व. १ १७४७	०	०	०	
१७८	श्रीजीवनजी ,, ,, ,, ना बीजा ला.	८	कार्तिक शु. १३ १७५८	०	०	०	

हवे नं. (९) ना श्रीविट्ठलरायजी टीपारेवाला पेढी (५) ना चोथा लालजी **श्रीकाकावल्लभजी** नं. १३ ना पेढी ६ वालानो वंश लखीए छीए. ए श्रीनवनीतप्रियजी ठाकोरजी श्रीजीद्वारमां बिराजे छे ते घरना कहेवाय छे.

१७९	श्रीगीरधरजी, श्रीकाकावल्लभजी (१३) ना प्रथम ला.	७	चैत्र शु. ८, १७२८	२	१	१	१८६–१८७
१८०	श्रीमुरलीधरजी ,, ,, ,, बीजा ला.	७	आषाढ व. ११, १७३१	३	१	०	२७३थी२७५
×१८१	श्रीगोपालजी ,, ,, ,, त्रीजा ला.	७	माघ व. २, १७३३	१	०	०	२८०

× (आ नं. १८१ वाळाना वंशमां ६७ बालको छे नं. २८० थी ३४६ सुधीना).

१८२ श्रीगोवर्धनेशजी	,, ,,	,, चोथा ला.	७ कार्तिक शु. १५, १७३५	०	१	१	
१८३ श्रीगोपीनाथजी	,, ,,	,, पांचमा ला.	७ पौष शु. १४, १७३७	०	०	०	

(आ नं. १८२ अने नं. १८३ वाळा चोथा अने पांचमा बन्नेनो वंश नथी.)

१८४ श्रीव्रजनाथजी	,, (१३)	,, छठ्ठा ला.	७ श्रावण शु. ६, १७४०	१	१	०	३४७

आमना वंशमां एकज लालजी थया छे.

१८५ श्रीगोकुलनाथजी	,, (१३)	ना सातमा ला.	७ आश्विन व. ३, १७५०	३	१	०	३४८थी३५०

आ वंशमां १७ बालको नं. ३४८ थी ३६४ सुधीनां थया छे.

१८६ श्रीविठ्ठलेशजी, श्रीगिरिधरजी (१७९)		ना प्रथम ला.	८ भाद्रपद व. ६, १७४७	१	२	०	१८८
१८७ श्रीदाणीरायजी	,, ,,	ना बीजा ला.	८ भाद्रपद शु. ११, १७५०	०	०	०	
१८८ श्रीद्वारकेशजी, श्रीविठ्ठलेशजी (१८६)		ना प्रथम ला.	९ मार्ग. शु. १५, १७७४	३	१	०	१८९थी१९१
१८९ श्रीगिरिधरजी, श्रीद्वारकेशजी (१८८)		ना प्रथम ला.	१० पौष व. १२, १८०३	३	१		१९२थी१९४
१९० श्रीदामोदरजी	,, ,,	ना बीजा ला.	१० आषाढ व. ४, १८२०	४	१	१	२२८थी२३१
१९१ श्रीवल्लभजी	,, ,,	ना त्रीजा ला.	१० फाल्गुन शु. ७, १८२९	०	०	०	
१९२ श्रीविठ्ठलेशजी श्रीगिरधरजी (१८९)		ना प्रथम ला.	११ श्रावण शु. १५, १८२६	०	०	०	
१९३ श्रीमथुरानाथजी	,, कोटा (१८९)	ना बीजा ला.	११ भाद्रपद शु. १५, १८२८	४	१		१९५थी१९८
१९४ श्रीमुरलीधरजी	,, ,,	ना त्रीजा ला.	११ आषाढ व. ७, १८३१	०	१	०	
१९५ श्रीद्वारकेशजी उपनाम श्रीधनुजी, श्रीमथुरानाथजी (१९३)		ना प्रथम ला.	१२ ज्येष्ठ शु. १२, १८५२	५	१	१	१९९थी२०३

(श्रीगिरिराज)

१९६ श्रीगिरिधरजी कोटा. श्रीमथुरानाथजी (१९३)		ना बीजा ला.	१२ श्रावण व. १, १८५५	२	१	०	२१४–२१५
१९७ श्रीविठ्ठलेशजी	,, ,,	,, त्रीजा. ला.	१२ मार्ग. व. १०, १८५९	२	१	०	२१७–२१८
१९८ श्रीव्रजरत्नजी उपनाम श्रीमगनजी	,, ,,	चोथा ला.	१२ कार्तिक व. १३, १८६७	४	१	०	२२१थी२२४

चालु नंबर.	बालकोनां नाम.	पेढी. गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
१९९	श्रीगोकुलालंकारजी श्रीद्वारकेशजी(१९५)ना	प्रथम ला. १३ आश्विन शु. ११, १८७५ वेरावल	८	१	१	२०४थी२११
२००	श्रीगोपिकालंकारजी उपनाम श्रीमद्दुलालजी (१९५) ना	बीजा ला. १३ वैशाख शु. ११, १८७८	२	१	३	२१२-२१३

आ श्रीमद्दुर्जीए श्रीडाकोरमां सं. १९२७, अने बेट-द्वारकामां सं. १९३० मां छपन भोग कर्या छे, अने रसिकदास ए नामनी छापथी कीर्तनो कर्या छे.

चालु नंबर.	बालकोनां नाम.	पेढी. गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
२०१	श्रीत्रिलोकिभूषणजी ,, ,, (१९५) ना	त्रीजा ला. १३ भाद्रपद शु. २, १८८७	०	०	०	
२०२	श्रीगिरधरजी उपनाम श्रीचद्दुजी (१९५) ना	चोथा ला. १३ भाद्रपद शु. २, १८९६	०	१	०	

आ १२० वचनामृतवाळा छे. आमना श्रीवहुजीए नं. ८५२ ना श्रीबालकृष्णलालजी पे. १३ ना मथुराजीवाळाने गोद लीधा छे. न. २०२ वाळा श्रीगिरधरजी उपनाम श्रीचद्दुजी पे. १३ ना श्रीगिरिराजजीथी कांकरोलीमां नं. ना श्रीपुरुषोत्तमजी पे. नी गोद गया छे.

चालु नंबर.	बालकोनां नाम.	पेढी. गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
२०३	श्रीगोवर्धनेशजी, श्रीद्वारकेशजी (१९५) ना	पांचमा ला. १३ कार्तिक शु. ५, १८९८	०	०	०	
२०४	श्रीबालकृष्णजी, श्रीगोकुलालंकारजी(१९९) ना	प्रथम ला. १४ वैशाख शु. ८, १८९२	०	४	०	
२०५	श्रीलालजी ,, ,, (१९९) ना	बीजा ला. १४ चैत्र व. ११, १८९४	०	०	०	
२०६	श्रीगिरधरजी ,, ,, (१९९) ना	त्रीजा ला. १४ वैशाख शु. ६, १८९६	०	०	०	
२०७	श्रीलालजी ,, ,, (१९९) ना	चोथा ला. १४ चैत्र व. ११, १८९७	०	०	०	
२०८	श्रीलालजी } जोडकाथी ,, (१९९) ना	पांचमा ला. १४ वैशाख व. ११, १८९९ } जोडकाथी	०	०	०	
२०९	श्रीलालजी } जोडकाथी ,, (१९९) ना	छट्ठा ला. १४ ,, ,, ,, १८९९ } जोडकाथी				
२१०	श्रीलालजी ,, ,, (१९९) ना	सातमा ला. १४ चैत्र व. ११, १९०१	०	०		
२११	श्रीलालजी ,, ,, (१९९) ना	आठमा ला. १४ चैत्र व. ११, १९०२	०	०		

([illegible])

२१२ श्रीमथुरानाथजी, श्रीगोपिकालंकारजी(२००) ना प्रथम ला. १४ ज्येष्ठ शु. ५, १९२२ ० ० ०

२१३ श्रीपुरुषोत्तमजी ,, ,, (२००) ना बीजा ला. १४ ज्येष्ठ शु. १४, १९२४ ० ० ०

२१४ श्रीगोकुलाधीशजी, श्रीगिरिधरजी (१९६) ना प्रथम ला. १३ माघ शु. १०, १८७६ १ १ २२५

एमनी गोद नं. २२५ वाळा श्रीगोवर्धनलालजी पे. १४ वाळा आव्या छे. मुंबईमां.

२१५ श्रीगोपिकाधीशजी,, ,, (१९६) ना बीजा ला. १३ कार्तिक शु. ७, १८८५ ० ० ०

२१६ श्रीलालजी गोकुलाधीशजी (२१४) ना लालजी १४ श्रावण शु. १२, १९०१ ० ० ०

२१७ श्रीगोकुलेशजी श्रीविठ्ठलेशजी (१९७) ना प्रथम ला. १३ आषाढ व. १२, १८८३ ० १ ०

२१८ श्रीगोपिकेशजी ,, ,, (१९७) ना बीजा ला. १३ श्रावण व. १०, १८८७ २ १ १ २१९-२२०

२१९ श्रीव्रजरमणजी, श्रीगोपिकेशजी (२१८) ना प्रथम ला. १४ ज्येष्ठ व. ३०, १९३३ ० ० ०

२२० श्रीव्रजशिरोमणिजी ,, महुवा (२१८) ना बीजा ला. १४ वैशाख शु. ८, १९३५ ० ० ०

२२१ श्रीलालजी, श्रीव्रजरत्नजी (१९८) ना प्रथम ला. १३ श्रावण शु. १२, १८९६ ० ० ०

२२२ श्रीगोवर्धनेशजी ,, ,, (१९८) ना बीजा ला. १३ आश्विन शु. ११, १८९९ ० ० ०

२२३ श्रीनृसिंहलालजी ,, ,, (१९८) ना त्रीजा ला. १३ भाद्रपद व. ११, १९०२ २ २ १ २२५-२२६

(ठाकोरजी) श्रीलालजीने श्रीगोकुलथी मुंबई पधराव्या.

२२४ श्रीदामोदरजी ,, ,, (१९८) ना चोथा ला. १३ मार्ग. शु. १०, १९०५ ० १ ०

एमनां श्रीवहुजी गंगावहुजी जेमनु मंदीर मुंबई कुंभारटुकडामां छे. हालमां अमदावादवाळा नं. ८७२ ना श्रीरणछोडलालजी पे. १४ नी मालिकीनुं छे.

२२५ श्रीगोवर्धनलालजी, श्रीनृसिंहलालजी (२२३) ना प्रथम ला. १४ भाद्रपद व. ३, १९२० १ २ २ २२७

आ नं. २१४ वाळा. मुंबइमां श्रीगोकुलाधीशजीनी गोद गया छे.

२२६ श्रीरघुनाथजी, श्रीनृसिंहलालजी (२२३) ना बीजा ला. १४ फाल्गुन व. २, १९४२ ० ० ०

२२७ श्रीव्रजरत्नजी, श्रीगोवर्धनलालजी (२२५) ना लालजी १५ आषाढ व. ७, १९६९ ० ० ०

चालु नंबर.	बालकोनां नाम.	पेढी. गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
२२८	श्रीविठ्ठलेशजी, श्रीदामोदरजी (१९०) ना प्रथम	ला. ११ कार्तिक व. ४, १८४१	७	१	०	२३२थी२३८
	अमरेली. आ नं. २७६ वाळा श्रीवल्लभजी हाथीवाळा पे. ९ नी गोद गया छे.					
२२९	श्रीगोकुलोत्सवजी, श्रीदामोदरजी (१९०) ना बीजा	ला. ११ भाद्रपद व. ४, १८४८	३	१	०	२६३थी२६५
२३०	श्रीपुरुषोत्तमजी ,, ,, ,, ना त्रीजा	ला. ११ श्रावण शु. ११, १८५२	०	०	०	
२३१	श्रीव्रजरमणजी उपनाम काकाजी, (१९०) ना चोथा	ला. ११ आश्विन शु. १२, १८५८	३	१	०	२६६थी२६८
	श्रीगोकुलमां एमनुं मंदीर छे. जे काकाजीना मंदीरना नामथी ओळखाय छे.					
२३२	श्रीवल्लभजी, श्रीविठ्ठलेशजी (२२८) ना प्रथम	ला. १२ आषाढ शु. १२, १८६०	०	०	०	
२३३	श्रीव्रजजीवणजी उपनाम श्रीनथ्थुजी (२२८) ना बीजा	ला. १२ पौष शु. १, १८६२	०	१	०	
	आमनां श्रीजानकीवहुजीए पोतानां भत्रिजाना लालजी श्रीमुरलीधरजी नं. २४० ना पे. १४ अमरेलीनाने गोद लीधा छे.					
२३४	श्रीलालमणीजी, श्रीविठ्ठलेशजी नं. (२२८) ना त्रीजा	ला. १२ कार्तिक शु. ७, १८७२	१	१	०	२३९
	मुंबईमां श्रीदाउजीना मंदीरवाळा.					
२३५	श्रीपुरुषोत्तमजी ,, ,, (२२८) ना चोथा	ला. १२ भाद्रपद व. ८, १८७४	०	०	०	
२३६	श्रीदामोदरजी ,, ,, (२२८) ना पांचमा	ला. १२ आश्विन शु. ९, १८८४	०	०	०	
२३७	श्रीलालजी ,, ,, (२२८) ना छठ्ठा	ला. १२ कार्तिक व. ३, १८८६	०	०	०	
२३८	श्रीमोहनजी ,, ,, (२२८) ना सातमा	ला. १२ आश्विन व. ८, १८८८	०	०	०	
२३९	श्रीविठ्ठलेशजी (लालसाहेब) श्रीलालमणिजी (२३४) ना	ला. १३ आषाढ शु. १२, १८९१-९२	५	२	३	२४० थी २४४
	मुंबईमां श्रीदाउजीना मंदीरवाळा.					
२४०	श्रीमुरलीधरजी, श्रीविठ्ठलेशजी नं (२३९) ना प्रथम	ला. १४ श्रावण व. ८, १९१३	६	२	६	२४५ थी २५०
	आ नं. २३३ ना श्रीव्रजजीवनजी पे. १२ वाळानी गोद गया छे.					
	श्रीबालकृष्णजी मुसाई-बीलाईवाळा डोकरीनांने श्रीजीद्वारथी वेटमां पधराव्या. सं. १९४६ मां वगेरे.					

२४१ श्रीवल्लभजी	" " " ना बीजा	ला. १४ श्रावण शु. २, १९१५	२	२	०	२५३ अने २५६
२४२ श्रीपुरुषोत्तमजी	" " " ना त्रीजा	ला. १४ कार्तिक शु. ६, १९१७	१	२	०	२५८
२४३ श्रीद्वारकानाथजी	" " " ना चोथा	ला. १४ आश्विन शु. १४, १९२२	०	०	०	
८२४४ श्रीगिरिधरजी	" " " ना पांचमा	ला. १४ माघ शु. ६, १९२७	०	०	०	
२४५ श्रीबालकृष्णजी, श्रीमुरलीधरजी नं. (२४०)	ना प्रथम	ला. १५ भाद्रपद व. ११, १९३०	०	०	०	
२४६ श्रीछगनजी	" " नं. (२४०) ना त्रीजा	ला. १५ फाल्गुन शु. ६, १९३२	०	०	०	
२४७ श्रीलालजी, श्रीमुरलीधरजी	(२४०) ना त्रीजा	ला. १५ मार्ग. व. ११, १९३७	०	०	०	
२४८ श्रीप्रद्युम्नजी	" " ना चोथा	ला. १५ माघ व. १२, १९४४	०	२	०	
२४९ श्रीअनिरुद्धजी	" " ना पांचमा	ला. १५ भाद्रपद शु. १२, १९४६	०	०	०	

नडीयादमां नं. १६७ वाळा श्रीव्रजरत्नजी पे. १२ वाळानी गोद गया हता. त्यांथी सं. १९७१ ना मार्गशीर्षमां जामनगरमां नं. ५६८ वाळा श्रीव्रजेश्वरजी, पे. १३ ना श्रीराधावहुजीए गोद लीधा. हालमां श्रीअनिरुद्धलालजी लीलामां पधार्याथी एमना श्रीवहुजी महाराज नडियाद बिराजे छे.

×२५० **श्रीगोपिकावल्लभजी उ. श्रीमगनजी**(२४०)	ना छठ्ठा	ला. १५ आषाढ शु. २, १९५२	२	१	०	२५१–२५२

आ. नं. २२५ वाळा–श्रीगोवर्धनलालजीनी गोद–श्रीगोकुलाधीशनां मंदीरमां मुंबईमां बिराज्या छे.

×२५१ **श्रीगोकुलनाथजी**	(२५०) ना प्रथम	ला. १६ पोष शु. ४, १९७४/७५	०	१	१	
×२५२ **श्रीमुरलीधरजी**	" " ना बीजा	ला. १६ कार्तिक शु. १, १९८२	०	०	०	
×२५३ **श्रीद्वारकेशलालजी** उपनाम श्रीगिरधरजी	श्रीवल्लभजी (२४१) ना प्रथम	ला. १५ ज्येष्ठ शु. ९, १९४४	२	२	०	२५४–२५५

कोटामां श्रीमथुरेशजीने त्यां श्रीरणछोडलालजी नं. ४२९ पे. ११ वाळाना श्रीमोटा वहुजीए गोद लीधा.

२५४ श्रीलालजी, श्रीद्वारकेशलालजी	(२५३) ना प्रथम	ला. १६ कार्तिक व. ६, १९८३	०	०	०	
×२५५ **श्रीरणछोडजी**	" (२५३) ना बीजा	ला. १६ वैशाख व. ५, १९८९	०	०	०	
२५६ श्रीलालमणिजी उपनाम श्रीकनैयालालजी	श्रीवल्लभजी (२४१) ना बीजा	ला. १५ श्रावण व. ३०, १९५०	१	१	०	२५७

मुंबईमां कोटमां नं. १९९ वाळा श्रीगोकुलालंकारजी पे. १३ ना श्रीगिरिराजबाळाना श्रीचंद्रावेटीजीनी गोद गया.

चालु नंबर.	बालकोना नाम.	पेढी. गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
२५७	श्रीलालजी, श्रीकनैयालालजी (२५६) ना लालजी	१६ चैत्र व. ६, १९६५	०	०	०	
२५८	श्रीवागीशलालजी, श्रीपुरुषोत्तमलालजी (२४२) ना लालजी	१५ ज्येष्ठ व. १४, १९४१	४	२	०	२५९ थी २६२
२५९	श्रीलालजी, श्रीवागीशलालजी (२५८) ना प्रथम ला.	१६ ज्येष्ठ व. ९, १९५७	०	०	०	
२६०	श्रीलालजी ,, (२५८) ना बीजा ला.	१६ भाद्रपद व. ६, १९६२	०	०	०	
×२६१	**श्रीपुरुषोत्तमजी** ,, (२५८) ना त्रीजा ला.	१६ भाद्रपद शु. ४।५, १९७३	१	१	०	२२९
×२६२	**श्रीविठ्ठलनाथजी** ,, (२५८) ना चोथा ला.	१६ श्रावण व. ५, १९७४	०	१	०	

मुंबईमां श्रीलालजीना मंदीरे श्रीनृसिंहलालजी नं. २२३ पे. १४ ना श्रीवहुजी महाराजे गोद लीधा छे.

चालु नंबर.	बालकोना नाम.	पेढी. गुजराती मास. सं. वर्ष.	एमने केटला बालक प्रकट्या.	वहुजी.	बेटीजी.	लालजीनां नंबर.
२६३	श्रीलालजी, श्रीगोकुलोत्सवजी (२२९) ना प्रथम ला.	१२ मार्ग. शु. ९, १८८३	०	१	०	
२६४	श्रीजीवनजी ,, ,, (२२९) ना बीजा ला.	१२ मार्ग. शु. ५, १८८६	०	०	०	
२६५	श्रीलालजी ,, ,, (२२९) ना त्रीजा ला.	१२ फाल्गुन व. १३, १८८८	०	०	०	
२६६	श्रीबालकृष्णजी, श्रीव्रजरमणजी (२३१) ना प्रथम ला.	१२ मार्ग. व. ९, १८७९	०	०	०	
२६७	श्रीलालजी ,, ,, (२३१) ना बीजा ला.	१२ मार्ग. व. ९, १८८२	०	०	०	
२६८	श्रीव्रजरायजी, श्रीव्रजरमणजी नं. (२३१) ना त्रीजा ला.	१२ श्रावण व. १३, १८८७	३	१	०	२६९थी२७१
२६९	श्रीबालकृष्णजी, श्रीव्रजरायजी (२६८) ना प्रथम ला.	१३ श्रावण व. ९, १९११	१	१	०	२७२
२७०	श्रीरघुनाथजी ,, (२६८) ना बीजा ला.	१३ ज्येष्ठ व. ८, १९१३	०	०	०	
२७१	श्रीपन्नालालजी ,, (२६८) ना त्रीजा ला.	१३ आश्विन व. १२, १९१५	०	०	०	
२७२	गोपीनाथजी, श्रीबालकृष्णजी (२६९) ना लालजी	१४ श्रावण व. १२, १९३०	०	०	०	

अत्रे श्रीवल्लभजी पे. ६ नं. १३ नो वंश पुरो थयो छे. एटले श्रीकाकावल्लभजी पे. ६ नं. १३ ना ७ लालजी अने तेमना वंशमां (८७) बालको थया. ते मळीने (९४) थया छे. नं. १७९ वाळा श्रीगिरिधरजी पे. ७ थी नं. २७२ वाळा श्रीगोपीनाथजी पे. १४ सुधी ना (९४) बालको थया छे.

२७३ श्रीपुरुषोत्तमजी, श्रीमुरलीधरजी नं. (१८०) ना प्रथम ला.	८ कार्तिक शु. ६, १७५२	१	१	०	२७६
२७४ श्रीरघुनाथजी „ „ (१८०) ना बीजा ला.	८ पोष व. १०, १७५६	१	१	०	२७८
२७५ श्रीदामोदरजी „ „ (१८०) ना त्रीजा ला.	८ भाद्रपद शु. १, १७६१	१	१	०	२७९
२७६ श्रीवल्लभजी हाथीवाळा } श्रीपुरुषोत्तमजी (२७३) ना लालजी	९ ज्येष्ठ शु. ४, १७८८	१	१	०	२७७

आमनी गोद नं. २२८ वाळा श्रीविठ्ठलेशजी पे. ११ ना विराज्या छे.

२७७ श्रीमुरलीधरजी, श्रीवल्लभजी (२७६) ना लालजी	१० आषाढ शु. ५, १८०९	०	०	०
२७८ श्रीबालकृष्णजी, श्रीरघुनाथजी (२७४) ना लालजी	९ कार्तिक व. २, १७८७	०	०	०
२७९ श्रीविठ्ठलनाथजी, श्रीदामोदरजी (२७५) ना लालजी	९ मार्गशीर्ष शु. ७, १७९१	०	०	०

नं. १८० वाळा श्रीमुरलीधरजी पे. ७ ना वंशमां (७) बालक नं. २७३ थी २७९ सुधी ना थया छे. हवे नं. १३ वाळा श्रीकाकावल्लभजी पे. ६ ना त्रीजा पुत्र नं. १८१ वाळा श्रीगोपालजी पे. ७ नो वंश लखीये छीये. आ वंशमां नं. २८० थी ३४६ सुधीना (६७) बालको थया छे.

२८० श्रीयदुनाथजी, श्रीगोपालजी नं. (१८१) ना लालजी	८ ज्येष्ठ व. ३, १७५६	५	१	०	२८१ थी २८५
२८१ श्रीगोपालजी, श्रीयदुनाथजी (२८०) ना प्रथम ला.	९ भाद्रपद व. १, १७८१	२	१	०	२८६–२८७
२८२ श्रीबालकृष्णजी „ „ ना बीजा ला.	९ चैत्र व. १२, १७८४	०	०	०	
२८३ श्रीलक्ष्मणजी „ „ ना त्रीजा ला.	९ भाद्रपद शु. ५, १७८७	६	१	०	२८८ थी २९३
२८४ श्रीचीमनजी „ „ ना चोथा ला.	९ चैत्र व. १३, १७९०	०	०	०	
૨ ૩૪૭ ૧૭૬૩ ૮ શ્રીગોકુલચન્દ્રજી, શ્રીવ્રજનાથજી (૧૮૪) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીબાલકૃષ્ણજી મુસાબિલ્લીવાળી ડોકરીના હાલમાં બેટ દ્વારકામાં બિરાજે છે.

આ નં. ૧૮૪ વાળા શ્રીવ્રજનાથજી પે. ૭ ને નં. ૧૩ વાળા શ્રીકાકાવલ્લભજીનાં છઠ્ઠા લાલજી અને તેમનાં આ નં. ૩૪૭ વાળા એકજ લાલજી હોવાથી–એટલે–છઠ્ઠા લાલજી નો વંશ પુરો.

૩ ૫૯૨ ૧૭૮૫ ૮ શ્રીવ્રજપાલજી, શ્રીવ્રજાભરણજી (૫૮૮) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા, સે. શ્રીમહાપ્રભુજી ના મંદિરવાલા, વ. ૧, લા. ૧, નં. ૫૯૬

૪ ૧૨૪ ૧૮૨૭ ૧૦ શ્રીગોપાલજી, શ્રીઘનશ્યામજી (૪૧) ના પાંચમા લાલજી (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. નડીયાદ સે. શ્રીબાલકૃષ્ણજી, વ. ૧, લા. ૨, ૧૬૩–૧૬૪

૫ ૪૯૮ ૧૯૮૨ ૧૬ શ્રીગોવર્દ્ધનેશજી, શ્રીકૃષ્ણજીવનજી (૪૯૦) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઇ, સે. શ્રીબાલકૃષ્ણજી રત્નેક્ષત્રાણીના વ. × લા. × બે. ×

વૈશાખ સુદિ ૮ માં બાલકો ૨. અરગજી સુથન, પટુકા પાઘા ગોળ.

૧ ૨૦૪ ૧૮૯૨ ૧૪ શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલાલંકારજી (૧૯૯) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીતપ્રિયજી) નિ. શ્રીગિરિરાજજી, સે. શ્રીમદનમોહનજી, યદુનાથદાસ ધારવાલાના, વ. × લા. × બે. ×

૨ ૨૨૦ ૧૯૩૫ ૧૪ શ્રીવ્રજશિરોમણિજી, શ્રીગોપિકેશજી (૨૧૮) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મહુવા સે. શ્રીદ્વારકાનાથજી, વ. × લા. × બે. ×

વૈશાખ સુદિ ૯ માં બાલક ૧. પિછોડા, સુપેદ, પાઘ છજ્જેદાર.

૧ ૮૩૬ ૧૮૪૭ ૧૦ શ્રીમથુરાનાથજી, શ્રીપુરુષોત્તમજી (૮૨૮) ના ચોથા લા. (ગૃ. યદુનાથજી) નિ. કાશી, સે. શ્રીગોપાલલાલજી લાડબાઇ, ધારબાઇના, વ. × લા. × બે. ×

વૈશાખ સુદિ ૧૦ માં બાલકો ૨. વસ્ત્ર, અરગજી, અલ્લકાચ્છ, ટિપારો.

૧ ૫૧૮ ૧૮૦૯ ૯ શ્રીગોકુલનાથજી, શ્રીચિમનજી (૫૧૩) ના પાંચમા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કચ્છ–માંડવી, સે. શ્રીનટવરજી તથા શ્રીમદનમોહનજી. વ. ૧, લા. × બે. ×

૨ ૫૧૯ ૧૮૧૧ ૯ શ્રીવ્રજનાથજી, શ્રીચિમનજી (૫૧૩) ના છઠ્ઠા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કચ્છ–માંડવી, સે. શ્રીનટવરજી તથા શ્રીમદનમોહનજી, વ. ૧, લા. × બે. ×

વૈશાખ સુદિ ૧૧ માં બાલકો ૨. વસ્ત્ર ગુલાબી, રુપેરી કિનારીના, પિછોડા, કુલ્હે, પિછવાઇ કેસરી.

૧ ૩૫૩ ૧૮૧૦ ૯ શ્રીવ્રજનાથજી, શ્રીમથુરાનાથજી (૩૪૮) ના ત્રીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઇ, સે. શ્રીબાલકૃષ્ણજી રજો ક્ષત્રાણીના. નં. ૧૩ વાલા શ્રીકાકાવલ્લભજી પે. ૬ ના, સાતમા લાલજી નં. ૧૮૫ ના શ્રીગોકુલનાથજી પે. ૭ ના વંશના. વ. × લા. × બે. ×

૨ ૨૦૦ ૧૮૭૮ ૧૩ શ્રીગોપિકાલંકારજી, ઉપનામ શ્રીમટુલાલજી, શ્રીદ્વારકેશજી ઉપનામ શ્રીધનુજીના (૧૯૫) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. ગિરિરાજ, સે. શ્રીમદનમોહનજી, યદુનાથદાસ ધારવાલાના, વ. ૧, શ્રીસુરતબિંદા, લા. ૨, નં. ૨૧૨–૨૧૩ બે. ૩, શ્રીયશોદા, શ્રીગંગા ને શ્રીવ્રજકુંવર. આ શ્રીમટુજી માહારાજે શ્રીડાકોરમાં સં. ૧૯૨૭ અને બેટ દ્વારકામાં સં. ૧૯૩૦ માં છપન્ન ભોગ કર્યાં છે અને રસિકદાસ એ નામની છાપથી બાર માસ તથા નિત્ય પદના કીર્તનો કર્યા છે.

વૈશાખ સુદિ ૧૨ માં બાલક ૧. ગુલાબી-ધોતી ઉપરના, પાઘ છજ્જેદાર ઉપર, શેહેરો ધરાવવો.

૧ ૫૭૬ ૧૮૧૭ ૧૦ શ્રીજગન્નાથજી, શ્રીરાજીવલોચનજી (૫૭૪) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ. સે. શ્રીમદનમોહનજી, ગોપાલદાસ, વાંસવાડાવાલાના. નં.૩૬૫ શ્રીદીક્ષિતજી પે.૪ના ત્રીજા લાલજી નં. ૩૬૮ વાળા શ્રીગોવિંદજી પે. ૫ વાલા નો વંશ.

વૈશાખ સુદિ ૧૩ માં બાલક ૧. પિછોડા કેસરી કોરનો, પાઘ ગોળ.

૧ ૫૭૭ ૧૮૧૯ ૧૦ શ્રીયશોદાનંદનજી, શ્રીરાજીવલોચનજી (૫૭૪) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ. સે. શ્રીમદનમોહનજી, ગોપાલદાસ, વાંસ વાડાનાં, વ. × લા. × બે. × નં. ૩૬૫ શ્રીદીક્ષિતજી પે. ૪ ના ત્રીજા લાલજી નં. ૩૬૮ ના શ્રીગોવિંદજી પે. ૫ નો વંશ.

અ. નં. | વંશાવલી નંબર. | સંવત. | પેઢી. | બાલકનાં નામ. | કયાગૃહના. | નિવાસ. | મુખ્ય સેવ્યસ્વરૂપ. | વહુજી. | લાલજી. | બેટીજી.

વૈશાખ સુદિ ૧૪ માં બાલકો ૪. નૃસિંહ ચતુર્દશીનો ઉત્સવ, અભ્યંગ, સુપેદી રહે, વસ્ત્ર કેશરી.

પિછોડા, કુલ્હે, જોડ ચન્દ્રિકા સાદી, આભરન્ મોતી–હીરાના, વાઘ નખો આવે, સામગ્રી સતુઆ તથા ઉત્સવની. સાંઝના, સન્ધ્યા આર્તી પછે, ગ્વાલ આરોગે પછે, શૃંગાર સુધ્ધા જે સ્વરૂપને પંચામૃત થતા હોય તેને કરાવવા, તિલક વગેરે થયા પછે શીતલ ભોગ આવે, તે પછે શૃંગાર વડો કરવો, શયન ભોગ સર્યા પછે, પુલનો જોડ ધરાવવો; તે પછે ઉત્સવ-ભોગ; શયન–ભોગ; ભેગો આવે; આ ઉત્સવ પછે આઠમે દિવસ અભ્યંગ થાય, આજથી રાજભોગમાં દહીંભાત ધરવો, બીજી–કુલ વિગત વલ્લભ પુષ્ટિ પ્રકાશમાં પાને ૧૭૦–૧૭૧–૧૭૨ માં જોવી.

૧ ૬૬૫ ૧૯૨૯ ૪ શ્રીદ્વારકેશલાલજી, શ્રીબાલકૃષ્ણજી (૬૬૪) ના પ્રથમ લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજીના તિલકાયત) નિ. શ્રીગોકુલ,
સે. શ્રીદ્વારકાનાથજી, વ. ૧, શ્રીજાનકીજી, લા. ૨, ૬૭૧–૬૭૨, બે. ૧, શ્રીગંગાબેટીજી.
એમણે પોતાના, પિતાશ્રીના, અષ્ટોત્તરશત નામ કરેલા છે. એમના શ્રીજાનકી વહુજીએ રાજનગરમાં (અમદાવાદમાં) શ્રીદ્વારકાનાથજી તથા શ્રીબાલકૃષ્ણજી (હાલ સુરતમાં બિરાજે છે.) તેમની સેવા શ્રીવ્રજરાયજી નં. ૭૧૦ વાળાની બીકથી ગુફામાં રહી, ૪ મહિના સુધી કરી છે. ત્યાંથી શ્રીબાલકૃષ્ણજીને છુપાવી સુરત પધરાવી ગયા અને સં. ૧૭૧૧ માં રાજનગરથી શ્રીદ્વારકાધીશને કાંકરોલી પધરાવ્યા છે.

૨ ૭૭ ૧૯૨૮ ૧૬ શ્રીનૃસિંહજી, શ્રીરઘુનાથજી ઉપનામ શ્રીપન્નાલાલજી (૭૪) ના બીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. ઇન્દોર,
સે. શ્રીગોવર્ધનનાથજી, વ. × લા. × બે. ×

૩ ૪૮૬ ૧૯૩૨ ૧૪ શ્રીનૃસિંહજી, શ્રીદામોદરજી (૪૭૭) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. ચાંપાસેની, સે. શ્રીશ્યામ મનોહરજી, વ. × લા. × બે. ×

૪ ૩૧૧ ૧૯૬૧ ૧૫ શ્રીનૃસિંહજી, શ્રીમુરલીધરજી (૩૦૯) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. કોટા, સે. શ્રીછોટામથુરેશજી
વ. × લા. × બે. ×

વૈશાખ સુદિ ૧૫ માં બાલકો ૨. શૃંગાર પહેલા દિવસનો, સામગ્રીમાં દહિથરા, આવે.

૧ ૬૭૧ ૧૯૫૮ ૫ શ્રીઅનિરુધ્ધજી, શ્રીદ્વારકેશજી (૬૬૫) ના પ્રથમ લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. શ્રીગોકુલ,
સે. શ્રીદ્વારકાનાથજી, વ. ૧, શ્રીલક્ષ્મીજી, લા. × બે. ×

૨ ૯૨૩ ૧૯૯૦ ૧૫ શ્રીમાધવરાયજી, શ્રીગોકુલનાથજી (૪૮૯) ના આઠમા લા. (ગૃ. શ્રીનવનીતપ્રિયજી) નિ. મુંબઇ, સે. શ્રીબાલકૃષ્ણલાલજી રત્નેક્ષત્રાણીના. વ. × લા. × બે. ×

વૈશાખ સુદિ ૧ થી સુદિ ૧૫ સુધીમાં (૩૪) બાલકો થયા છે.

સુદિ ૧/૨, ૨/૨, ૩/૩, ૪/૩, ૫/૨, ૬/૨, ૭/૫, ૮/૨ ૯/૧, ૧૦/૨, ૧૧/૨, ૧૨/૧, ૧૩/૧, ૧૪/૪, ૧૫/૨=કુલ્લે ૩૪ બાલકો.

વૈશાખ વદિ ૧ માં બાલકો ૨. વસ્ત્ર શ્વેત મલમલનાં, શ્રૃંગાર સાદો નાની આર્તિ વારપ્રમાણે ફેંટા, આભરન મોતીનાં, કર્ણકુલ ૨ જમણો કતરો આવે. દર્શન ખુલે ત્યારે આડબંધ આવે–ભોગ આવે ત્યારે વડો થાય. પરાતમાં પથ્થરના કટોરામા જલભરાય ટિબારી ચોકમાં જલભરવું. શયનમાં શ્રીયમુનાજીના ભાવથી જલમાં બિરાજે શીતલ ભોગ મેવાની ખીચડી શય્યા પાસ આવે.

૧ ૭૦૦ ૧૮૨૬ ૧૦ શ્રીગોપાલજી, શ્રીવલ્લભજી (૬૮૩) ના લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી), નિ. કાંકરોલી સે. શ્રીમથુરેશજી, ગોવિંદદાસ ભલાનાં, વ. ૧ શ્રીમિત્રવિંદા લા. ૩, ૭૦૧ થી ૭૦૩; બે. × ×
આમના લાલજી ૭૦૩ વાળા શ્રીવ્રજપાલજી પે. ૧૧ ના શ્રીમદનમોહનજી સાતમા સ્વરૂપના તિલકાયત થયા છે.

૨ ૭૮ ૧૯૩૮ ૧૬ શ્રીદેવકીનંદનજી, શ્રીગોવિંદરાયજી ઉપનામ શ્રીલસ્કરીયાલાલજી (૭૫) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી), નિ. ઉન્દોર, સે. શ્રીગોવર્ધનનાથજી હાલ, સિંધમાં ફર્યાકરે છે. ઘોડાનો ઘણો શોખ છે. ઘણાને ચમત્કાર બતાવ્યા છે ને બતાવે છે. વ. ૧, લા. ૧ નં. ૮૦, બે. ×

વૈશાખ વદિ ૨ માં બાલક ૧. શ્રૃંગાર, પરદનીનો, પાઘ ગોલ, કતરા.

૧ ૫૧૬ ૧૮૦૫ ૯ શ્રીગોપોત્સવજી, શ્રીચિમનજી (૫૧૩) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથરેશજી) નિ. કચ્છ–માંડવી સે. શ્રીનટવરજી વ. ૧ લા. ૧ ૫૨૮, બે. ×

વૈશાખ વદિ ૩ માં બાલકો ૨. વસ્ત્ર ગુલાબી, સૂથન પટકા, પાઘ ગોલ, ચન્દ્રિકા સાદી.

૧ ૩૭૬ ૧૭૫૫ ૮ શ્રીગોપાલજી, શ્રીગિરિધરજી (૩૭૨) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા સે. શ્રીમથુરેશજી નં. ૩૭૯ વાલા શ્રીમથુરામલ્લજી પે. ૯ ના કાકાજી. વ. ૧, લા. ૩, ૩૯૬ થી ૩૯૮, બે. ×

અ. નં. | વંશાવલી નંબર. | સંવત. | પેઢી. | બાલકનાં નામ. | કયાગૃહના. નિવાસ. મુખ્ય સેવ્યસ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.

૨ ૬૧૪ ૧૯૪૮ ૧૩ શ્રીલાલજી, શ્રીગોપાલજી (૬૧૨) ના લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા, સે. શ્રીમોટાયહા પ્રભુજી નં. ૩૬૫ વાલા શ્રીદીક્ષિતજી પે. ૪ ના નં. ૩૬૯ વાલા શ્રીરામકૃષ્ણજી પે. ૫ ના વંશમાં.

વૈશાખ વદિ ૪ માં બાલકો ૨. વસ્ત્ર ચન્દની પિછોડા, ટિપારો, કતરા, ચન્દ્રિકા સાદી.

૧ ૭૦૭ ૧૯૦૫ ૧૨ શ્રીલાલજી, શ્રીવ્રજપાલજી (૭૦૩) ના લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. કામવન, સે. શ્રીમદનમોહનજી વ. × લા. × બે. ×

૨ ૭૬ ૧૯૨૪ ૧૬ શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીરઘુનાથજી (૭૪) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલનાથજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીગોવર્ધનનાથજી. વ. × લા. × બે. ×

વૈશાખ વદિ ૫ માં બાલકો ૨. મંગલ ભોગમાં શિખરન રોટી, વસ્ત્ર મરજીપ્રમાણે.

૧ ૧૪૮ ૧૯૩૪ ૧૫ શ્રીલાલજી, શ્રીદેવકીનંદનજી (૧૪૦) ના બીજા લા. (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. કામવન, સે. શ્રીગોકુલ-ચન્દ્રમાજી. વ. × લા. × બે. ×

૨ ૨૫૫ ૧૯૮૯ ૧૬ શ્રીરણછોડજી, શ્રીદ્વારકેશલાલજી ઉપનામ શ્રીગિરિધરજી (૨૫૩) ના બીજા લા. { ગૃ. શ્રીનવનિત પ્રિયજી તથા શ્રીમથુરેશજી, } (નિ. કોટા, જતિપુરા, મુંબઈ.) સે. શ્રીમથુરેશજી કોટામાં ને શ્રીબાળકૃષ્ણલાલજી જતિપુરમાં. વ. × લા. × બે. ×

વૈશાખ વદિ ૬ માં બાલકો ૨. કિનારી વગરનો પિછોડા, વારપ્રમાણે ફેંટા.

૧ ૪૫૭ ૧૭૫૧ ૮ શ્રીવિઠ્ઠલરાયજી, શ્રીદામોદરજી (૪૪૪) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. ચાંપાસેની, સે. શ્રીશ્યામમનોહરજી સૂરદાસજીના વ. ૨, શ્રીસત્યભામા તથા શ્રીવહુજી } લા. ૨, ૪૫૯–૪૬૦, બે. ×

૨ ૬૮૩ ૧૭૮૧ ૯ શ્રીવલ્લભજી, શ્રીગિરિધરજી (૬૭૯) ના ત્રીજા લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. કાંકરોલી, સે. શ્રીછોટા દ્વારકાનાથજી વ. ૧, લા. ૧, ૭૦૦, બે. ×

વૈશાખ વદિ ૭ માં બાલકો ૨. વસ્ત્ર કેશરી કોરનો પિછોડા, પાઘ છજ્જેદાર.

૧ ૬૧૮ ૧૭૦૪ ૫ શ્રીરમણજી, શ્રીગોપિશજી (૬૧૪) ના ચોથા (ગૃ. શ્રીમદનમોહનજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીમદનમોહનજી, વ. ૨, લા. ૧, ૬૧૯, બે. ×

૨ ૨૮૭ ૧૮૦૭ ૧૦ શ્રીમધુસૂદનજી, શ્રીગોપાલજી (૨૮૧) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. પોરબંદર,
સે. શ્રીમદનમોહનજી વ. ૧, લા. × બે. × નં. ૧૩ શ્રીકાકાવલ્લભજી પે. ૬ ના ત્રીજા લા. નં. ૧૮૧
વાલા શ્રીગોપાલજી પે. ૭ નો વંશ.

વૈશાખ વદિ ૮ માં બાલક ૧. વસ્ત્ર અરગજી સાદા, પાઘ ગોલ ચન્દ્રિકા છોટી પિછોડા, આભરન મોતીના કર્ણફુલ ૨, શૃંગાર હલકો, ચન્દ્રિકા નાની, ચન્દન ધરાવવું, જળભરવું, અક્ષયતૃતિયાપ્રમાણે શ્રીઅંગમાં—ચન્દનની ખોર આવે. બીજા આભરન વડા કરી. ફુલના ધરાવવા. અનોસરમાં ખડબુચાનો પણો. મેવાની ખીચડી વગેરે; સંધ્યા આરતી પછી બધું વડુ કરી, સ્નાન કરાવી, હલકો શૃંગાર કરી, રીતપ્રમાણે શયનભોગ ધરાવી; પછે રીતપ્રમાણે પોઢે વધુવીગત વલ્લભ પુષ્ટિ પ્રકાશમાં ૧૭૪ પાને જોવું.

૧ ૭૪૮ ૧૬૫૦ ૪ શ્રીવ્રજરત્નજી, શ્રીગોકુલનાથજી (૭૪૫) ના ત્રીજા લા. (ગૃ. શ્રીગોકુલનાથજી) નિ. શ્રીગોકુલ,
સે. શ્રીગોકુલનાથજી વ. × લા. × બે. ×

વૈશાખ વદિ ૯ માં બાલકો ૨. વસ્ત્ર સુપેત પરદની, પાઘ ગોલ, ચન્દ્રિકા સાદી.

૧ ૮૪૨ } જોડીઆં ૧૮૯૧ ૧૨ } શ્રીમુરલીધરજી તથા } શ્રીવિઠ્ઠલનાથજી (૮૩૮) ના લાલજીઓ (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શ્રીમથુરાજી
૨ ૮૪૩ } ૧૮૯૧ ૧૨ } શ્રીલાલજી } સે. શ્રીમદનમોહનજી વ. × લા. × બે. ×

વૈશાખ વદિ ૧૦ માં બાલક ૧. વસ્ત્ર ફુલ ગુલાબી, સુથન, પટુકા, ફેંટા.

૧ ૭૬૫ ૧૬૯૬ ૬ શ્રીગોકુલનાથજી, શ્રીવલ્લભજી (૭૬૨) ના પ્રથમ લા. (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. શ્રીગોકુલ.
સે. શ્રીગોકુલચન્દ્રમાજી વ. ૧, લા. ૧, નં. ૭૬૮; બે. ×

વૈશાખ વદિ ૧૧ માં બાલકો ૩. વસ્ત્ર અરગજી પિછોડા, પાઘ ગોલ, સ્વરુપશ્યામ હોયતો ચન્દન ધરાવવું, વિના કેસરની સુપેદ ચોલી, તેમાં કેસરનાં ટપકાં આવે, આજે ખડબુચાનો મનોરથ મનાય.

૧ ૫૭૮ ૧૮૨૧ ૧૦ શ્રીવ્રજરત્નજી, શ્રીરાજીવલોચનજી (૫૭૪) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ,
સે. શ્રીમદનમોહનજી વાંસવાડાવાલાના વ. ૧, શ્રીભામીનીજી, લા. ૧, ૫૮૦; બે. ૧ શ્રીવ્રજપ્રિયજી.
આમનાં શ્રીવ્રજપ્રિયજી બેટીજીએ; પોતાના માતુશ્રી, શ્રીભામિની વહુજીની ગોદ નં. ૧૩૭ ના
શ્રીગોકુલનાથજી પે. ૧૩ ના ને લીધા છે.

અ. નં. | વંશાવલી નંબર. | સંવત. | પેઢી. | બાલકનાં નામ. | કયાગૃહના. | નિવાસ. | મુખ્ય સેવ્યસ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.

૨ ૨૦૮ } જોડિયા ૧૮૯૯ ૧૪ શ્રીલાલજી તથા
૩ ૨૦૯ } ૧૮૯૯ ૧૪ શ્રીલાલજી } શ્રીગોકુલાલંકારજી (૧૯૯) ના { પાંચમા તથા છઠ્ઠા } લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) } નિ. શ્રીગિરિરાજ,
સે.શ્રીમદનમોહનજી યદુનાથદાસ ધારવાલાના, વ. × લા. × બે. ×

વૈશાખ વદિ ૧૨ માં બાલકો ૨. વસ્ત્ર–ચમ્પઈ, ધોતી ઉપરના, દુમાલો–શેહરો, સામગ્રી ઉપરેટાની.

૧ ૬૮૫ ૧૭૯૦ ૧૦ શ્રીમુરલીધરજી, શ્રીવ્રજભૂષણજી (૬૮૧) ના બીજા લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. કાંકરોલી,
સે. શ્રીદ્વારકાનાથજી, વ. ૧, લા. × બે. ૩.

૨ ૪૯૨ ૧૯૭૦ ૧૫ શ્રીદીક્ષિતજી, શ્રીગોકુલનાથજી (૪૮૯) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી તથા શ્રીનવનિત પ્રિયજી,)
નિ. કૃષ્ણગઢ અને મુંબઈ સે. (શ્રીબાલકૃષ્ણજી રત્નેક્ષત્રાણીનાં મુંબઈમાં). વ. ૧, લા. ૧, ૯૩૯, બે. ૨
આમને શ્રીકોટાના શ્રીજીવનલાલજી નં. ૪૩૧ ના પે. ૧૨ નાં શ્રીવહુજી–શ્રીપ્રભાવતીજી ઉપનામ
શ્રીચંચુલાલીએ ગોદ લીધા છે. ને શ્રીકૃષ્ણગઢ દરબારે મંદીર ભેટ કરવાથી કૃષ્ણગઢના કહેવાય છે.

વૈશાખ વદિ ૧૩ માં બાલક ૧. વસ્ત્ર–ચન્દની આડબન્ધ, વારનો ફેંટો, કતરા, ચન્દ્રિકા સાદી.

૧ ૮૮૭ ૧૮૧૨ ૯ શ્રીબાલકૃષ્ણજી, શ્રીમુરલીધરજી (૮૧૪) ના પ્રથમ લા. (ગૃ. શ્રીયદુનાથજી), નિ. કડી–ગુજરાત,
સે.શ્રીગોપાલલાલજી, વ. × લા. × બે. ×

વૈશાખ વદિ ૧૪ માં બાલકો ૪. વસ્ત્ર સુપેદ પિછોડા, પાગ ગોલ, કતરા.

૧ ૬૫૫ ૧૬૬૬ ૫ શ્રીમાધવરાયજી, શ્રીકૃષ્ણરાયજી (૬૪૩) ના ચોથા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજીનુ), નિ. શ્રીગોકુળ,
સે. શ્રીવિઠ્ઠલેશજી, વ. ૧, લા. ૧, નં. ૬૬૦, બે. ×

૨ ૮૯૧ ૧૮૩૯ ૯ શ્રીગોવિંદજી, શ્રીમુરલીધરજી (૮૧૪) ના પાંચમા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. કડી, સે. શ્રીગોપાલલાલજી
વ. × લા. × બે. ×

૩ ૫૬૭ ૧૯૦૮ ૧૩ શ્રીવિઠ્ઠલેશજી, શ્રીદ્વારકાનાથજી (૫૬૨) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. પોરબંદર,
સે. શ્રીમદનમોહનજી–રાજાજયમલના શ્રીશોભા વહુજી નાં મંદિરવાલા; સં. ૧૯૪૦ માં વ્રજયાત્રા
૩ માસની કરી છે. વ. × લા. × બે. ×
આમને ધોળ ગાવાનો ઘણોજ અભ્યાસ હતો.

૪ ૯૩૨ ૧૯૮૭ ૧૬ શ્રીવ્રજાધીશજી, શ્રીકૃષ્ણરાયજી ઉપનામ શ્રીગિરિધરજી (૪૯૦) ના પાંચમા લા. } (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઇ, સે. શ્રીબાલકૃષ્ણજી રત્નેક્ષત્રાણીના. વ. × લા. × બે. ×

વૈશાખ વદિ ૩૦ માં બાલક ૧. વસ્ત્ર ફુલ ગુલાબી; સૂથન–પટકા, પાગ, ધોએલી ઉડદની દાલ, સતુવા, ખડબુચા-નિત્ય, પણો. ખડબુચાનોજ. આંબરસ રાજભોગમાં આવે તે દિવસે પણો નહિં; શયનમાં બીલસારૂ રોટી, છોડાવાલી મગની દાલ વગેરે શયનમાં. જુઓ વલ્લભપુષ્ટિ પ્રકાશ પાનું ૧૭૫.

૧ ૩૮૬ ૧૭૯૭ ૧૦ શ્રીદ્વારકાનાથજી, શ્રીમથુરામલ્લજી (૩૭૯) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા; સે. શ્રીમથુરેશજી, વ. ૧, લા. ૧, નં. ૩૮૯; બે. × આ નં. ૩૬૫ ના શ્રીદિક્ષિતજી પે. ૪ ના નં. ૩૬૬ વાળા શ્રીવલ્લભજી પે. ૫ ના મોટાલાલજી તેના વંશના.

વૈશાખ વદિ ૧ થી ૦)) સુધીમાં ૨૮ બાલકો થયા છે.

વદિ $\frac{૧}{૧}$, $\frac{૨}{૧}$, $\frac{૩}{૨}$, $\frac{૪}{૨}$, $\frac{૫}{૨}$, $\frac{૬}{૨}$, $\frac{૭}{૨}$, $\frac{૮}{૧}$, $\frac{૯}{૨}$, $\frac{૧૦}{૧}$, $\frac{૧૧}{૩}$, $\frac{૧૨}{૨}$, $\frac{૧૩}{૧}$, $\frac{૧૪}{૪}$, $\frac{૩૦}{૧}$=૨૮ કુલ્લે બાલકો થયા છે.

અ. નં.	વંશાવલી નંબર.	સંવત.	પેઢી.	બાલકનાં નામ. કયાગૃહના. નિવાસ. મુખ્ય સેવ્ય સ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.
જ્યેષ્ઠ સુદિ ૧ માં બાલક ૧. વસ્ત્ર—અરગજી, પરદની ફેંટા, જલભરાવવું આભરન, મોતીના મોરશિખા.				
				બીજુ સામગ્રીમાં નવરાત્રમાં બુંદીનો પ્રકાર આવે છે, તેમ બધી વસ્તુ જે બનતી હોય તેમાં બુંદી આવે. આજથી ઓસરે ખડબુચા ને આંબા આવે. એક દિવસ, આજથી અનુકળતાએ આખો દિવસ આંબા ધરાવવા. બને ત્યારે, શયનમાં કુલમંડલી કરવી.
૧	૩૭૪	૧૭૨૯	૭	શ્રીજીવનજી, શ્રીરણછોડજી (૩૭૦) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. બુંદી, સે. શ્રીગોપાલલાલજી વ. ૧, લા. ૨, નં. ૪૨૨-૪૨૩ બે. × જેમના પંતી નં. ૪૨૮ પે. ૧૦ ના શ્રીકનૈયાલાલજી કોટાવાલા છે તે.
જ્યેષ્ઠ સુદિ ૨ માં બાલકો ૨. વસ્ત્ર—ચમ્પઈ, પિછોડા પાઘ, વારપ્રમાણે ખીડકીની.				
૧	૮૦૧	૧૬૪૪	૪	શ્રીબાલકૃષ્ણજી, શ્રીજદુનાથજી (૭૯૭) ના ચોથા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીબાલકૃષ્ણજી વ. × લા. × બે. ×
૨	૬૪૮	૧૬૭૫	૬	શ્રીગોવિંદજી, શ્રીહરિરાયજી શિક્ષાપત્રવાલા (૬૪૫) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીવિઠ્ઠલેશજી. વ. × લા. × બે. ×
જ્યેષ્ઠ સુદિ ૩ માં બાલકો ૩. વસ્ત્ર—કેસરી, પિછોડા કુલ્હે, સામગ્રી ઘેવરની.				
૧	૮૦૪ } જોડકા	૧૬૬૪	૫	શ્રીમુરલીધરજી તથા } શ્રીમદુસૂદનલાલજી (૭૯૮) ના { બીજા તથા લાલજી (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શ્રીગોકુલ;
૨	૮૦૫ }	૧૬૬૪	૫	શ્રીમથુરાનાથજી } { ત્રીજા
				સે. શ્રીકલ્યાણરાયજી તથા શ્રીગોપીનાથજી નં. ૮૦૪ ના શ્રીવહુજી ૧, લા. ૧, નં. ૮૯૬ બે. ×; અને નં. ૮૦૫ ના વ. × લા. × બે. ×
૩	૮૨૨	૧૮૭૫	૧૧	શ્રીવલ્લભજી, શ્રીપ્રદ્યુમ્નજી (૮૧૯) ના બીજા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શેરગઢ, સે. શ્રીકલ્યાણરાયજી; વ. × લા. × બે. ×
જ્યેષ્ઠ સુદિ ૪ માં બાલકો ૨. વસ્ત્ર—સુપેત, પાઘ પિછોડા.				
૧	૩૭૧	૧૬૭૯	૬	શ્રીમોહકજી, શ્રીપ્રભુજીના (૩૬૬) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ, શ્રીમથુરેશજી આમના શ્રીવહુજી માહારાજ ને શ્રીમથુરાધીશજી અમ્મા કહેતા અને એમણે શ્રીમથુરેશજી ને શયન ભોગમાં લીટી (બાટી) ચાલુ કરી છે.

૨ ૨૭૬ ૧૭૮૮ ૯ શ્રીવલ્લભજી, શ્રીપુરુષોત્તમજી (૨૭૩) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીબાલકૃષ્ણજી, મુસાબિલ્લી વાળા (હાલમાં બેટ દ્વારકામાં બિરાજે છે). વ. ૧ શ્રીજાનકીજી; લા. ૧, નં. ૨૭૭; બે. × આમના (૫૨) બાવન વચનામૃત છે; આમની ગોદ નં. ૨૨૮ વાલા શ્રીવિઠ્ઠલેશજી, પે. ૧૧ ના બિરાજ્યા છે.

જ્યેષ્ઠ સુદિ ૫ માં બાલકો ૨. વસ્ત્ર–ચમ્પઈ, ધોતી ઉપરના, પાઘ વારપ્રમાણે.

૧ ૪૩ ૧૭૮૫ ૧૦ શ્રીગોવિંદજી, શ્રીરઘુનાથજી (૩૮) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર; સે. શ્રીવિઠ્ઠલનાથજી તિલકાયત, વ. ૧, લા. ૩, નં. ૪૭ થી ૪૯, બે. ૧ શ્રીવ્રજપ્રિયજી.

૨ ૨૧૨ ૧૯૨૨ ૧૪ શ્રીમથુરાનાથજી, શ્રીગોપિકાલંકારજી ઉમનામ શ્રીમટ્ટુજી (૨૦૦) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીગિરિરાજ, સે. શ્રીમદનમોહનજી જદુનાથદાસ ધારવાળાના. વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ સુદિ ૬ માં બાલકો ૨. વસ્ત્ર–સુપેત, સૂથન પટુકા, પાઘ ગોલ.

૧ ૬૭૦ ૧૬૪૪ ૪ શ્રીપુરુષોત્તમજી, શ્રીબાલકૃષ્ણજી (૬૬૪) ના છઠ્ઠા લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીદ્વારકાનાથજી; વ. ૧, લા. ૧, ૭૪૪; બે. ×

૨ ૭૧૩ ૧૭૦૦ ૬ શ્રીપીતાંબરજી, શ્રીયદુપતીજી (૭૦૯) ના લા (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીદ્વારકાનાથજી, વ. ૧, શ્રીકૃષ્ણપ્રિયજી, લા. ૧, નં. ૭૧૫, બે. ×

જ્યેષ્ઠ સુદિ ૭ માં બાલકો ૩. વસ્ત્ર–સુપેત, કિનારીના મલ્લકાછ ટિપારો.

૧ ૭૮૮ ૧૭૨૮ ૭ શ્રીગોકુલચન્દ્રજી, શ્રીજયદેવજી (૭૬૭) ના પ્રથમ લા. (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. કામવન, સે. શ્રીચન્દ્ર–માજી વ. ૧, લા. ૧–૭૯૦, બે. ×

૨ ૬૮૪ ૧૭૮૮ ૧૦ શ્રીવ્રજનાથજી, શ્રીવ્રજભુષણજી (૬૮૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. કાંકરોલી, સે. શ્રીદ્વારકાનાથજી તિલકાયત, વ. ૨, શ્રીપદ્માવતીજી, શ્રીચારૂમતીજી; લા. ૩, ૬૮૬ થી ૬૮૮ બે. ×

૩ ૫૫૮ ૧૮૭૭ ૧૨ શ્રીશ્યામલજી, શ્રીવ્રજવલ્લભજી (૫૫૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. જુનાગઢ, સે. શ્રીદામોદરજી, ગોરજાસમરાઈના તથા શ્રીમદનમોહનજી, દયાભૈયાના. વ. × લા. × બે. ×

અ. નં.	વંશાવલી નંબર.	સંવત.	પેઢી.	બાલકનાં નામ. કયા ગૃહના. નિવાસ. મુખ્ય સેવ્યસ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.

જ્યેષ્ઠ સુદિ ૮ માં બાલક ૧. વસ્ત્ર—ગુલાબી, પિછોડા—શેહેરો.

૧	૫૩	૧૮૩૫	૧૨	શ્રીગોપેશ્વરજી, શ્રીગોકુલોત્સવજી (૪૯) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીવિઠ્ઠલનાથજી, વ ૧, લા. ૨, ૫૯–૬૦ બે. ×

આ નં. ૫૩ વાલા, શ્રીયોગિગોપેશ્વરજી ના નામથી ઓળખાય છે. લૌકીકમાં બાવરા, અને અલૌકીકમાં ઘણાજ નિપુન વિદ્વાન હતા, એમણે ભક્તિ માર્તંડ, અણુભાષ્ય ઉપર, અને શ્રીરહષ્મીજી સંસ્કૃતમાં કરેલ છે. હાલમાં આખોસટ શેઠ મુલજી જેઠાની કું. તરફથી છપાઈ રહેવા આવ્યો છે. હરનિશ શ્રીસુબોધનીજી વાંચતા. એક દિવસ શ્રીનાથજી ના શ્રૃંગાર કરતા હતા, તે વખતે લાલબાગમાં, શ્રીનાથજીની ગાયને સિંહે પકડી. ત્યારે ભીંતમાં સિંહને હાથની થપ્પડ મારી. સિંહ, ગાયને મુકી ભાગી ગયો. એટલામાં ખબર આવી કે શ્રીગોપેશ્વરજીએ, લાલબાગમાં સિંહને થપ્પડ મારી, ને શ્રીનાથજીની ગાય બચાવી. પછી એક દિવસ શ્રીનાથજીના મંદિરમાં પધારતા હતા, એટલામાં શ્રીદાઉજી માહારાજના બન્ને શ્રીવહુજી માહારાજ લડતા હતા, હુકમ સારૂ; આપે પુછયું શાકારણથી લડે છે. કામ સારૂ લડે છે. આપે કહયું હમારે કોઈ ઉપર હુકમ કરવો નહિં. અને તેથી કોઈને કહેતાજ નહીં કે અમુક કામ તું કર. આવી ઘણી વાર્તા છે.

જ્યેષ્ઠ સુદિ ૯ માં બાલકો ૨. વસ્ત્ર—ચમ્પઈ, આડબન્ધ, ફેંટા કતરા.

૧	૫૨	૧૮૬૮	૧૨	શ્રીલક્ષ્મણજી, શ્રીવિઠ્ઠલેશરાયજી (૪૮) ના ત્રીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીદ્વાર, સે. શ્રીવિઠ્ઠલેશજી. વ. લા. બે.
૨	૨૫૩	૧૯૪૫	૧૫	શ્રીદ્વારકેશલાલજી ઉપનામ શ્રીગિરધરજી } શ્રીવલ્લભજી (૨૪૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીતપ્રિયજી) નિ. મુંબઈ, કોટા, જતિપુરા સે. શ્રીમથુરેશજી કોટામાં, ને શ્રીબાલકૃષ્ણજી શ્રીદાઉજીના જતિપુરામાં. વ. ૨ શ્રીકૃષ્ણપ્રિયજી તથા શ્રીવહુજી, લા. ૨, નં. ૨૫૪–૨૫૫; બે. ૩ શ્રીકુંજલતાજી, શ્રીનિકુંજલતાજી, શ્રીયમુના બેટીજી,

આમને શ્રીકોટામાં શ્રીમથુરેશજીને ત્યાં, નં. ૪૨૯ શ્રીરણછોડલાલજી પે. ૧૧ ના શ્રીવહુજી શ્રીકૃષ્ણાવતીજી એ ગોદ લીધા છે.

જ્યેષ્ઠ સુદિ ૧૦ માં બાલકો ૨. દશહરા, શ્રીયમુનાજીનોઉત્સવ, તથા શ્રીગંગાજીનો. જલ મંદિરમાં હોદમાં ભરવા, વસ્ત્ર–અરગજી, સાદા પિછોડા, પાવ વારપ્રમાણે ખિડકીની, આભરન હીરાના, કર્ણફુલ ૨, ઘુંટું સુધીના શૃંગાર સામગ્રી વગેરે, વધુસેવાનો પ્રકાર–વલ્લભ પુષ્ટિપ્રકાશમાં પાને ૧૭૬–૧૭૭ જોઈ લેવો.

૧ ૩૬૦ ૧૮૬૪ ૧૧ શ્રીગિરધરજી, શ્રીવિઠ્ઠલેશજી (૩૫૮) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીતપ્રિયજી) નિ. મુંબઈ, સે. શ્રીબાલકૃષ્ણજી રત્નોક્ષત્રાણીના વ. × લા. × ઐ. ×
નં. ૧૩ શ્રીકાકાવલ્લભજી પે. ૬–ના સાતમાં લાલજી નં. ૧૮૫ શ્રીગોકુલનાથજી પે. ૭ ના વંશમાં છે.

૨ ૩૦૮ ૧૯૩૩ ૧૪ શ્રીવલ્લભજી, શ્રીગોપાલલાલજી (૩૦૪) ના લાલજી (ગૃ. શ્રીનવનીતપ્રિયજી) નિ. કાંકરોલી, સે. શ્રીમથુરેશજી, શ્રીગોવિંદદાસ ભલાના.

જ્યેષ્ઠ સુદિ ૧૧ માં બાલકો ૫. વસ્ત્ર–ફુલ ગુલાબી, પિછોડા ટિપારો.

૧ ૭૩૫ ૧૭૩૮ ૭ શ્રીપુરુષોત્તમજી, શ્રીમુરલીધરજી (૭૨૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. સુરત, સે. શ્રીબાલકૃષ્ણજી, વ. ૧, લા. ૨–૧૩૭–૧૩૮, ઐ. × જેમણે શ્રીનાથજીને મોજા ધરાવ્યા હતાં.

૨ ૭૧૬ ૧૭૪૯ ૮ શ્રીયદુપતિજી, શ્રીપુરુષોત્તમજી લેખવાલા (૭૧૫) ના લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. સુરત, સે. શ્રીબાલકૃષ્ણજી, સુરતમાં બિરાજે છે. શ્રીદ્વારકાનાથજીની ગોદના. વ. × લા. × ઐ. ×

૩ ૫૦૯ ૧૭૬૫ ૮ શ્રીવ્રજભૂષણજી, શ્રીમથુરાનાથજી (૪૪૫) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. નગર ઠઠ્ઠા, સિંધ, સે. શ્રીમદનમોહનજી, હાલ પોરબંદરમાં, શ્રીગોપીનાથજીની હવેલીમાં બિરાજે છે. વ. ૧ શ્રીમાહારાણીજી. લા. × ઐ. ×

૪ ૮૧૨ ૧૭૮૩ ૮ શ્રીયદુનાથજી, શ્રીપ્રદ્યુમ્નજી (૮૧૦) ના પ્રથમ લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શેરગઢ, સે. શ્રીકલ્યાણરાયજી, વ. ૧, લા. ૨, ૮૧૭–૮૧૮, ઐ. ×

૫ ૮૭ ૧૯૦૧ ૧૪ શ્રીપુરુષોત્તમજી, શ્રીકલ્યાણરાયજી (૮૪) ના બીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલનાથજી) નિ. શ્રીજીદ્વાર તથા પુના, સે. શ્રીવિઠ્ઠલનાથજી, વ. × લા. × ઐ. ×

જ્યેષ્ઠ સુદિ ૧૨ માં બાલકો ૩. વસ્ત્ર–કેસરી, પિછોડા, કુલ્હે, આભરન, હીરાના, જોડસાદી, સામગ્રી-કેસરી-ઘેભર, શયનમાં, આમરસ રોટી, ફુલમંડલી કરવી.

૧ ૬૪૬ ૧૬૪૯ ૫ શ્રીગોપેશ્વરજી, શ્રીકલ્યાણરાયજી (૬૪૧) ના બીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીવિઠ્ઠલનાથજી, વ. ૧, લા. ૧–૬૫૧, ઐ. × જેણે શિક્ષાપત્ર પર ટીકા કરી છે.

અ. નં. | વંશાવલી નંબર. | સંવત. | પેઢી. | બાલકનાં નામ. | કયાગૃહના. નિવાસ. મુખ્ય સેવ્ય સ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.

૨ ૪૦ ૧૭૭૧ ૯ શ્રીકલ્યાણરાયજી, શ્રીગિરધરજી (૧૬) ના ત્રીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર સે. શ્રીવિઠ્ઠલેશજી, વ. ૨, શ્રીયમુનાવહુજી તથા શ્રીવહુજીઃ—લા. ૩, ૧૧૬-૧૧૭-૧૧૮, બે. × (વધુ વીગત જોવાની છે.)

૩ ૧૯૫ ૧૮૫૨ ૧૨ શ્રીદ્વારકેશજી ઉપનામ શ્રીઘનુજી } શ્રીમથુરાનાથજી (૧૯૩) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીગિરિરાજ, સે. શ્રીમદનમોહનજી, જદુનાથદાસ ધારના, વ. ૧, શ્રીપાર્વતીજી, લા. ૫, ૧૯૯ થી ૨૦૩, બે. ૧, શ્રીવસંતીજી.

આમને પૂર્ણ વૈરાગ્ય હતો. નિબંધ અને શ્રીસુબોધનીજીની ઘણી આવૃતી કરી છે. શિક્ષા શ્લોકીની સંસ્કૃત ટીકા કરી છે. ચરણાર્વિંદથી પધારી પૃથ્વી પરિક્રમા કરી છે. ચાર વાર છપ્પન્ન ભોગ કર્યા છે. નંદગામ, શ્રીગિરિરાજ, મોટા દાઉજી, અને મથુરામાં કૃષ્ણ ગંગાના ઘાટ પર. ત્યાં મથુરામાં છપ્પન્ન ભોગ વખતે રાત્રીમાં ઘી ઘટ્યું; ભીતરિઆઓએ પોકાર કર્યો; આપે આજ્ઞા કરી કે, શ્રીયમુનાજીમાંથી ગાગરો ભરી લાઓ; તે ભરી લાવ્યા; સામગ્રી સિદ્ધ થઈ; પછી સહાવારે જેટલી ગાગરો શ્રીયમુનાજીમાંથી લાવ્યાં હતાં તેટલી ગાગરો ઘીની શ્રીયમુનાજીમાં પધરાવી. શ્રીનાથજીમાં સાત સ્વરૂપના મનોરથમાં પોતે પરિચારક હતા; સં. ૧૮૭૯; સાત સ્વરૂપ પધાર્યા તેના પ્રકારની પહેલેથી છેલ્લે સુધીનું પુસ્તક આપ શ્રીએ બનાવ્યું. તેના પ્રસંગ ૧૨ છે તે લખેલા છે. અને શ્રીમુકુન્દરાયજીની વાર્તા પણ આપેજ લખી છે. બીજા બાલકોના યશનું વર્ણન પણ કર્યું છે. સાત સ્વરૂપના અન્નકૂટ વખતે (૬૪) બાલકો પધાર્યા હતા. તેનું વર્ણન છે. શ્રીમદ્‌ભાગવત કંઠાગ્રહ હતું. ને પાઠ ઉલટી રીતે કરતા. દ્રવ્યનો સંગ્રહ રાખતા નહિં. જે આવતું તે સેવામાંજ વાપરી દેતા; એમનું શ્રીગિરિરાજજીમાં મંદિર હતું:—એમની બેઠક કોડીનાર-સાવરકુન્ડલા, (કાઠિઆવાડમાં છે.) ત્યાં છે.

જ્યેષ્ઠ સુદિ ૧૩ માં બાલક ૧. વસ્ત્ર—કેસરી, ધોતી ઉપરના, પાગ ગોલ, શેહેરો; આભરન મોતીના, દહીંની સેવના લાડુ ભોગમાં આવે છે. ટીકેત શ્રીગિધારીજી માહારાજનો જન્મ દિવસ.

૧ ૬૬ ૧૮૯૯ ૧૫ શ્રીગિરિધારીજી તિલકાયત, શ્રીગોવિંદજી (૬૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનાથજી તિલકાયત) નિ. શ્રીજીદ્વાર; સે. શ્રીનવનીતપ્રિયજી, શ્રીનાથજી; વ. ૫, શ્રીભામિનીજી, શ્રીભાગીરથીજી, શ્રીમહાલક્ષ્મીજી, અને બીજા ૨) બે; લા. ૨, ૬૭-૬૮. બે, ૧ શ્રીબેનાજી.

એમને સં. ૧૯૩૨ ની સાલથી શ્રીનાથજીનો વિયોગ થયો. નાથદ્વારા છોડવું પડ્યું, ને ૧૯૬૦ સુધી મુંબઈ તથા શ્રીગિરિરાજ રહેતા. છેવટે સં. ૧૯૬૦ માં શ્રીગિરિરાજમાં લીલા કરી; મુંબઈમાં જૂની પેઢી સ્થાપી ને વહિવટ કર્યો.

જ્યેષ્ઠ સુદિ ૧૪ માં બાલકો ૨. ચમ્પઈ પરદની, ફેંટા, કતરો ૧.

૧ ૭૧૮ ૧૬૮૪ ૫ શ્રીગોકુલેશજી, શ્રીવ્રજાલંકારજી (૬૬૯) ના બીજા લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીદ્વારકાનાથજી વ. ×, લા. ×, બે. ×

૨ ૨૧૩ ૧૯૨૪ ૧૪ શ્રીપુરુષોત્તમજી, શ્રીગોપીકાલંકારજી ઉપનામ શ્રીમટુલાલજી } (૨૦૦) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીગિરિરાજ, સે. શ્રીમદનમોહનજી ધારવાલાના વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ સુદિ ૧૫ માં બાલકો ૨. સ્નાન યાત્રાનો ઉત્સવ જ્યેષ્ઠ નક્ષત્ર હોય તે દિવસે ઉત્સવ માનવો આગલે દિવસે શયન પહેલાં જલ ભરી લાવવું. મંગલા આરતી પછે. કેસરી કોરના ધોતી ઉપરના રાખવા. આભરનમાં નૂપુર અલંકાર કડા, કટિપેચ રહે. પછી રીતપ્રમાણે સ્નાન કરાવવું. વસ્ત્ર સુપેત, કેસરી છાપાના, પિછોડા, કુલ્હે, સુપેત, અક્ષય તૃતીયા માફક જોડ ૩ ચન્દ્રિકાની આભરન મોતીનાં ઉત્સવ ભોગ ગોપીવલ્લભ સાથે આવે. સતુવા, બીજ ના ચારોલી ના લાડુ પણા તરમેવો આવે. બધી ઘણી ખરી રીત અક્ષય તૃતીયા પ્રમાણે વલ્લભ પુષ્ટિપ્રકાશ પાને ૧૮૦ જોઈ લેવું:—

૧ ૮૧૪ ૧૭૯૧ ૮ શ્રીમુરલીધરજી, શ્રીપ્રદ્યુમનજી (૮૧૦) ના ત્રીજા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. કડી, ગુજરાત, સે. શ્રીગોપાલલાલજી; વ. ૧, × લા. ૫; ૮૮૭ થી ૮૯૧, બે. ૧ બેના બેટીજી.

૨ ૮૫૧ ૧૯૨૨ ૧૩ શ્રીજીવનલાલજી ઉપનામ શ્રીકલ્યાણરાયજી શ્રીનીલમણિજી } (૮૪૦) ના ત્રીજા લા. } (ગૃ. શ્રીયદુનાથજી) નિ. કાશી, સે. શ્રીમુકુન્દરાયજી, શૃંગાર લગાવ વગર ધરાવાય છે.
વ. ૨, શ્રીશોભાવતી ને શ્રીપ્રભાવતીજી } લા. ૪, ૮૫૩ થી ૮૫૬; } બે. ૨, શ્રીશ્યામા તથા બીજા એક } એમણે કાશીમાં શ્રીગોવર્ધનલાલજી તિલકાયતને પધરાવી. બુડવા મંગળ નો નાવનો ગંગાજીમાં મનોરથ કર્યો. લાખ રૂપીઆ ખરચ્યા. શ્રીશ્યામા બેટીજી જે શ્રીનાનીજી તેની ગોદ ગયા સંભળાય છે.

જ્યેષ્ઠ સુદિ ૧ થી સુદિ ૧૫ સુધીમાં, ૩૫ બાલકો.

સુદિ ૧/૧, ૨/૨, ૩/૩, ૪/૪, ૫/૨, ૬/૨, ૭/૩, ૮/૧, ૯/૨, ૧૦/૨, ૧૧/૫, ૧૨/૩, ૧૩/૧, ૧૪/૨, ૧૫/૨=૩૫, કુલ્લે બાલકો થયા છે

અ. નં. | વંશાવલી નંબર. | સંવત. | પેઢી. | બાલકનાં નામ. | કયાગૃહના. | નિવાસ. | મુખ્ય સેવ્ય સ્વરૂપ. | વહુજી. | લાલજી. | બેટીજી.

જ્યેષ્ઠ વદિ ૧ માં બાલક. ૧. શ્રીગોવર્ધનલાલજી તિલકાયત ને આજે ગાદી સોંપીને તિલક થયું છે. સાજ, કસિ-–દાનો વસ્ત્ર છાપાના કેસરી કોરનાં, ગુલાબી પરદની. પાત્રપિછોડા.–આજનું ચિત્ર પોતાની આજ્ઞાથી ૨ + વ પેટલાદીએ ત્રણરંગી, પોલવાલા એ કાલભૈરવ કહેલાં તેથી પ્રમાણ સારૂં બહાર પાડ્યું છે. સૌને એક સરખો સારો લાભ મલેઃ—વધુ વીગત વલ્લભ પુષ્ટિ પ્રકાશમાં પાને ૧૮૦ જુઓ.

૧ ૩૯૭ ૧૮૦૦ ૯ શ્રીધનશ્યામજી, શ્રીગોપાલજી (૩૭૬) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા; સે. શ્રીમથુરેશજી, વ. ૧, લા. ૧, નં. ૪૦૦. બે. ×

જ્યેષ્ઠ વદિ ૨ માં બાલકો ૨. વસ્ત્ર–સુપેદ, સ્યામ છાપાનાં, મોટા પિછોડા, પાત્ર ગોલ.

૧ ૧૦૯ ૧૮૨૮ ૧૧ શ્રીલક્ષ્મણજી આરસીવાલા, શ્રીવ્રજનાથજી (૧૦૩) ના ત્રીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. પટણા, સે. શ્રીગુંસાઈદાસના ઠાકોરજી.

૨ ૩૩૬ ૧૯૨૩ ૧૩ શ્રીગોવર્ધનેશજી, શ્રીગિરિધરજી ભોળા સુરતવાલા (૩૩૫) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. જોધપુર, સે. શ્રીમદનમોહનજી } શેઠ પુરુષોત્તમદાસ વાલાના જેમને ત્યાં કાશીમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથદ્વારથી શ્રીજોધપુર પધાર્યા } નંદમય ઉત્સવ કરેલો ને કુવામાંથી સ્વરૂપો પ્રગટ થયા. હાલમાં શ્રીગોકુલમાં બિરાજે છે. વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૩ માં બાલક ૧. વસ્ત્ર લાલટપકીનો સુપેત-પિછોડા, પાત્ર–છજ્જેદાર.

૧ ૨૮૦ ૧૭૫૬ ૮ શ્રીયદુનાથજી, શ્રીગોપાલજી (૧૮૧) ના લાલજી (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીવન-માલીજી, વ. ૧, શ્રીરાણીવહુજી, લા. ૫, ૨૮૫ થી ૨૮૫. આ, નં. ૧૩ શ્રીકાકાવલ્લભજી પે. ૬ ના નં. ૧૮૧ વાળા શ્રીગોપાલજી ત્રીજાલાલજી ના (શ્રીછોટા મથુરેશજી વાળા કહેવાય છે). આમનાં વંશમાં ૬૭ આલક નં. ૨૮૦ થી ૩૪૬ સુધીના થયાં છે.

જ્યેષ્ઠ વદિ ૪ માં બાલક ૧. વસ્ત્ર શ્યામ ટીપકીના શ્વેત–પિછોડા, મંગળ ભોગમાં શિખરન–ફનારોટી વગેરે, મંગલ ભોગની રીત પ્રમાણે.

૧ ૬૪૨ ૧૬૩૪ ૪ શ્રીગોકુલોત્સવજી, શ્રીગોવિંદલાલજી (૬૪૦) ના બીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીવિઠ્ઠલનાથજી, વ. ૧, લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૫ માં બાલકો ૨. સાદો આડબન્ધ; ફેંટા વારપ્રમાણે; કતરા ચન્દ્રીકા સાદા.

૧ ૩૭૦ ૧૬૭૭ ૬ શ્રીરણછોડજી, શ્રીવલ્લભજી (૩૬૬) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી, ત્રીજા, તિલકાયત) નિ. શ્રીગોકુલ, સે. શ્રીમથુરેશજી, નં. ૩૬૫ શ્રીદિક્ષિતજી પે. ૪ ના નાતિ. વ. ૧, લા. ૩, ૩૭૨ થી ૩૭૪, બે. ×

૨ ૩૫૯ ૧૮૪૯ ૧૦ શ્રીલાલજી, શ્રીગોવર્ધનેશજી (૩૫૫) ના બીજા લાલજી (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઈ, સે. શ્રીબાલકૃષ્ણજી રજો ક્ષત્રાણીના
વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૬ માં બાલકો ૩. વસ્ત્ર, અરગજી, સુથન, ફેંટા, સાંઝે, ફુલનો શૃંગાર મલ્લ કાચ્છ ટિપારાનો કરવો; શયન ભોગમાં આમરસ. રોટી; બીજ સારૂં ખડબુચાનો પણો વગેરે.

૧ ૪૧૦ ૧૭૯૭ ૯ શ્રીવ્રજનાથજી, શ્રીવ્રજભૂષણજી (૪૦૬) ના લાલજી (ગૃ. શ્રીમથુરેશજી) નિ. રાજનગર; સે. શ્રીનટવરજી, વ. ૨, શ્રીપદ્માવતિજી, શ્રીવહુજી, લા. ૧, ૪૧૧, બે. × નં. ૩૬૫ શ્રીદીક્ષિતજી પે. ૪ ના મોટા પ્રથમ લાલજી નં. ૩૬૬ ના શ્રીવલ્લભજીનો વંશ.

૨ ૮૫૯ ૧૯૬૪ ૧૪ શ્રીદ્વારકેશલાલજી, શ્રીબાલકૃષ્ણજી (૮૫૨) ના પ્રથમ લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. કાંકરોલી, સે. શ્રીદ્વારકાનાથજી. વ. × લા. × બે. ×

૩ ૯૩૯ ૧૯૯૬ ૧૬ શ્રીશ્યામમનોહરજી, શ્રીદીક્ષિતજી (૪૯૨) ના પ્રથમ (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઈ ને કોટા સેવ્ય શ્રીબાલકૃષ્ણજી રજો ક્ષત્રાણીનાં મુંબઇમાં.
વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૭ માં બાલક ૧. ચન્દની પિછોડા, પાઘ, ગોલ.

૧ ૫૦ ૧૮૬૨ ૧૨ શ્રીનથુજી, શ્રીવિઠ્ઠલનાથજી (૪૮) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલનાથજી) નિ. શ્રીજીદ્વાર; સે. શ્રીવિઠ્ઠલેશજી
વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૮ માં બાલકો ૩. વસ્ત્ર સુપેત, લાલ બુટ્ટીકે, પિછોડા, પાઘ, છજજેદાર, ચન્દ્રિકા સાદી.

૧ ૩૯૪ ૧૮૭૨ ૧૨ શ્રીકલ્યાણરાયજી, શ્રીમાધવરાયજી (૩૯૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા, સે. શ્રીમોટા મહાપ્રભુજી; વ. × લા. × બે. ×

૨ ૨૭૦ ૧૯૧૩ ૧૩ શ્રીરઘુનાથજી, શ્રીવ્રજરાયજી (૨૬૮) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. રાજનગર; સે. શ્રીનટવર-લાલજી; વ. ૨, શ્રીજાનકીજી તથા શ્રીરાણીજી; લા. × બે. × (આ નં. ૨૬૮ વાળા શ્રીવ્રજભૂષણજી પે. ૧૨ નાને નં. ૪૧૬ વાળા શ્રીવ્રજભૂષણજી પે. ૧૦ ના એ ગોદ લીધા છે તેના લાલજી.)

અ. નં.	વંશાવલી નંબર.	સંવત.	પેઢી.	બાલકનાં નામ. કયા ગૃહના. નિવાસ. મુખ્ય સેવ્ય સ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.
૩	૪૮૦	૧૯૨૨	૧૩	શ્રીઘનશ્યામજી, શ્રીકૃષ્ણજીવનજી ઉપનામ શ્રીકુંજલાલજી (૪૭૨) ના છઠ્ઠા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કચ્છ-માંડવી. સે. શ્રીનટવરજી, વ. ૩, શ્રીમહાલક્ષ્મીજી, શ્રીરુકિમણીજી શ્રીકમળાવહુજી લા. × બે. ૧, શ્રીયમુના બેટીજી, ચાંપાસેનીથી કચ્છ-માંડવીમાં નં. ૪૭૫ વાળા. શ્રીપન્નાલાલજી પે. ૧૩ નાની ગોદ ગયા છે.

જ્યેષ્ઠ વદિ ૯ માં બાલકો ૩. ડોરીયાનાં વસ્ત્ર મલ્લકાચ્છા ટિપારો.

૧	૮૯૦	૧૮૩૬	૯	શ્રીમધુસૂદનજી, શ્રીમુરલીધરજી (૮૧૪) ના ચોથા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. કડી. (ગુજરાત), સે. શ્રીગોપાલલાલજી, વ. × લા. × બે. ×
૨	૮૯૩	૧૮૩૯	૯	શ્રીયદુપતિજી, શ્રીગોપાલજી (૮૧૬) ના લાલજી (ગૃ. શ્રીયદુનાથજી) નિ. ભરૂચ તથા કાશી, સે. શ્રીગોવર્ધનનાથજી, વ. × લા. × બે. ×
૩	૨૫૯	૧૯૫૭	૧૬	શ્રીલાલજી, શ્રીવાગેશલાલજી (૨૫૮) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઈ, સે. શ્રીદ્વારકાનાથજી, વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૧૦ માં બાલક ૧. વસ્ત્ર ફુલ ગુલાબી, સાદા સૂથન, પટકા, પગો:—

૧	૬૪૯	૧૬૭૯	૬	શ્રીવિઠ્ઠલેશજી, શ્રીહરિરાયજી શિક્ષાપત્રવાલા (૬૪૫) ના બીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીવિઠ્ઠલનાથજી. વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૧૧ માં બાલક ૧. સુપેદ પિછોડા, ટિપારો, ફલાહાર.

૧	૫૯૮	૧૮૩૩	૯	શ્રીરામકૃષ્ણજી, શ્રીગોપાલજી (૫૯૩) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રી શ્રીલાલજી હાલ, મુબઈમાં છે. તોતરી વાળા. વ. ૨, શ્રીકૃષ્ણાવતિ તથા શ્રીવહુજી, લા. ૩, ૬૦૦ થી ૬૦૨, બે. ૨, શ્રીશોભા તથા બેટીજી:— નં. ૩૬૫ ના શ્રીદીક્ષિતજી પે. ૪ ના ચોથા લાલજી નં. ૩૬૯ વાલા શ્રીરામકૃષ્ણજી પે. ૫ શ્રીઆચાર્યજી વાળા કહેવાયા છે તેના વંશમાં.

જ્યેષ્ઠ વદિ ૧૨ માં બાલકો ૨. વસ્ત્ર—કાંટાસરિયા ના ફુલના રંગના, પિછોડા, પાઘ ગોલ, મંગલામાં આમરસ રોટી, શયનમાં વેંગણના ગુંજા, બીલસારૂ ખડબુચાનો પણો વગેરે.

૧ ૬૫૧ ૧૬૮૦ ૬ શ્રીયશોદાનંદનજી, શ્રીગોપેશ્વરજી (૬૪૬) ના લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીવઠ્ઠલ-નાથજી, વ. × લા. × બે. ×

૨ ૮૦૯ ૧૭૧૭ ૬ શ્રીવિઠ્ઠલનાથજી, પ્રદ્યુમનજી (૮૦૩) ના બીજા લા. (ગૃ. શ્રીયદુનાથજી), નિ. ગોકુલ, સે. શ્રીકલ્યાણ-રાયજી, વ. ૧, લા. ૨, ૮૧૦-૮૧૧, બે. ૨ જેણે શ્રીકલ્યાણરાયજીને ગામકડાથી દક્ષિણ હૈદ્રાબાદ પધરાવ્યા.

જ્યેષ્ઠ વદિ ૧૩ માં બાલકો ૨. સુપેત આડબન્ધ, ફુલ્હે, જોડ ચન્દ્રિકા ૩ નો.

૧ ૮૯૫ ૧૮૪૦ ૯ શ્રીવલ્લભલાલજી, શ્રીદ્વારકાનાથજી (૮૯૪) ના લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શેરગઢ, સે. શ્રીકલ્યાણ-રાયજી વ. × લા. × બે. ×

૨ ૭૫૩ ૧૭૦૧ ૬ શ્રીવ્રજવલ્લભજી, શ્રીગોવરધનેશજી (૭૪૯) ના ચોથા લા (ગૃ. શ્રીગોકુલનાથજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીગોકુલનાથજી, વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૧૪ માં બાલકો ૪. છાપાની કોરના ધોતી ઉપરના; પાઘ ગોલ, ચન્દ્રિકા

૧ ૫૮૭ ૧૭૩૨ ૭ શ્રીકૃષ્ણચન્દ્રજી, શ્રીજગન્નાથજી (૫૮૨) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીબાલ-કૃષ્ણજી. નં. ૩૬૫ વાલા શ્રીદીક્ષિતજી પે. ૪ ના ચોથા લાલજી નં. ૩૬૯ ના શ્રીરામકૃષ્ણજી ના વંશના. વ. × લા. × બે. ×

૨ ૫૯૭ ૧૮૨૬ ૯ શ્રીવચ્છાજી, શ્રીગોપાલજી (૫૯૩) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ તથા કોટા, સે. મોટા શ્રીમહાપ્રભુજી. વ. × લા. × બે × શ્રીદિક્ષીતજી પે. ૪ નં. ૩૬૫ વાળાના ચોથા લાલજી નં. ૩૬૯ વાળા શ્રીરામકૃષ્ણજીના વંશના.

૩ ૩૩૪ ૧૮૯૫ ૧૨ શ્રીગોવર્ધનેશજી, શ્રીત્રીકમજી (૩૩૨) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર તથા જોધપુર, સે. શ્રીમદનમોહનજી, શેઠ પુરૂષોત્તમદાસના, હાલ શ્રીગોકુલમાં બીરાજે છે. વ. × લા. × બે. ×

૪ ૨૫૮ ૧૯૪૧ ૧૫ શ્રીવાગીશલાલજી, શ્રીપુરૂષોત્તમલાલજી (૨૪૨) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. અમરેલી તથા મુંબઇ, સે. શ્રીદ્વારકાનાથજી, શ્રીશોભા બેટીજીના. હાલમાં શ્રીમુંબઇમાં બરાજે છે. વ. ૨, લા. ૪, ૨૫૯ થી ૨૬૨, બે. ×

અ. નં.	વંશાવલી નંબર.	સંવત.	પેઢી.	બાલકનાં નામ. કયા ગૃહના. નિવાસ. મુખ્ય:સેવ્ય સ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.
				જ્યેષ્ઠ વદિ ૦)) માં બાલકો ૩. ગુલાબી–પિછોડા, પાગ છજ્જેદાર, કતરા.
૧	૮૧૬	૧૮૦૨	૮	શ્રીગોપાલજી, શ્રીપ્રદ્યુમનજી (૮૧૦) નાપાંચમા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શેરગઢ, સે. શ્રીકલ્યાણ-રાયજી, વ. ૧, લા. ૧, નં. ૮૯૩, બે. ×
૨	૨૩	૧૮૨૫/૨૬	૧૦	શ્રીગિરિધારીજી, શ્રીગોવિંદરાયજી (૧૯) ના બીજા લા. (ગૃ. શ્રીતિલકાયતનું શ્રીનાથજી તથા શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીનાથજી તથા શ્રીનવનીત પ્રિયજી, વ. ૨, શ્રીભાગીરથી તથા વહુજી. એમણે બીજી વખતે ઉપદ્રવ થવાથી શ્રીનાથજી ને ઘસીયાર ઉદેપુર પાસે પધરાવ્યા અને પેશ્વાઇ સરકારની મારફતે ઉદેપુરના રાણા જોડે સંધી કરી તે પછે શ્રીજીદ્વારમાં પાછા પધરાવ્યા. અને શ્રીનાથદ્વારમાં શ્રીગિરિધરસાગર તલાવ બંધાવ્યું.
૩	૨૧૯	૧૯૩૩	૧૪	શ્રીવ્રજરમણજી, શ્રીગોપિકેશજી (૨૧૮) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીતપ્રિયજી) નિ. મહુવા. સે. શ્રીદ્વારકાનાથજી વ. × લા. × બે. ×

જ્યેષ્ઠ વદિ ૧ થી વદિ ૦)) સુધીમાં બાલકો ૩૦=

વદિ $\frac{૧}{૧}$, $\frac{૨}{૨}$, $\frac{૩}{૧}$, $\frac{૪}{૧}$, $\frac{૫}{૨}$, $\frac{૬}{૩}$, $\frac{૭}{૧}$, $\frac{૮}{૩}$, $\frac{૯}{૩}$, $\frac{૧૦}{૧}$, $\frac{૧૧}{૧}$, $\frac{૧૨}{૨}$, $\frac{૧૩}{૨}$, $\frac{૧૪}{૧}$, $\frac{૩૦}{૩}$=૩૦.

આષાઢ સુદિ ૧ માં બાલક ૧. જે દિવસે પુષ્ય નક્ષત્ર હોય, તે દિવસે રથયાત્રાનો ઉત્સવ કરવો.

એટલે સુદિ ૧ અથવા સુદિ ૨ અથવા સુદિ ૩ માં હોય તો તે દિને કરવો. રથ પહેલાં દીવસે સાજી રાખવો, રથમાં ઘોડા નહિં, છતાં કેટલેક ઠેકાણે આવે છે. પલંગ પોસ સફેત મોરો. અભ્યંગ, વસ્ત્ર સફેદ ડોરીયાના, સુનેરી કીનારીના, ચાકદાર, કુલ્હે સુનેરી ચિત્રકી સુપેદ, આભરન ઉત્સવના, જોડ (૫) ચન્દ્રિકાનો શ્રૃંગાર ભારી, કમલપત્ર, ઠાડેવસ્ત્ર કેસરી; સામગ્રી ઉપરેટા, શિખરન ભાત, દહિભાત. બધિ ચીજ રાધાષ્ટમી પ્રમાણે, રાજભોગ આરતી ભીતર કરવી. પછે રથનું અધિવાસન થાય, વધુવીગત વલ્લભ પુષ્ટિ પ્રકાશમાં પાને ૧૮૩ થી ૧૮૫ માં ખાસ જોઈ લેવુઃ—

૧ ૬૫૦ ૧૬૮૨ ૬ શ્રીગોરાજી, શ્રીહરિરાયજી શિક્ષાપત્રવાલા (૬૪૫) ના ત્રીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર. સે. શ્રીવિઠ્ઠલનાથજી, વ. × લા. × બૈ ×

આષાઢ સુદિ ૨ માં બાલકો ૩. રથ યાત્રા ના ઉત્સવ આજ હોય તો ઉપર પ્રમાણે. આગલે દિવસે થયો હોય તો, વસ્ત્ર આગલા દિવસના. શ્રીમસ્તકપર કુલ્હે, આભરન હીરાના, આડબંન્ધ; ચંન્દ્રિકા ૧; શ્રૃંગાર ઘુંટણ સુધીનો કરવો. આજથી ખસનાટેરા, છટકાવ ફૂવારા, સુફેત ચન્દન, રાજ ભોગમાં દહિ–ભાત, અનોસરમાં પનો, જલની પરાંત, બન્ધ થાય. ગરમી હોય તો, જલની પરાત સીવાય બધું બંધ; તથા કુંજજા આષાઢી ૧૫ સુધી રાખવા.

૧ ૭૬૯ ૧૭૨૫ ૭ શ્રીગિરિધરજી, શ્રીવિઠ્ઠલનાથજી (૭૬૬) ના પ્રથમ લા. (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીગોકુલ–ચન્દ્રમાજી, વ. ૧, લા. ૨, ૭૭૧–૭૭૨, બૈ. ×

૨ ૧૪૨ ૧૯૧૭ ૧૪ શ્રીગોપાલલાલજી, શ્રીગોવિંદલાલજી (૧૩૬) ના ચોથા લા. (ગૃ. શ્રીમદનમોહનજી) નિ. કામવન, સે. શ્રીમદનમોહનજી, વ. ૩, શ્રીમહાલક્ષ્મીજી, શ્રીરૂક્ષમણીજી અને શ્રીપદ્માવતિજી, લા. ૧, ૧૫૧. બૈ. ૩, શ્રીચંદા, શ્રીશોભા તથા શ્રીબેટીજી.

૩ ૨૫૦ ૧૯૫૨ ૧૫ શ્રીગોપીકાવલ્લભજી, ઉપનામ શ્રીમગનજી, શ્રીમુરલીધરજી (૨૪૦) ના છઠ્ઠા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. બેટ–શંખોધાર, સે. શ્રીબાલકૃષ્ણજી, બીલ્લી મુસાઈવાલા શ્રીજીદ્વારથી બેટમાં પધરાવ્યા. આ. નં. ૨૨૫ વાળા શ્રીગોવર્ધનલાલજી પે. ૧૪ ની ગોદ–શ્રીગોકુલાધીશ ના મંદીરમાં મુંબઈમાં બિરાજ્યા છે. એમને માથે શ્રીલલિત ત્રિભંગીરાયજી વગેરે બિરાજે છે.

અ. નં.	વંશાવલી નંબર.	સંવત.	પેઢી.	બાલકનાં નામ. કયાગૃહના. નિવાસ. મુખ્ય સેવ્યસ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.
				આષાઢ સુદિ ૩ માં બાલકો ૩. પિછોડા ભાતદાર, વસ્ત્ર–કિનારી વાલા.
૧	૩૮૫	૧૮૫૫	૧૧	શ્રીગોપેશ્વરજી, શ્રીગોવિંદરાયજી (૩૮૧) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા, સે. શ્રીમથુરેશજી નં. ૩૬૫ ના શ્રીદીક્ષિતજી પે. ૪ ના, મોટાલાલજી નં. ૩૬૬ ના શ્રીવલ્લભજી પે. ૫ ના નો વંશ.
૨	૧૪૯	૧૯૪૭,૪૮	૧૫	શ્રીવલ્લભલાલજી, શ્રીદેવકીનંદનજી (૧૪૦) ના ત્રીજા લા. (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. કામવન, સે. શ્રીગોકુલ–ચન્દ્રમાજી તથા શ્રીગોકુલનાથજી, વ. ૨, શ્રીલક્ષ્મિજી તથા શ્રીમહાલક્ષ્મિજી. લા. ૩, ૧૫૦, ૯૩૦–૯૩૧; બે. ×
				(એમને નં. ૮૭૯ વાલા શ્રીકનયાલાલજી પે. ૧૩ ના શ્રીવહુજી એ સંવત્ ૧૯૬૮ માં આષાઢ સુદિ ૯ ને દિને શ્રીગોકુલનાથજીની ગાદી સોંપી. તેથી આ શ્રીવલ્લભલાલજી, શ્રીચન્દ્રમાજી અને શ્રીગોકુલનાથજી એમ બે ગાદીના, તિલકાયત થયા.)
૩	૪૯૬	૧૯૮૬	૧૫	શ્રીમથુરેશજી, શ્રીગોકુલનાથજી (૪૮૯) ના સાતમાં લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઈ, સે. શ્રીબાલકૃષ્ણજી રજો ક્ષત્રાણીના.
				આષાઢ સુદિ ૪ માં બાલકો ૪. વસ્ત્ર–ચમ્પઈ, સૂથન પટકા, ફેંટા,
૧	૩૩	૧૮૦૩	૧૦	શ્રીગોપેશ્વરજી, શ્રીમુરલીધરજી (૨૦) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી તિલકાયત નો વંશ) નિ. શ્રીજીદ્વાર, શ્રીનાથજી તથા શ્રીનવનીત પ્રિયજી, વ. ૧, લા. × બે. ×
૨	૩૦૦	૧૮૮૬	૧૨	શ્રીઘનશ્યામજી, શ્રીમુરલીધરજી (૨૯૬) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. કોટા, સે. શ્રીછોટા–મથુરેશજી, વ. ૧, શ્રીચન્દ્રાવલીજી લા. ૫, ૩૦૩ થી ૩૦૭, બે. ૧, શ્રીચુનીબેટીજી.
૩	૧૪૧	૧૯૧૬	૧૪	શ્રીયશોદાનંદનજી, શ્રીગોવિંદરાયજી (૧૩૬) ના ત્રીજા લા. (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. કામવન, સે. શ્રીગોકુલ–ચન્દ્રમાજી, વ. × લા. × બે. ×

આષાઢ સુદિ ૫ માં બાલકો ૩. વસ્ત્ર ડોરીયાનો સુફેદ પિછાડા, લાલગોટિનો સુફેદ પગા.

૧ ૩૯૮ ૧૮૦૩ ૯ શ્રીગોપેશ્વરજી, શ્રીગોપાલજી (૩૭૬) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીમથુરેશજી. નં. ૩૯૫ ના શ્રીદીક્ષિતજી પે. ૪ ના મોટાલાલજી નં. ૩૯૬ ના શ્રીવલ્લભજી પે. ૫ ના નો વંશ છે.

૨ ૨૭૭ ૧૮૦૯ ૧૦ શ્રીમુરલીધરજી, શ્રીવલ્લભજી હાથી વાલા (૨૭૬) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર સે. શ્રીબાલકૃષ્ણજી. મુસાબીલીવાલી ડોકરીનાં હાલ બેટમાં છે. વ. × લા. × બે. ×

૩ ૪૯૪ ૧૯૮૦ ૧૫ શ્રીમુકુન્દરાયજી, શ્રીગોકુલનાથજી (૪૮૯) ના પાંચમાં લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઈ, સે. શ્રીબાલકૃષ્ણજી રજો ક્ષત્રાણીનાં. વ. ૧; લા. × બે ×

આષાઢ સુદિ ૬ માં બાલકો ૨. કસુંબા છઠનો ઉત્સવ. સાંજ કુસુમલ. આજથી રંગીન વસ્ત્રો આવે; લાલ કુસુમલ, વગર કીનારીનાં. પિછાડા, પાત્ર, છજ્જેદાર, ચન્દ્રિકા સાદી, આભરન મોતીના, કર્ણકુલ ૪. શૃંગાર મધ્યનો, સામગ્રી મનોહર, શાક ભૂજેના, બુંદીની છાછ સાંજે. ઉત્થાપન પછે, ભોગસમે લાલતૂલના બંગલામાં બિરાજે. ૪ કેળનાં થંભની કુંજ કરવી, ભોગનાં દર્શન પછે. સન્ધ્યા ભોગમાં, માખનવડા, ભરવાના ગુંજા, મેદાકી પૂરી, ભરતા, કેરીનો બીલસારૂં, લુચઇ, પૂરી, અને નિત્ય પ્રમાણે.

૧ ૮૦૭ ૧૬૮૦ ૫ શ્રીચીમનજી, શ્રીમદુસુદનજી (૭૯૮) ના પાંચમાં લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શ્રીગોકુળ. સે. શ્રીકલ્યાણુ-રાયજી, વ. ૧, લા. ૪, ૮૯૯ થી ૯૦૨ બે ×

૨ ૧૧૬ ૧૮૨૪ ૧૦ શ્રીદામોદરજી, શ્રીકલ્યાણરાયજી (૪૦) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીવિઠ્ઠલ-નાથજી, વ. ૧, લા. ૧, ૧૧૯, બે × આમણે શ્રીનાથજીને ઉપદ્રવ થવાથી. ઘસીયાર પધરાવ્યા. ઉદેપુરના રાણાજીને રૂ. ૩] લાખ ધીર્યા. પ્રભુને પરિશ્રમ ન પડે તે હેતુથી. ૩૦૦ લડવૈયા લેઇ જાતે શત્રુની ફોજપર તૂટી પડ્યા. ને રાણાજીને બચાવ્યા. જુઓ ટોડરાજસ્થાન.

આષાઢ સુદિ ૭ માં બાલકો ૨. વસ્ત્ર ડોરિયાના, કિનારીવાલા, ધોતી ઉપરનો, દુમાલો વચેનો.

૧ ૧૩૬ ૧૮૬૩ ૧૩ શ્રીગોવિંદજી, શ્રીવલ્લભજી (૧૩૦) ના ત્રીજા લા (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. કામવન, સે. શ્રીગોકુળ-ચન્દ્રમાજી, વ. ૧, શ્રીલક્ષ્મીવહુજી, લા. ૮, ૧૩૯ થી ૧૪૬, બે. ૫, શ્રીશોભા, યમના, કમળા, દેવકા, અને શ્રીયશોદા.

અ. નં. | વંશાવલી નંબર. | સંવત. | પેઢી. | બાલકનાં નામ. | ક્યાગૃહના. નિવાસ. મુખ્ય સેવ્ય સ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.

જયપુરમાં લક્ષમણગિર સન્યાસીએ ૬૪ પ્રશ્નો કર્યા. તેના ઉત્તર આપે બરાબર આપી દીધા. છતાં રાજાને કુસંગ લાગેલો, ને સન્યાસીના હઠને લેઇ આપે લાખ્ખો રૂપીઆનો વૈભવ છોડી દીધો ને સં. ૧૯૨૨ માં બન્ને સ્વરૂપોને બીકાનેર પધરાવ્યા. અને સં. ૧૯૨૮ માં બન્ને નિધીને બીકાનેરથી કામવન પધરાવ્યા. આપશ્રી શ્રીસુબોધનીજીની કથા હરનીશ કહેતા. પચાસથી વધુ વૈષ્ણવો આપશ્રીની સંગે રહેતા, વૈષ્ણવ ઉપર પૂર્ણ કૃપા રાખતા આખા ગુજરાતમાં સંસ્કૃત વિદ્યા ભણવાનો બોધ કર્યો.

૨ ૪૭૫ ૧૯૦૩ ૧૩ શ્રીમથુરાનાથજી ઉપનામ શ્રીપન્નાલાલજી તે શ્રીકૃષ્ણ-જીવનજી ઉપનામ શ્રીકુંજલાલજીના પ્રથમ લા. } (ગૃ. શ્રીમથુરેશજી) નિ. ચાંપાસેનીથી કચ્છ-માંડવી, સે. શ્રીનટવરજી, વ. ૧, લા. × બે. ×

૪૭૫ ના આ શ્રીપન્નાલાલજી પે. ૧૩ નાની, નં. ૪૮૦ વાળા શ્રીઘનશ્યામજી પે. ૧૩ વાળા ગોદ આવ્યા છે. નં. ૫૨૦ શ્રીરણછોડજી પે. ૧૦ વાળાનાં શ્રીવહુજીએ નં. ૫૨૪ ના શ્રીકૃષ્ણજી ઉપનામ શ્રીછોટાજી પે. ૧૧ વાળાની ગોદ લીધા છે. ચાંપાસેનીથી કચ્છ-માંડવી.

આષાઢ સુદિ ૮ માં બાલકો ૩. વસ્ત્ર–ગુલાબી, સુથન પટકા, પાઘ ગોલ. સાંજે ભોગ સમયે મુકુટ, કાછની તથા આભરન, ફૂલના શૃંગારનો કરવો. આમરસરોટી ખરબૂજાનો પણો વગેરે આવે.

૧ ૫૬૨ ૧૮૮૯ ૧૨ શ્રીદ્વારકાનાથજી. શ્રીવ્રજલાલજી (૫૫૧ ના પાંચમાં લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. પોરબંદર, સે. શ્રીમદનમોહનજી રાજા જેમલના. વ. ૧, લા. ૩, ૫૬૭ થી ૫૬૯.

આ. નં. ૫૬૨ વાલા શ્રીદ્વારકાનાથજી પે. ૧૨ ના, શ્રીશોભામાજીની ગોદ પોરબંદરમાં આવ્યા છે. એમના નામથી મંદીર ઓળખાય છે. શ્રીમદનમોહનજી રાજા જેમલ ના તેમાં બિરાજે છે. અને આમની ગોદ નં. ૮૮૧ વાલા શ્રીઘનશ્યામલાલજી પે. ૧૩ વાળા આવ્યા છે.

૨ ૮૮૧ ૧૯૩૨ ૧૩ **શ્રીઘનશ્યામલાલજી**, શ્રીરમણલાલજી (૮૭૭) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. પોરબંદર. સે. શ્રીમદનમોહનજી, રાજા જેમલનાં. વ. ૧, શ્રીપારવતીજી. લા. ૨, ૮૮૨–૮૮૩.

આ. પોરબંદરમાં નં. ૫૬૨ ના શ્રીદ્વારકાનાથજી પે. ૧૨ વાલાની ગોદ બિરાજ્યા છે.

૩ ૯૨૧ ૧૭૯૨ ૧૫ **શ્રીચીમનજી**, શ્રીદ્વારકેશજી (૫૦૧) ના ચોથા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કચ્છ માંડવી, સે. શ્રીનટ-વરજી, વ. × લા. × બે. ×

આષાઢ સુદિ ૯ માં બાલકો ૨. વસ્ત્ર ફુલ ગુલાબી. પિછોડા, પાઘ, સાદી ચન્દ્રિકા.

૧ ૨૮૫ ૧૭૯૩ ૯ શ્રીવલ્લભજી, શ્રીયદુનાથજી (૨૮૦) ના પાંચમા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. જોધપુર. સે. શ્રીમદન-મોહનજી કાશીવાલા, શેઠ શ્રીપુરૂષોત્તમદાસના સેવ્ય શ્રીજીદ્વારમાં, શ્રીવનમાલીજીનું મંદીર છે, ત્યાં બિરાજતાં અને ત્યાં ચમ્મેલીનું ઝાડ હતું તે ઉપરથી, ચંમેલીવાલા કેહેવાયા. હાલમાં શ્રીગોકુલમાં બિરાછે છે. નાથદ્વારામાં હાથી બંધાતો ને ટકોરખાનું હતું. વ. × લા. × બે. ×

૨ ૪૦૩ ૧૮૬૭ ૧૧ શ્રીઘનશ્યામજી, શ્રીગોપાલજી (૪૦૦) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા, સે. શ્રીગોકુળનાથજી હરિદાસ ખવાસ ના વ. × લા. × બે. ×

નં. ૩૬૫ વાલા શ્રીદીક્ષિતજી પે. ૪ નાં મોટા લાલજી નં. ૩૬૬ નાં શ્રીવલ્લભજી પે. ૫ વાળાનો વંશ.

આષાઢ સુદિ ૧૦ માં બાલક ૧. શ્રીદાઉજીનો જન્મ દિવસ મનાય છે. વસ્ત્ર કેસરી, કુલ્હે પિછોડા, ઠાડે વસ્ત્ર શ્વેત. જોડ સાદી. આભરન ઉત્સવના. રાજ ભોગમાં જલેબો, સવારે સાંજે વેંગનનો પ્રકાર કરવો.

(વેગણ દશમી કહે છે.)

૧ ૧૬૩ ૧૮૬૧ ૧૧ શ્રીમથુરાનાથજી, શ્રીગોપાલલાલજી (૧૨૪) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. નડીયાદ. સે. શ્રીબાલકૃષ્ણજી, વ. ૧, લા. ૫, ૧૬૫ થી ૧૬૯, બે. ×

આષાઢ સુદિ ૧૧ માં બાલકો ૨. વસ્ત્ર આગલા દિવસના. ટિપારો ધરે.

૧ ૪૦૨ ૧૮૬૩ ૧૧ શ્રીગિરિધરજી, શ્રીગોપાલજી (૪૦૦) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા, સે. શ્રીગોકુલનાથજી હરિદાસ ખવાસનાં. વ. × લા. × બે. ×

નં. ૩૬૫ વાળા શ્રીદીક્ષિતજી પે. ૪ વાળાના મોટા લાલજી નં. ૩૬૬ ના શ્રીવલ્લભજી પે. ૫ ના નો વંશ.

૨ ૭૦૬ ૧૮૭૧ ૧૨ શ્રીપુરૂષોત્તમજી, શ્રીવલ્લભજી (૭૦૨) ના બીજા લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. કાંકરોલી, સે. શ્રીછોટા--દ્વારકાનાથજી. વ. × લા. × બે. ×

આષાઢ સુદિ ૧૨ માં બાલકો ૩. વસ્ત્ર ગુલાબી, પરદની પાઘ ગોલ.

૧ ૭૨૦ ૧૭૦૭ ૬ શ્રીરણછોડજી, શ્રીવિઠ્ઠલનાથજી (૭૧૭) ના બીજા લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. બ્હાનપુર, સે. શ્રીલાડ--લેશજી. વ. ૨, શ્રીશોભા તથા શ્રીવહુજી. લા. ૨, ૭૩૦-૭૩૧, બે. ×

અ. નં.	વંશાવલી નંબર.	સંવત.	પેઢી.	બાલકનાં નામ. કયા ગૃ. ના. નિવાસ. મુખ્ય સેવ્ય સ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.
૨	૨૩૨	૧૮૬૦	૧૨	શ્રીવલ્લભજી, શ્રીવિઠ્ઠલેશજી (૨૨૮) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. અમરેલી, સે. શ્રીદ્વારકા-નાથજી. વ. × લા. × બે. ×
૩	૨૩૯	૧૮૯૧/૯૨	૧૩	શ્રીવિઠ્ઠલેશજી લાલસાહેબ } શ્રીલાલમણીજી (૨૩૪) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. અમરેલી તથા મુંબઈ. સે. શ્રીદ્વારકાનાથજી, શ્રીશોભા બેટીજી ના, તથા શ્રીબાલકૃષ્ણજી રામદાસ પ્રોહીતના. વ. ૨, શ્રીમહાલક્ષ્મિ તથા શ્રીમહારાણીજી. લા. ૨, ૭૩૦–૭૩૧. મુંબઈમાં શ્રીદાઉજી ના મંદીરવાળા, એમને વૈદક શાસ્ત્ર, જ્યોતિષ, ચિત્રકલા, ને વિદ્યા નો ઘણોજ શોખ હતો, મુંબઈમાં પાઠશાળા સ્થાપી હતી. શ્રીસુબોધનીજી વગેરેમાં નિપુણ હતા.

આષાઢ સુદિ ૧૩ માં બાલકો ૨. વસ્ત્ર ધોતી, ઉપરના ચમ્પઈ, પાગ ગોલ.

૧	૬૩૯	૧૭૭૯	૮	શ્રીચિમનજી, શ્રીકલ્યાણરાયજી (૬૨૪) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. જોધપુર, સે. શ્રીબાલકૃષ્ણજી. વ. × લા. × બે. × નં. ૩૬૫ ના શ્રીદીક્ષિતજી પે. ૪ વાળાના ચોથા લાલજી નં. ૩૬૯ વાળા. શ્રીરામકૃષ્ણજી પે. ૫ વાળાના વંશના.
૨	૭૦૫	૧૮૬૮	૧૨	શ્રીલાલજી, વ્રજવલ્લભજી (૭૦૨) ના પ્રથમ લા. (ગૃ. શ્રીદ્વારકાનાથજી) નિ. કાંકરોલી સે. શ્રીછોટાદ્વારકા-નાથજી. વ. × લા. × બે. ×

આષાઢ સુદિ ૧૪ માં બાલક ૧. વસ્ત્ર–સુફેદ આડબન્ધ, વારનો ફેંટા.

૧	૩૯૫	૧૮૨૫	૧૧	શ્રીકલ્યાણરાયજી, શ્રીઅનિરૂદ્ધજી (૩૮૮) ના લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કોટા, સે. શ્રીમથુરેશજી. વ. ૨ શ્રીગંગા તથા શ્રીભાગિરથી વહુજી. લા. × બે. ૨ શ્રીરૂક્ષમણી તથા વ્રજકુંવર.

આષાઢ સુદિ ૧૫ માં બાલકો ૩. કચોરી પુનમ; વસ્ત્ર એકધારી ચૂનડીના શ્રૃંગાર મુકુટ કાછનીનો આભરણ મોતીના, ઠાડેવસ્ત્ર સુપેદ. પાગ ગોલ ચુંદરીની, સામગ્રી લાટાની, કચોરી, તુરનીદાલ છોંકયો દહીં.

૧	૪૫૬	૧૭૪૯	૮	શ્રીવચ્છાજી, ઉપનામ શ્રીઉત્સવજી, } શ્રીદામોદરજી (૪૪૪) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. ચાંપાસેની, સે. શ્રીશ્યામમનોહરજી–સુરદાસજી ના. વ. × લા. × બે. ×

૨ ૫૬૪ ૧૯૦૨ ૧૩ શ્રીલાલજી, શ્રીગોવિંદલાલજી (૫૬૧) ના લાલજી. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. જુનાગઢ, સે. શ્રીદામોદરજી ગોરજા સમરાઈ ના અને શ્રીમદનમોહનજી, દયા ભવૈયા ના. વ × લા. બે. ×

૩ ૩૨૨ ૧૯૬૧ ૧૫ શ્રીરામકૃષ્ણજી, શ્રીરણછોડલાલજી (૩૨૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. પોરબંદર, સે. શ્રીમદનમોહનજી. વ. × લા. × બે. ×

આષાઢ સુદિ ૧ થી સુદિ ૧૫ સુધીમાં, ૩૫ બાલકો થયા છે.

સુદિ ૧/૧, ૨/૩, ૩/૩, ૪/૪, ૫/૩, ૬/૨, ૭/૨, ૮/૩, ૯/૨, ૧૦/૧, ૧૧/૨, ૧૨/૩, ૧૩/૨, ૧૪/૧, ૧૫/૩=૩૫, કુલ્લે બાલકો થયા છે.

આષાઢ વદિ ૧ માં બાલક ૧. હિંડોલાની વિધી, જે દિવસે મુહૂર્ત હોય, ટીપણીમાં જોઈ તે દિવસે બિરાજે. શ્રીઠાકોરજીનો વર્ષ રાશિનો ચન્દ્રમાં જોવો, ચોઘડીયા સારા હોય, સવારે ભદ્રા તો સાંઝે, ને સાંઝે ભદ્રા હોય તો સહવારે બિરાજે અભ્યંગ થાય. કીનારીનો પિછોડા, લાલ કસૂંમલ, ઠાડે વસ્ત્ર હરે, પાઘ ખિડકીની, ચન્દ્રિકા સાદી, આભરન હીરાના, શૃંગાર ભારી, કર્ણ ફલ ૪. કલંગી ૩, ઝોરા ૨, બંટા ડોરિયાનો, પલંગ પોસ સુજની, હરે પત્તાની, સામગ્રી, બુંદીના લાડુ, હવે તરહે તરહેના રંગીન વસ્ત્ર વારા ફરતી રોજ આવે. હિંડોલા ઝૂલે ત્યાં સુધી ભોગ, સન્ધ્યા ભેલા થાય.

૧ ૫૬૫ ૧૯૦૬ ૧૩ શ્રીગોકુલેશજી, શ્રીગોવિંદરાયજી ઉપનામ શ્રીવચ્છાજી } (૫૬૧) ના બીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ જુનાગઢ,

સે. શ્રીદામોદરજી ગોરજા સમરાઈના, તથા શ્રીમદનમોહનજી દયા ભવૈયાના, વ. ૪, શ્રીકૃષ્ણપ્રિયા, શ્રીહરિપ્રિયા શ્રીસત્યભામા, શ્રીમહ લક્ષ્મિજી. લા. ૧, ૫૬૬, બે. ૧, શ્રીદેવકા.

સં. ૧૯૪૦ માં વ્રજ યાત્રા કરી, શ્રીજગન્નાથજી પધાર્યા.

આ ૫૬૫ વાલા શ્રીગોકુલેશજી પે. ૧૩ ના જુનાગઢના, તેમની ગોદ ચાંપાસેની વાલા, નં.૪૮૨ ના શ્રીવલ્લભજી ઉપનામ શ્રીબાલકૃષ્ણજી પે.૧૪ ના બિરાજ્યા છે. હવે આ નં. ૪૮૨ના શ્રીવલ્લભજી પે. ૧૪ ના એ લીલા કરવાથી, એમનાં ભાઈ નં. ૪૮૩ ના શ્રીરૂઘનાથજી પે. ૧૪ વાલા ને જુનાગઢની ગાદીની માલીકી થઈ. એટલે નં. ૪૮૩ ના શ્રીરૂઘનાથજી પે. ૧૪ ના બે ઠેકાણેનાં ચાંપાસેની અને જુનાગઢનાં માલીક થયા. તેથી બન્ને ઠેકાણાની નિધી, ચાંપાસેનીમાં, શ્રીશ્યામ મનોહરજી સૂરદાસજીનાં, અને જુનાગઢમાંના, શ્રીદામોદરજી ગોરજા સમરાઈનાં, તથા શ્રીમદનમોહનજી દયા ભવૈયાના માલીક થયા.

અ. નં.	વંશાવલી નંબર.	સંવત.	પેઢી.	બાલકનાં નામ. કયા ગૃહના. નિવાસ. મુખ્ય સેવ્યસ્વરૂપ. વહુજી. લાલજી. બેટીજી.

આષાઢ વદિ ૨ માં બાલક ૧. વસ્ત્ર પીરે, પિછોડા સોસની, પાઘ ખિડકીની પીરી, ચન્દ્રિકા મોટી સાદી, આભરન માનેકના, કર્ણ ફુલ ૪. શૃંગાર ભારી, સામગ્રી સેવના લાડુની.

૧	૩૪૯	૧૭૪૧	૮	શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી (૧૮૫) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીગિરિરાજ, સે. શ્રી બાલકૃષ્ણજી, રજો ક્ષત્રાણીના.

નં. ૧૩ ના શ્રીકાકાવલ્લભજી પે. ૬ વાલાના સાતમા લાલજી નં. ૧૮૫ વાલા શ્રીગોકુલનાથજી પે. ૭ વાલાનો વંશ.

આષાઢ વદિ ૩ માં બાલક ૧. વસ્ત્ર સોસનો પિછોરા, કુલ્હે ઉપર શૃંગાર કરવો. જેથી હીરા જેવી લાગે.

૧	૪૧૧	૧૮૨૮	૧૦	શ્રીગોકુલચંદજી, શ્રીવ્રજનાથજી (૪૧૦) ના લાલજી (ગૃ. શ્રીમથુરેશજી, નિ. શ્રીગોકુળ, સે. શ્રીનટવરજી. વ. ૧, લા. ૧ નં. ૪૧૨, બે. ૧.

આષાઢ વદિ ૪ માં બાલકો ૨. વસ્ત્ર અમરસી, શૃંગાર મુકુટ કાછનો, ઠાડે વસ્ત્ર સુપેત આભરન પન્ના ના.

૧	૮૧૧	૧૭૭૪	૭	શ્રીમદુસુદનજી, શ્રીવિઠ્ઠલનાથજી (૮૦૯) ના છઠ્ઠા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીકલ્યાણ-રાયજી. વ. ૧, લા. ૧-૮૯૪, બે. ×
૨	૧૯૦	૧૮૨૦	૧૦	શ્રીદામોદરજી, શ્રીદ્વારકેશજી (૧૮૮) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીત્રિભં-ગીરાયજી. વ. ૧, શ્રી શ્રીમહાલક્ષ્મિજી, લા. ૪, ૨૨૮ થી ૨૩૧, બે. ×

નં. ૧૩ ના શ્રીકાકાવલ્લભજી પે. ૬ વાલા ના, મોટાલાલજી નં. ૧૭૯ ના શ્રીગિરિધરજી પે. ૭ નો વંશ.

આષાઢ વદિ ૫ માં બાલકો ૨. વસ્ત્ર કસૂંમલ, શૃંગાર બેવડા મલ્લકાછનો, ઉપરનો મલ્લકાછ લાલ, નીચેનો સાદો, છોડ, કટિ સુધી, ફેંટા લાલ, તુર્રા પીરા, કતરા બેવડા, ચન્દ્રિકા ચમકની, આભરન પિરોજાના ઠાડે વસ્ત્ર સુપેત.

૧	૨૯૭	૧૮૫૨	૧૧	શ્રીરામકૃષ્ણજી, શ્રીદ્વારકાનાથજી (૨૮૮) ના ચોથા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. કોટા, સે. શ્રીછોટામથુરેશજી. વ. ૨, શ્રીમહારાણીજી તથા શ્રીકૃષ્ણાવતિજી. લા. ૩, ૩૧૨ થી ૩૧૪, બે. ૨, શ્રીશોભા તથા કમાળ જેની બેઠક કાઠીઆવાડમાં છે.

નં. ૩૨૦ શ્રીજીવણલાલજી પે. ૧૩ પોરબંદર વાલાના તાતજી.

૨ ૫૦૪ ૧૯૮૦ ૧૫ શ્રીદામોદરજી, શ્રીદ્વારકાકેશલાલજી (૫૦૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. કચ્છ-માંડવી, સે. શ્રીનટવરજી. વ. × લા. × બે. ×
નં. ૪૭૯ શ્રીવિઠ્ઠલેશજી પે. ૧૩ ચાંપાસેની વાલાના નાતી.

આષાઢ વદિ ૬ માં બાલક ૧. વસ્ત્ર હરે પિછોડા, પાઘ કસૂંબી ખિડકીની, ઠાડે વસ્ત્ર પીરે, આભરન હીરાના, કર્ણ ફુલ ૪. ચન્દ્રિકા, ચમકની લૂમ તુર્રા સુનેહરી.

૧ ૫૬૩ ૧૮૯૨ ૧૨ શ્રીમથુરાનાથજી, શ્રીવ્રજવલ્લભજી (૫૫૧) ના છઠ્ઠા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. જુનાગઢ, સે. શ્રીદામોદરજી ગોરજા સમરાઈનાં તથા શ્રીમદનમોહનજી દયા ભવૈયાના. વ. × લા. × બે. ×

આષાઢ વદિ ૭ માં બાલકો ૪. વસ્ત્ર લાલ પીરે લહરિયા, સૂથન, ફેંટા, ચન્દ્રિકા ચમકની, ઠાડે વસ્ત્ર શ્વેત, આભરન પાનાના, કુંડલ ધરે, શૃંગાર મધ્યનો.

૧ ૨૧ ૧૭૭૭ ૯ શ્રીબાલકૃષ્ણજી, શ્રીવિઠ્ઠલનાથજી (૧૫) ના ચોથા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી શ્રીતિલકાયતનો વંશ. નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીનાથજી, શ્રીનવનીત પ્રિયજી. વ. ૧, લા. ૨, ૩૭–૩૮. } જોડકાંથી.

૨ ૧૦૫ ૧૭૯૯ ૧૦ શ્રીવચ્છાજી, શ્રીચિમનલાલજી આરસી વાલા (૩૯) ના પાચમાં લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીગુસાંઈદાસના ઠાકોરજી. વ. × લા. × બે. ×

૩ ૧૯૪ ૧૮૩૧ ૧૧ શ્રીમોરલીધરજી, શ્રીગોવર્ધનલાલજી (૨૨૫) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. કોટા, સે. શ્રીત્રિભંગીરાયજી. વ. ૧, લા. × બે. ×
નં. ૧૩ ના શ્રીકાકાવલ્લભજી પે. ૬ વાલાનાં મોટા લાલજી નં. ૧૭૯ નાં શ્રીગિરિધરજી પે. ૭ નો વંશ.

૪ ૨૨૭ ૧૯૬૯ ૧૫ શ્રીવ્રજરત્નજી, શ્રીગોવર્ધનલાલજી (૨૨૫) ના લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. મુંબઈ, સે. શ્રી, શ્રીલાલજી અને શ્રીત્રિભંગીરાયજી. વ. × લા. × બે. ×

આષાઢ વદિ ૮ માં બાલકો ૨. વસ્ત્ર–કેસરી, પિછોડા ટિપારો. ચન્દ્રિકા ૩ સાદી, ઠાડે વસ્ત્ર હરે, આભરન માણેકના, સામગ્રી સક્કરપારા, તુરની દાલ.

૧ ૯૦ ૧૮૮૩ ૧૩ શ્રીયદુનાથજી, શ્રીવ્રજરત્નજી (૫૫) ના ત્રીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. સુરત, સે. શ્રીબાલકૃષ્ણજી, શ્રીદ્વારકાનાથજીની ગોદના. હાલ સુરતમાં બિરાજે છે તે, વ. ૨, શ્રીમાહારાણીજી તથા શ્રીવહુજી, લા. ૧–૯૭, બે. ૨, શ્રીયશોદા તથા શ્રીજમના.

અ. વંશાવલી
નં. નંબર. સંવત. પેઢી. બાલકનાં નામ. કયાગૃહના. નિવાસ. મુખ્ય સેવ્યસ્વરુપ. વહુજી. લાલજી. બેટીજી.

સંવત ૧૯૧૬ માં મથુરાપંથી ના કેસમાં, મહારાજા લાયબલકેસ વખતે મુંબઇ કોર્ટમાં પધારી, જીત્યા.
ને સ્વધર્મ વર્ધક ને શંસય છેદક નામનાં ૧૯ ચોપાનીયા. કાઢયા છે.
૨ ૯૧ ૧૮૮૬ ૧૩ શ્રીદામોદરલાલજી ઉપનામ } શ્રીવ્રજરત્નલાલજી (૫૫) ચોથા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. સુરત,
શ્રીદાણીરાયજી }
સે. શ્રીબાલકૃષ્ણજી શ્રીદ્વારકાનાથજી ગોદના. વ. × લા. × બે. ×

આષાઢ વદિ ૯ માં બાલકો ૨. વસ્ત્ર હવાસી, પિછોડા પાગ ગોલ, આભરન સોનાના, મોરશિખા, ઠાડે–વસ્ત્ર સુપેદ કર્ણફુલ ૪; શૃંગાર ચર્ણારવિંદ સુધી.

૧ ૩૮ ૧૭૬૨ ૯ શ્રીરઘુનાથજી, શ્રીગિરિધરજી (૧૬) ના પ્રથમ લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી તિલકાયત) નિ. શ્રીજીદ્વાર,
સે. શ્રીવિઠ્ઠલનાથજી. વ. ૧, લા. ૪, ૪૩ થી ૪૬. બે. ×
આ નં. ૧૬ વાળા શ્રીગિરધરજી પે. ૮ ના ને, નં. ૬૪૫ વાળા શ્રીહરિરાયજી એ પે. ૩ ના (શિક્ષાપત્ર
વાળાએ) ગોદ લીધા તેમનો વંશ છે. નં ૧૬ વાળા શ્રીગિરધરજી ના લા. ૫ નં. ૩૮ થી ૪૩.
૨ ૩૮૮ ૧૮૦૪ ૧૦ શ્રીઅનિરુદ્ધજી, ઉપનામ } શ્રીમથુરામલ્લજી (૩૭૯) ના ત્રીજા લા. (ગૃ. શ્રીમથુરેશજી) નિ. શ્રીકોટા,
શ્રીઆનાજી }
સે. શ્રીમથુરેશજી. વ. ૧, લા. ૧, ૩૯૫. બે. ×

આષાઢ વદિ ૧૦ માં બાલકો ૩. વસ્ત્ર ગુલાબી, ધોતી ઉપરના, આભરન શ્યામ, દુમાલો કતરા વામ ભાગનો, ચન્દ્રિકા ચમકની ઠાડે વસ્ત્ર પીરે.

૧ ૮૮૯ ૧૮૩૪ ૯ શ્રીગોવર્ધનેશજી, શ્રીમુરલીધરજી (૮૧૪) ના ત્રીજા લા. (ગૃ. શ્રીયદુનાથજી) નિ. કડી, ગુજરાત,
સે. શ્રીગોપાલલાલજી. વ. × લા. × બે. ×
૨ ૧૬૭ ૧૮૯૧ ૧૨ શ્રીવ્રજરત્નજી, શ્રીમથુરાનાથજી (૧૬૩) ના ત્રીજા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલનાથજી) નિ. નડીયાદ, સે. શ્રીબાલ-
-કૃષ્ણજી. વ. ૨, શ્રીવ્રજપ્રિયાજી તથા શ્રીમાહારાણીજી. લા. × બે. ×
૩ ૬૯ ૧૯૪૬ ૧૭ શ્રીવિઠ્ઠલેશજી, શ્રીગોવર્ધનલાલજી (૬૭) ના પ્રથમ લા. (ગૃ. નવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર,
સે. શ્રીનાથજી શ્રીનવનીત પ્રિયજી વ. × લા. × બે. ×

આષાઢ વદિ ૧૧ માં બાલકો ૫. બની શકે તો અવશ્ય ફુલનો હિંડોરાનો મનોરથ કરવો. વસ્ત્ર પંચરંગી લહરિયાનો, શૃંગાર મુકુટ કાછની. મનોરથ હોય તે દિવસ. પાંચ હિંડારા ગવાય. ને. ૪ થા હિંડારા પછે આરતી, રાઇલોન–નોછાવર કરવી. હિંડોરો તૈયાર ન થયો હોય ને વાર હોય તો શૃંગાર સુધ્ધાં શયન ભોગ ધરિ શયન આરતી પછે હિંડારા ઝૂલેઃ સામગ્રીનો ખાસ પ્રકાર વલ્લભ પુષ્ટિ પ્રકાશમાં પાને ૧૯૦ માં જોવો.

૧ ૭૬૦ ૧૬૬૦ ૫ શ્રીરઘુનાથજી, શ્રીદેવકીનંદનજી (૭૫૫) ના પ્રથમ લા. (ગૃ. શ્રીચન્દ્રમાજી) નિ. શ્રીગોકુલ, સે. શ્રીગોકુલ-ચન્દ્રમાજી. વ. ૧, લા. ૧, ૭૬૩, ઐ. ×

૨ ૧૮૦ ૧૭૩૧ ૭ શ્રીમુરલીધરજી, શ્રીકાકાવલ્લભજી (૧૩) ના બીજા લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીબાલકૃષ્ણજી મુસાબીબીવારી ડોકરીના, હાલમાં બેટમાં બિરાજે છે. વ. ૧, લા. ૩, ૨૭૩ થી ૨૭૫, ઐ. ×

૩ ૧૭૨ ૧૭૭૫ ૮ શ્રીમથુરાનાથજી, શ્રીમોહનજી (૧૭૧) ના પ્રથમ લા. (ગૃ. શ્રીનવનીત પ્રિયજી, શ્રીતિલકાયતનો વંશ.) નિ. શ્રીજીદ્વાર, સે. શ્રીનવનીત પ્રિયજી તથા શ્રીનાથજી. વ. × લા. × ઐ. ×

૪ ૫૯ ૧૮૫૨ ૧૨ શ્રીવ્રજાભરણજી, શ્રીગોકુલોત્સવજી (૪૯) ના ચોથા લા. (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. સુરત, સે. શ્રીબાલ-કૃષ્ણજી. વ. × લા. × ઐ. ×

૫ ૯૨૪ ૧૯૯૧ ૧૬ શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોવિંદરાયજી (૯૯) ના પ્રથમ લાલજી (ગૃ. શ્રીવિઠ્ઠલેશજી) નિ. સુરત, સે. શ્રીબાલકૃષ્ણજી. વ. × લા. × ઐ. ×

આષાઢ વદિ ૧૨ માં બાલક ૧. વસ્ત્ર સોસની, કાછની ગોલ, આભરન મોતીના શૃંગાર ઘુટન સુધીનાં ડાડે વસ્ત્ર, લાલ કલંગી ૨, જમાવની; ચન્દ્રિકા ચમકની સામગ્રી સેવના લાડુ.

